ISSN 0976 - 9809 V-Vidyanagar

વર્ષ : ૧૬ અંક : ૨ ફેબ્રુઆરી ૨૦૧૪ સળંગ અંક : ૫૦૮

# વિ-વિદ્યાનગર



कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYAMANDAL**
**VALLABH VIDYANAGAR**



ચારુતર વિદ્યામંડળઆયોજિત પૂ. ભાઈકાકા સ્મૃતિ વ્યાખ્યાનમાળાનું ૪૧મું વ્યાખ્યાન આપવા ગુજરાત સરાકરના મુખ્ય સચિવ રહેલા શ્રી પ્રવીણ ક. લહેરી વલ્લભ વિદ્યાનગર પધાર્યા હતા. સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા સમારંભમાં મંચસ્થ મહાનુભાવોમાં ડૉ. પટેલ અને શ્રી લહેરી ઉપરાંત ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ પટેલ અને સીવીએમના માનદ મંત્રી પ્રિ. શનુભાઈ પટેલ હતા.



સીવીએમસંચાલિત વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કૉલેજ દ્વારા આયોજિત અને નૅક પ્રાયોજિત રાષ્ટ્રીય પરિસંવાદમાં મુખ્ય અતિથિ તરીકે બેંગલુરુથી પધારેલા નૅકના સહાયક સલાહકાર ડૉ. ગણેશ હેગડેએ સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.




# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

ફેબ્રુઆરી ૨૦૧૪

વર્ષ : ૧૬ અંક : ૨

(સળંગ અંક ૫૦૮)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**



**તંત્રી**

રાજેન્દ્રસિંહ જાડેજા ● હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ.ત્રિવેદી ● જયન્ત ઓઝા

ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી ● ઉર્વીશ છાયા

**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

●

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

**कर्मण्येवाऽधिकारस्ते**

**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ ● શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ ● શ્રી એમ.જે. પટેલ

પ્રિ. આર.સી. દેસાઈ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**● અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- ● રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- ● વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**● વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- ● આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ફેબ્રુઆરી ૨૦૧૪

વર્ષ : ૧૬ અંક : ૨

(સળંગ અંક ૫૦૮)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


**असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।**
**अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥**

**મન ચંચળ તો, સાચે, રોકવું કપરું અતિ,**
**તોયે અભ્યાસ-વૈરાગ્યે તેને ઝાલવું શક્ય છે.**

શ્રીમદ્ ભગવદ્ગીતા : ૬:૩૫

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ મતનું રાજકારણ અને પ્રલોભનો ★ ડૉ.સી.એલ.પટેલ

॥ પ્રાથમ્ય ॥ સરદારને અભિપ્રેત સ્વરાજ ★ હરિ દેસાઈ / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥

★ રવીન્દ્રનાથ ટાગોર, નર્મદ, ન્હાનાલાલ / 2

॥ ગદ્ય વિભાગ ॥ વસંત પંચમી ★ રાજેશ ડાભી / 3

॥ નવાં કાવ્યો ॥ અરવિંદ ટાંક, રિષભ મહેતા, એસ.એસ. રાહી, નરેશ સોલંકી / 5

॥ વ્યાખ્યાન ॥ મારી સંશોધન યાત્રા ★ જોરાવરસિંહ જાદવ / 6

॥ Key-note ॥ History Museum: Relevance, Establishment & Managemen

★ Ratan Parimoo / 10

॥ विमर्श ॥ शिक्षित युवा एवं प्रतियोगी परीक्षाएँ ★ शिवप्रसाद शुक्ल / 15

॥ અહેવાલ ॥ ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૭મું અધિવેશન

★ ગિરીશ ચૌધરી / 17

॥ સંશોધન ॥ સંદર્ભસૂચિ તથા પાદનોંધો માટેની પદ્ધતિ ★ બી.એન. ગાંધી / 20

॥ સંશોધન ॥ મણિબહેન અને સામાન્ય ચૂંટણીઓ ★ ડી.એચ. મોદી / 23

॥ સુવાચક ॥ અંગ્રેજી કવિતાનો ગુજરાતી અવતાર ★ જ્યોતીન્ પટેલ / 29

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ માર્સ ઓર્બીટર મિશન (MOM) ★ જલશ્રી એચ. દેસાઈ / 30

॥ આરોગ્ય ॥ શિશુસંભાળ અને તેનું વિજ્ઞાન ★ સાગર ભીડે, એ.આર.વી. મૂર્તિ / 33

॥ રમન્તે તત્ર દેવતા ॥ વારસાથી વંચિત ★ પારુલટીના દોશી / 34

॥ વિદ્યાવૃત્ત ॥ / 35


<u>**આ માસની વિચારકણિકા**</u>

**બીજાને આશરે રહેવામાં કંગાલિયત છે.**

• સરદાર પટેલ

# મતનું રાજકારણ અને પ્રલોભનો

*આજકાલ આખા દેશમાં મતનું રાજકારણ ચાલી રહ્યું છે. કોઈપણ વિસ્તાર, કોમ કે ધર્મના લોકો તરફથી કેમ કરીને વધુમાં વધુ મત પ્રાપ્ત થાય તે દરેક રાજકીય પક્ષના ચૂંટણીઢંઢેરાનો એક ભાગ થઈ ગયો છે. દેશના બંધારણમાં દરેક નાગરિકને સરખો હક પ્રાપ્ત થતો હોય છતાં પણ કોઈપણ એક કોમ કે ધર્મના લોકોને મતની પ્રાપ્તિ માટે સમયની મર્યાદા નક્કી કર્યા સિવાય કોઈ વિશેષ લાભ કરી આપવાનું નક્કી થાય એવું કોઈ વાજબીપણું દેખાતું નથી. કોઈપણ નાગરિક ક્યાં જન્મ લે એ તો ભગવાનની દેન પર આધાર છે. કોઈ વ્યક્તિ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યને ત્યાં જન્મ પ્રાપ્ત કરે તો આવા વિશિષ્ટ લાભોથી તે વંચિત રહે એ એકવીસમી સદીમાં યોગ્ય ન લેખાય. હા, એ વાત ચોક્કસ છે કે ભારતમાં અમુક કોમના લોકો પોતાની પ્રગતિ અને વિકાસ માટે લાભો મેળવવાથી વંચિત રહેતા હતા. આવા લોકો માટે કોઈ અલાયદી ફાળવણી થાય તેમાં વિરોધ ના હોઈ શકે. છતાંપણ આઝાદીનાં આટલાં વર્ષો વીત્યાં પછી આવી સુવિધા ચાલુ રહે તેના કરતાં અમુક સમયમર્યાદામાં આવી સુવિધાઓ ધીમે ધીમે ઓછી થતી જાય તે સારીય યુવાપેઢી માટે જરૂરી છે. હું કોઈ અનામત વર્ગનો વિરોધી નથી, પરંતુ આવા જે લાભો સરકારશ્રી તરફથી આપવામાં આવે તેના માટે જે તે સમાજમાં યોગ્ય દોરવણી આપવી જરૂરી છે. જે કોઈ કુટુંબે આવો લાભ લીધો હોય તેવા જ કુટુંબના વારસદારો આ લાભ મેળવવા હકદાર રહે તે યોગ્ય નથી; છતાં પણ આર્થિકસ્થિતિ નબળી હોય તો આ લાભથી તેમને વંચિત ના રખાય એવું મારું માનવું છે. ચૂંટણી નજીક હોય ત્યારે કોઈ જાતિ કે કોમ વિશેષને અનામતના લાભ આપવાની હિલચાલો સારા સંકેત આપતી નથી.*

*મુંબઈ હાઈકોર્ટના ન્યાયાધીશ રહેલા અને ડૉ. બાબાસાહેબ આંબેડકરસંસ્થાપિત શિક્ષણસંસ્થા પીપલ્સ એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ તથા મંડળ પંચના સભ્ય અને સાંસદ રહેલા ન્યાયમૂર્તિ આર. આર. ભોળે દલિત પરિવારમાંથી બાબાસાહેબની જેમ જ આપબળે આગળ આવ્યા હતા. તેમનું માનવું હતું કે દલિત કે અન્ય પછાત પરિવારોએ બે પઢી સુધી જ અનામતનો લાભ સીમિત કરવા જોઈએ. એમની ભાવના દલિતો અને બીજાં પછાત પરિવારોના લોકો સુધી અનામતનો લાભ પહોંચે અને તેઓ મુખ્યધારામાં આવે તેવી હતી.*

*જે કુટુંબે એક કે બે વખત અનામતનો લાભ લીધો હોય તેમણે બીજા આવી જ જાતિના લોકોને જાગૃત કરવા જોઈએ અને જેમની સ્થિતિ સારી હોય તેમણે આવા લાભો લેવાનું ટાળવું જોઈએ. હમણાં હમણાં તો જે માહિતી પ્રાપ્ત થાય તે મુજબ અનુસૂચિત જનજાતિ(એસટી)માંથી  જેમના દાક્તરી અભ્યાસક્રમ કે અન્ય ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મળ્યો હોય તેઓ જે પ્રદેશમાંથી આવતા હોય તે વિસ્તારમાં તેમણે સ્વેચ્છાએ સેવા કરવાની તૈયારી દાખવવી જોઈએ, તેને બદલે તેઓ પોતાના વિસ્તારમાં સેવા કરવામાં આનાકાની કરતા હોય તેવું જાણવા મળે છે. ગ્રામીણ ક્ષેત્રમાં સેવા કરવા ઉત્સુક એવા બીજી કોમોના આર્થિક રીતે નબળા સમાજના લોકોને અનામતના લાભ મળે તો તે પણ મુખ્યધારામાં આવી શકે.*

*કોઈપણ રાજકીય પક્ષ પોતાના ચૂંટણીઢંઢેરામાં કોઈપણ પ્રલોભનો આપે જેવાં કે મફત પાણી, રાહતદરે વીજળી કે રાહતદરે ચોખા અને ઘઉં આપવાનું જાહેર કરે તે યોગ્ય છે. પરંતુ કોઈને આવો લાભ બીજા પક્ષે બોજારૂપ બનીને અપાય તેનું વાજબીપણું નથી. સસ્તી વીજળી આપવા માટે સસ્તી વીજળી પેદા કરવી પડે અને તેનું સુપેરે આયોજન કરવું પડે. એ પછી જ વીજળીદરમાં કેટલો ઘટાડો શક્ય છે તેનું મૂલ્યાંકન કરીને જ આ લાભ આપી શકાય. તેવી જ રીતે વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ કરી તે પાણી જનસમુદાયને કઈ રીતે સસ્તા દરથી અથવા ઓછા દરે આપવાનું શક્ય બને એના*

આયોજન પછી જ આવા પ્રલોભનો આપી શકાય. એ જ રીતે અનાજમાં ખૂબ ઓછા દરે ચોખા અને ઘઉંની પ્રાપ્તિ માટે પણ સરકારે ખેડૂતને ત્યાં જે અનાજ પેદા થાય તેની એકર દીઠ વધુમાં વધુ પેદાશ થાય અને ખેડૂતને તેના પોષણક્ષમ ભાવો મળે તે રીતે આયોજન કરીને તેની ખરીદીમાં કેટલી રાહત આપી શકાય તેનું મૂલ્યાંકન કરવું જરૂરી છે.

ગાંધીજીએ આઝાદીની ચળવળ બાદ મનોમંથન કરતાં વિચાર્યું હતું કે જો મારું ચાલે તો હું સદાવ્રતો બંધ કરાવી દઉં. એનો અર્થ એવો કે કોઈને કામ આપ્યા સિવાય આવું રાહત દરે અનાજનું વિતરણ કરવું તે પ્રજાને ભિખારીપણા ભણી પ્રેરતું પ્રોત્સાહક વલણ ગણાશે. આ દેશમાં આપણે બિનસાંપ્રદાયિક દેશ તરીકે જ્યારે કાર્યરત હોઈએ એનો અર્થ એવો નથી કે કોઈપણ ધર્મ અથવા સંપ્રદાય પોતાની રીતે ફૂલે ફાલે નહીં. આ દેશના દરેક નાગરિકને કોઈપણ ધર્મ કે સંપ્રદાયમાં પોતાની ઈચ્છા મુજબ જીવવાનો અધિકાર છે. એટલા જ માટે કોઈપણ સરકાર તેનું વલણ કોઈ એક સંપ્રદાયના મત મેળવવા માટે ઢળતા રહેવાનું પક્ષપાતી વલણ અપનાવે તે ઉચિત નથી જ. આથી જ સરકારે ધર્મના ભેદભાવ ના થાય તે માટે સહિષ્ણુતા દાખવવી જોઈએ.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ 'મારા સ્વપ્નનું ભારત'માં નોંધ્યું છેઃ

"સરકારી ખાતાની નોકરીઓની બાબતમાં તો હું માનું છું કે કોમી પક્ષપાતની ભાવનાને એ પ્રદેશમાં પણ જો આપણે દાખલ થવા દઈશું તો આપણા સુતંત્રમાં એ કેવળ ઘાતક નીવડશે. જો રાજતંત્રને કાર્યદક્ષ રાખવું હોય તો સૌથી કાબેલ લોકોને જ એમાં રોકવા પડશે. અલબત્ત, એમાં પક્ષાપક્ષી અને વગવસીલા ન ચાલવા જોઈએ, એટલે કે જો આપણે ઈજનેરો જોઈતા હોય તો દરેક કોમમાંથી એક એક લેવાનું ધોરણ રાખ્યું નહીં પાલવે અને સૌથી વધારેમાં વધારે લાયકાતવાળા પાંચ જણને જ તે જગાઓ આપવી પડશે, પછી તે પાંચે ભલે પારસી કે મુસલમાન કોમના હોય. સૌથી નીચલા દરજ્જાની જગાઓ જરૂર જણાય તો, જુદી જુદી કોમોના બનેલા એક તટસ્થ મંડળની દેખરેખ નીચે એક પરીક્ષા લઈને તેમાંથી નીકળનારાઓ વડે ભરવામાં આવે.

પણ આ નોકરીની જગાઓની વહેંચણી દરેક કોમની સંખ્યાના પ્રમાણમાં ન જ થવી જોઈએ. પ્રજાકીય તંત્ર હેઠળ શિક્ષણમાં પછાત રહેલી કોમોને કેળવણી જેવી બાબતમાં અવશ્ય ખાસ લાભો મળે. આ સહેજે બની શકે એવી વાત છે. પણ સરકારમાં મહત્ત્વની જગાઓ રોકવાની મહત્ત્વાકાંક્ષા જેમને છે તેમના પર તો આવશ્યક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ફરજ હોવી જ જોઈએ."

(નવજીવન ૧.૬.'૨૪)

શિક્ષણને લાગેવળગે છે ત્યાં સુધી સરકારે અનામત શ્રેણીને વધુમાં વધુ લાભ આપવો હોય તો તેની અલાયદી વ્યવસ્થા એવી રીતે કરવી જોઈએ કે કોમ અને જાતિના વિદ્યાર્થીઓ લાયકાત હોય છતાં આવા લાભોથી વંચિત ના રહે તે જોવું ઘટે. આ બાબત જરૂરી ચર્ચાવિચારણા કરીને ઉચિત નિર્ણય થાય તે જરૂરી છે. કારણ કે આવું ના બને તો શરૂઆતથી યુવાનોમાં એકબીજાની માટેના ભાવને બદલે વિરોધાભાસ ઊભો થાય. કાયદાકાનૂન અને નિયમો ઘડનાર સત્તાધારી લોકોએ હવે એ વિચારવાની જરૂર છે કે યુવાનોમાં આવી કોઈ તિરાડ ઊભી ના થાય અને બધા જ યુવાનો રાષ્ટ્રપ્રેમી બને અને એકબીજા સાથે ભાઈચારો કેળવી પોતાનો વિકાસ કરે અને સમાજ તથા દેશના વિકાસમાંય યોગદાન આપે તે આજની માંગ છે તેવું મારું માનવું છે.

( ૬ જાન્યુઆરી ૨૦૧૪)

સી.એલ.પટેલ

## સરદારને અભિપ્રેત સ્વરાજ

દેશમાં આજે સર્વસ્વીકૃત રાજનેતા તરીકે સરદાર વલ્લભભાઈ પટેલનું નામ અગ્રક્રમે હોય ત્યારે સર્વપક્ષી રાજનેતાઓએ ચૂંટણીસભાઓ ગજવતાં જ નહીં, વ્યવહારમાં પણ સરદારની વિચારસૃષ્ટિને અપનાવવાની જરૂર ખરી. આગામી મે મહિનામાં લોકસભાની ચૂંટણી આવી રહી છે અને સમાજકારણ, અર્થકારણ તેમજ દેશકારણમાં રાજકીય પક્ષો અને રાજનેતાઓ જ વ્યાપક અસર સર્જી રહ્યા છે ત્યારે સરદાર પટેલ આજે હયાત હોય તો શું વિચારે અથવા પ્રબોધે એ વાત આપણે સૌએ ગૂંજે બાંધવાની જરૂર છે. સરદાર સાહેબે ૭૦ કે ૭૫ વર્ષ પહેલાં શું કર્યું કે કહ્યું એ શબ્દોને જડપણે વળગી રહેવાથી તો ગાંધીજી વિશે આપણે સર્જેલા અનર્થોની જ પુનરાવૃત્તિ થશે. ગાંધીજીના જે તે સમય અને સંજોગોને અનુરૂપ શબ્દો કે નિર્ણયોને આજે મૂલવતાં તેમાં જડતા ટકાવવાથી તો મહાઅનર્થ સર્જાશે. ગાંધીજીને એમનાં અવતરણોમાં કે રેંટિયામાં જ સીમિત ગણનારાઓ રાષ્ટ્રપિતાના પ્રત્યેક ક્ષણે કે સમયે જીવંત અને પ્રગતિશીલ વિચારોના ફૂટતા અંકુરોની કબરને ફૂલ ચડાવતા જ લાગે. ગાંધીજી તો મૃત્યુ પછી ય આપણને પોતાનો સંદેશ આપવા સતત જીવંત વ્યક્તિત્વ તરીકે તગવા તત્પર હતા. સરદાર પટેલનું પણ એવું જ લેખાશે. સરદારનાં પુનર્મૂલ્યાંકનો કે પુનર્વિશ્લેષણો કરવા જતાં મોકળાશ અનુભવવાની અને એમના લોકશાહીને પુરસ્કર્તા વિચારોને પોષવાની આજે સૌથી વધુ જરૂર વર્તાય છે.

સરદાર પટેલ આપણી વચ્ચે સતત જીવંત અનુભવાય છે ત્યારે વર્તમાન રાજનેતાઓ એમનાં જે સ્વરૂપો પેશ કરે છે એમાં સત્યના કેટલા અંશ છે એનો વિચાર સમગ્ર દેશે અને ખાસ કરીને યુવાપેઢીએ કરવાની જરૂર છે. સરદાર પટેલને અવગણવાની કે વિસારે પાડવાની આજે કોઈની હિંમત નથી. એમને વટાવવા માટે સમગ્ર દેશમાં રીતસર હોડ મચી હોય ત્યારે એમના વ્યક્તિત્વને પીછાણવા માટે સરદાર પટેલનાં તટસ્થ જીવનચરિત્રો કે પછી એમનાં ભાષણોનાં પ્રક્ષેપકો વિનાનાં સંકલનોને જ સીધાં વાંચવાની જરૂર છે. સરદારને સમજવા માટે એમના જીવન અને આચરણને જ સમજી લેવાનું પૂરતું છે. કોંગ્રેસ પક્ષ માટે લાખોનાં ડોનેશન ઉઘરાવનાર સરદારના વ્યક્તિગત બેંક ખાતામાં મૃત્યુ સમયે જમારાશિ માંડ ૨૬૨ રૂપિયા હોય કે બે જોડી કપડાં અને એક દાંડીવાળાં ચશ્માંથી આ મહાન રાષ્ટ્રનો મહાનાયક જીવતો હોય, ૫૬૨ રજવાડાંના રાજવીઓને ભારતમાં સામેલ થવા સમજાવતો હોય ત્યારે એની સાદગી અને સરળ જીવન કયા વર્તમાન રાજનેતાઓ અનુસરે છે એનું ચિંતન પણ કરી લેવાની જરૂર ખરી. યુવાપેઢીએ સરદાર પટેલના વ્યક્તિત્વને સમજવા, જીવનમાં ઉતારવા માટે એમનાં મૂળ પ્રવચનો, પત્રો અને દસ્તાવેજોનાં સંશોધન પર ભાર મૂકવાની જ જરૂર છે. સરદાર પટેલને ભાગ્યે જ કોઈ આડતિયા ખપતા હતા, એ સમગ્ર જીવન દરમિયાન સીધો જ મિત્રો અને દુશ્મનો સાથે વ્યવહાર કરતા હતા. અંગતસ્વાર્થ એમાં શૂન્ય હતો.

આવા રાષ્ટ્રનાયક સરદાર પટેલને અભિપ્રેત સ્વરાજની ઈમારતની ચાર દીવાલો વિશે ૩૦ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ ગૂજરાત વિદ્યાપીઠમાં કોંગ્રેસ કાર્યકર્તાઓ સમક્ષ આપેલા ભાષણના અંશોનો અહીં ઉલ્લેખ કરવાની લાલચ ખાળી શકાતી નથી. સરદાર પોતાની વાત કહેવામાં કાયમ પોતાના ગુરુ પ્રત્યેનો સમર્પણભાવ રજૂ કરે છે. અને એમના ગુરુ મહાત્મા ગાંધી પણ 'મને સરદાર ના મળ્યા હોત તો મારાથી ભાગ્યે જ કાંઈ થાત' એવી નિખાલસભાવે સ્વીકૃતિ આપે છે. એ વેળા પોતાનાથી માંડ છ વર્ષ મોટા ગાંધીજી ૭૦ વર્ષની વયે પણ પૂર્વ બંગાળનાં ગામડાંમાં એકલા ફરી રહ્યાનું અને હિંમત હારી ગયેલાં માણસોને હિંમત આપતા હોવાનું સરદાર જરૂર ઉલ્લેખે છે. એમની વાતમાં હિંદુ-મુસ્લિમ એકતા કેન્દ્રસ્થાને છે.

સ્વરાજની ઈમારતની જે ચાર દીવાલો સરદારને અને ગાંધીજીને અભિપ્રેત હતી એમાં (૧) રાષ્ટ્રીય કેળવણી (૨) હિંદુ-મુસ્લિમ એકતા (૩) સ્વદેશી એટલે કે ખાદી અને (૪) અસ્પૃશ્યતા નિવારણની છે.

'કોંગ્રેસના માણસોએ સાચો સેવાધર્મ શીખવાનો છે. આપણે આપણું ઘર બરાબર સંભાળીએ તો સ્વરાજ આપણા હાથમાં છે. અંગ્રેજો જવાના છે, એમાં કોઈ શક નથી. ચર્ચિલ જેવા હજી હકૂમતનાં સ્વપ્નાં સેવે છે અને બાપદાદાએ કબજે કરેલી દૂઝણી ગાય છોડવા નથી માગતા અને તેથી એ મુસલમાનોને, હરિજનોને ઉશ્કેરે છે. પરંતુ, આ વાત હવે લાંબી ચાલવાની નથી.' સરદાર પટેલના ૧૯૪૬ના એ શબ્દો આજેય વર્તમાન ભારતના લોકોને ઘણો મોટો સંદેશ આપે છે. એનો ઈલાજ: 'અભિમન્યુના કોઠા વીંધવા ગાંધીજીએ પ્રબોધેલી અહિંસા છે.

(૧૮ જાન્યુઆરી ૨૦૧૪) • હરિ દેસાઈ

## વસંત

કેટલાંયે વહાલ થકી આલેખે,
ધૂળ પર પોતીકાં ગીતને વસંત;
વેશમહીં નવા નવા એથી તો
હસી ઊઠે ધરતીની ધૂળનો ઉમંગ!
કાળજડે કોડ કેવા કાળે કે
છલકે છે આપમેળે રૂપાળી ડાળ;
લાગ્યો છે એવો ને એવો પરશ,
મારા અંતરમાં ઊંડે રસાળ.
મ્હોરી ઊઠે છે મારો આખો અવતાર,
એવી અમરતની વાણી અનંત,
કેટલાંય વ્હાલ થકી આલેખે,
ધૂળ પર પોતીકાં ગીતને વસંત,
વારવાર આનંદે પુલકે છે અંગ,
કોની જાગે છે પ્રાણ મહીં માયા?
વણ ગાયાં ગીત આજ ઊમટે છે,
કંઠમાં, કોણે પીયૂષ એવાં પાયાં?
કોમળ કૈં કળીકળી ફૂટે છે ગીતની
ને વેરે છે વનમાં સુગંધ!
કેટલાંયે વહાલ થકી આલેખે,
ધૂળ પર પોતીકાં ગીતને વસંત.

● રવીન્દ્રનાથ ટાગોર

●

## વસંતનો બહાર

આવો સખી ગીતડાં ગાઈએ,
રુતનો રસ લઈએ ...ટેક
ખીલ્યો આ બહાર વસંતઋતુનો,
બાગમાં ફૂલડાં શોભે,
હાં રે જુઓ બાગમાં.
રંગ પરાગ ઊડી આંખે વળગે,
કો ન જુએ ઊઠી લોભે? ...આવો
સાંજ સમે પંખીડાં ગાયે,
કુંજ મનોહર લાગે;
હાં રે સુણો કુંજ.
વાદળની શોભા સહુ જોતાં,
બહુ પ્રેમ આનંદ જાગે ...આવો
નર્મદ નારી પિયુ અને પ્યારી,
રંગ રમે સુખદાયી;
હો રે બહેની રંગ.
પાડ પ્રભુનો માનીએ બહેનો,
કે આજ નથી જ જુદાઈ ...આવો.

● નર્મદ

●

## વસંત ખીલે શત પાંખડી

આ વસંત ખીલે શતપાંખડી, હરિ આવો ને;
આ સૃષ્ટિએ ધરિયા સોહાગ. હવે તો હરિ! આવો ને.
આ વિશ્વ વદે છે વધામણી, હરિ આવો ને;
આવી વાંચો અમારાં સૌ ભાગ્ય; હવે તો હરિ! આવો ને.
આ ચંદરવો કરે ચંદની, હરિ! આવો ને;
વેર્યા તારલિયાંના ફૂલ, હવે તો હરિ! આવો ને;
પ્રભુ પાથરણા દઈશ પ્રેમનાં, હરિ! આવો ને;
દિલવારી કરીશ સહુ ડૂલ, હવે તો હરિ! આવો ને;
આ જળમાં ઊઘડે પોયણાં, હરિ, આવો ને;
એવા ઊઘડે હૈયાના ભાવ, હવે તો હરિ! આવો ને,
આ માથે મયંકનો મણિ તપે, હરિ! આવો ને,
એવા આવો, જીવનમણિ માવ, હવે તો હરિ! આવો ને;
આ ચંદની ભરી છે તળાવડી, હરિ! આવો ને,
ફૂલડિયે બાંધી પાજ; વહે તો હરિ! આવો ને.
આ આસો પાલવને છાંયડે, હરિ, આવો ને;
મન મહેરામણ મહારાજ! હવે તો હરિ! આવો ને.
મ્હોરી સૂની આયુષ્યની શેરીઓ, હરિ! આવો ને;
મ્હારે સૂની સૌ જીવનની વાટ! હવે તો હરિ! આવો ને.
મ્હારા કાળજ કેરી કુંજમાં, હરિ! આવો ને;
મ્હારા આતમ સરોવર ઘાટ, હવે તો હરિ આવો ને.

● ન્હાનાલાલ

# વસંત પંચમી

વસંત પંચમીનો તહેવાર ગુજરાતી મહા મહિનામાં આવે છે. ઋતુઓની રાણી એટલે વર્ષારાણી, તો વસંતને ઋતુઓ રાજા કહેવામાં આવે છે. આ દિવસથી નવી ઋતુ શરૂ થાય છે. આ ઋતુથી વાતાવરણ બદલાય છે. હજી આછી આછી ઠંડી લાગતી હોય છે તેવા સમયે ફાગણનું આગમન થાય છે. અહીંયા ઠંડી અને ગરમીની સંધિ થાય છે. વસંત પંચમી એટલે મહા માસની સુદ પાંચમે આવતો આ તહેવાર.

કોઈ કવિ કહે છે કે, 'ફાગણ ફોરમતો આવ્યો રે...' આમ જીવનનો ઉલ્લાસ તો આવતો જ રહે છે. ફાગણ મહિનો ઉમંગને લઈને આવે છે. વસંતનું આગમન થતાંવેંત જ કોયલ રાણીએ તેનો સાદ પાડ્યો જ છે. વર્ષાની વધામણી જેમ મોર ટહુકાથી તેમ આંબાવાડિયામાં વસંતના દર્શન થાય છે. વસંત તો માણસનું મંગલ કાવ્યગાન છે.

વસંતનું આગમન કે પ્રવેશદ્વાર તો છે વસંત પંચમીનો ઉત્સવ. શ્રી હીમા યાજ્ઞિક પોતાના લેખમાં લખે છે કે, 'આ દિવસનું મહત્ત્વ સહજાનંદ સ્વામીના પવિત્ર કર્મને લીધે ખૂબ વધી ગયું છે. સહજાનંદ સ્વામીએ આ દિવસે 'શિક્ષાપત્રી' રચી હતી. આ સ્વામીએ વસંતઋતુના પ્રથમ દિને જ માણસના હાથમાં શિક્ષાપત્રી મૂકી. ઘણા લોકો એમ કહે છે કે પહેલાંના સમયમાં હલકી ગણાતી કોમમાં વહેમ, અજ્ઞાન, અંધશ્રદ્ધા, વ્યસનો જેવા કે દારૂ, વરલી, મટકા-જુગાર, ચોરી, લૂંટફાટ જેવા સામાજિક દૂષણોથી સમાજનું વાતાવરણ ખૂબ કલુષિત થયેલું. સમાજમાં વર્ણપ્રથા અમલમાં હતી ત્યારે સહજાનંદ સ્વામીએ સૌની સમક્ષ શિક્ષાપત્રી ધરી. એમાં લખ્યું છે કે જીવનમાં વસંત ખીલવી જ જોઈએ. જીવનમાં આનંદ, ઉમંગ અને ઉલ્લાસ હોવો જોઈએ. દરેકનું જીવન સ્વતંત્ર હોય છે, પરંતુ જીવન ઉલ્લાસમાં સ્વચ્છંદી ના બની જવું જોઈએ. જીવનમાં વિશ્રામ હોવો જોઈએ, પરંતુ પ્રમાદ નહીં. વૈભવ હોય પરંતુ વિલાસ ન જોઈએ. યુવાનીમાં થનગનતા હૃદયમાં લક્ષ્મરેખા દોરવી જોઈએ.'

શિક્ષા એટલે શિક્ષણ, જીવનનું ખરું શિક્ષણ એટલે પત્ર. — સહજાનંદ સ્વામીએ એમાં માણસના આનંદને સહજ ગણાવ્યો છે. આનંદ તો હૃદયની સ્વયં સ્ફુરણા છે, એમાં બનાવટ ના ચાલે. આનંદ તો સ્વાભાવિક થવો કે આવવો જોઈએ. કૃત્રિમ રીતે પ્રગટાવેલો આનંદ તો તરત પકડાય જાય છે. આનંદ તો સહજ રીતે વસંત જેવો હળવા ફૂલ જેવો સરળ રીતે પ્રગટાવવો જોઈએ. ડૉ. ચંદ્રકાંત જોષી કહે છે કે, 'વસંત પંચમી તો પ્રકૃતિના સૌંદર્યની છડીદાર છે. ઋતુરાજ વસંતની પધરામણીનો તહેવાર તે વસંતપંચમી. તેનું સર્જન શાસ્ત્રો અને ધર્માચાર્યોએ કર્યું નથી, પણ કવિઓ, ગાયકો અને રસિકોએ કર્યું છે. શિશિરની સખત ઠંડી પછી ફેલાતી વસંતની ખુશનુમા હવામાં વૃક્ષો તથા સમગ્ર વનરાજીને નવાં પાંદડાં ધારણ કરતાં જોઈને કોને આનંદ ન થાય? દરેકના હૈયામાં આનંદનો ધબકાર થાય, એ ભાવના આવિષ્કાર એટલે વસંતપંચમીનો ઉત્સવ. આ કુદરતનાં તહેવાર છે. વૃક્ષોને નવી નવી કૂંપળો ફૂટવા માંડે છે. આંબા પર મોર-મંજરીઓ બેસે છે, કૂંપળો પણ ફૂટે છે.'

'આ તહેવારથી તો વસંતનું ઉદ્ઘાટન થાય છે. આસપાસ રંગબેરંગી પતંગિયાંની ઉડાઉડથી સમગ્ર ધરતીનું રૂપ બદલાય જાય છે. આ રંગીન પતંગિયાંને પકડવાં નાના-નિર્દોષ બાળકો આમતેમ દોડે છે ત્યારે તેમને વસંતના રૂપની ખબર હોતી નથી. શ્રી ચંદ્રકાંત જોષી લખે છેઃ 'આંબાવાડિયામાં કોયલ મધુર ટહુકા કરે છે. આમ્રમંજરી, સુગંધ, શુભ્ર રંગોની વિવિધતા અને મંદ ગતિએ વહેતાં ઝરણાં, નદીઓનું સૌંદર્ય એક નોખું-અનોખું વાતાવરણ રચે છે. ધરતીમાતા અમૃતસમા મધુર ફળોની લ્હાણી કરાવે છે. આ તહેવાર વિવિધ સ્થળે વિવિધ રીતે ઉજવાય છે. તેમાં મંદિરોમાં તો તે વિશેષ રૂપે ઉજવાય છે. દેવીનાં મંદિરોમાં વાદ્ય, નૃત્યગાન આદિથી ધામધૂમપૂર્વક 'ઓચ્છવ' થાય છે. બીજા સ્થળે આ ઋતુમાં મળતાં 'પન્હુ' આદિ સુંદર ફળો લોકોમાં વહેંચવાનો રિવાજ છે. લોકો આ દિવસે મિત્રો સાથે વનભોજન કરવા વનમાં નીકળી જાય છે.

આ દિવસે લોકો જલક્રીડા, ગાયનવાદન જેવા સમારંભો યોજે છે. બંગાળ રાજ્યમાં તો શ્રીપંચમી તરીકે આ દિવસે નૈવેદ્ય તથા સુગંધિત પદાર્થો અર્પણ કરી, લક્ષ્મી તથા સરસ્વતીદેવીની પ્રતિમાનું સ્થાપન કરી તેમની પૂજા કરે છે. આ દિવસે લોકો વિદ્યાની દેવી સરસ્વતીની મોટી પ્રતિમાને માનથી નજીકના જળાશયમાં લઈ જઈ તેમાં પધરાવે છે. રોમન પંચાંગમાં વસંતારંભના આ દિવસનો ઉલ્લેખ પણ મળી આવે છે.'

હિંદુધર્મમાં વસંતઋતુનાં આગમનની છડી પોકારતો આ તહેવારનું નામ છે... વસંતપંચમી... કોઈ કહે છે કે, 'પંચમ' કોઈ તો એને 'પંચમરાગ' પણ કહે છે.

લોકહૃદયની ચાહનાને મૂર્ત સ્વરૂપ આપવાની અદ્‌ભુત કરામત છે. યૌવનને હિલોળા લેતું કરવાની આ ઋતુ છે. પરંતુ તેમાં યૌવનનો થનગનાટ, જીવનનું શિસ્ત અને સંયમ ત્રણેયનો સમન્વય જરૂરી છે. વસંતપંચમીના દિવસે સહજાનંદ સ્વામીએ 'શિક્ષાપત્રી' સમગ્ર જનસમુદાયના હાથમાં મૂકી દીધી. એમાં તેમણે વસંતનો મહિમા ગાયો છે. જીવનમાં વસંત ખૂબ જરૂરી છે. એમાં આનંદ, ઉલ્લાસ અને સુખશાંતિથી સંસ્કાર સભર જોઈએ. શિક્ષા એટલે જીવનનું સાચું શિક્ષણ આપતી પત્રિકાઓનો સમૂહ એટલે 'શિક્ષાપત્રી.' કુદરતને ઓળખવાની આરસી એટલે વસંત...

ગુજરાતના ઉત્સવો ને મેળાઓ નામની પુસ્તિકામાં લેખક ડૉ. મૃદુલા એચ. મહેતા વસંતપંચમીનો ઈતિહાસ આ રીતે આપે છેઃ

'કાલિકાપુરાણ' જણાવે છે કે, 'શિવની ઉગ્ર તપસ્યાનો ભંગ કરવા બ્રહ્માએ વસંતપંચમીનું પર્વ યોજ્યું છે. બ્રહ્માના નિઃશ્વાસમાંથી વસંતદેવ ઉપજ્યા. બ્રહ્માએ કામદેવને પણ સર્જ્યો. આ બંને દેવોને શિવના તપનો ભંગ કરવા મોકલ્યા. કામદેવને જોતાં શિવને ક્ષણ વાર રોમાંચ થયો પણ તરત જ ત્રીજા નેત્રનો અગ્નિ છોડીને તેનું તેમણે દહન કર્યું. તેથી રતિએ વિલાપ કર્યો ત્યારે શિવે આશીર્વાદ આપ્યા કે વસંતઋતુમાં સર્વ ચૈતન્ય સૃષ્ટિમાં, વનસ્પતિમાં, કૌયલના ટહુકારમાં ને પવનની સૌરભમાં કામદેવ સજીવન થશે તથા ભવિષ્યમાં શ્રીકૃષ્ણને ત્યાં પ્રદ્યુમ્ન રૂપે અવતરશે. ત્યારથી આ પર્વ શૈવ-વૈષ્ણવ મંદિરોમાં આ વસંતદેવનો ઉત્સવ થાય છે. ગુજરાતનાં મંદિરોમાં કામદહન વિધિ થતી નથી. શૈવ મંદિરોના પટાંગણમાં વસંત, કામ ને રતિનું પૂજન કરીને સાંજે કામદહન કરે છે. ગુજરાતના વૈષ્ણવ મંદિરોમાં લાલજી પાસે લક્ષ્મી, પ્રદ્યુમ્ન, વસંતદેવ ને કામદેવની પ્રતિમાઓ મૂકીને પૂજે છે. કોઈક મંદિરોમાં જલક્રીડા, રંગક્રીડા કે રાસલીલા કરે છે. તે રાત્રિએ સાધારણ દીપોત્સવી થાય છે. વૈષ્ણવ મંદિરોમાં લાલજીને આ પર્વથી 'વાસંતી વાઘા (કેસરિયા)' પહેરાવાય છે. આમ્ર-મંજરી તથા ગેડી દડો તેમની પાસે મૂકે છે ને હવેલીઓમાં ભગવાનને અબીલ-ગુલાલથી રમાડે છે.'

**રાજેશ ડાભી**

('આપણા લોકઉત્સવો'માંથી)

## મીરાં

● અરવિંદ ટાંક

રેત, કણ-કણ પત્થર થઈ ગયા,
રાણાજી...
ગઢ-ગુંબજ કાંગરા કંકર થઈ ગયા,
રાણાજી...
શ્વસે હૃદયમાં કુંજ ડાળ હજુએ,
રાણાજી...
એ ડાળ ગૂંથે વ્રજનાદ હજુએ,
રાણાજી...
એ માઢ-મેડી-મોલાત, ધૂળ-ધૂળ,
રાણાજી...
આ કૃષ્ણના કરતાલ અકબંધ,
રાણાજી...
હળાહળ, ફૂંફાડાના રાગ ના શમતા,
રાણાજી...
છે ચંદ્ર-સૂરજના શૃંગાર હજુએ,
રાણાજી...
મન મંદિર સપ્તપદ ગાય હજુએ,
રાણાજી...
એ ગીતમાં ગગન ગૂંથાય હજુએ,
રાણાજી...
ડગ માંડું ફૂલ પથરાય અહીં તો,
રાણાજી...
યુગો વીત્યે મીરાં ના વીસરાય હજુએ,
રાણાજી...

(બી-૩૫, રામબાગ સોસાયટી, સહકારી જીન રોડ,
હિંમતનગર. મો.: ૯૯૦૯૦૫૧૫૮૧)

## ગઝલ

● રિષભ મહેતા

ફોગટમાં જાશે જન્મારો; માંડી વાળો
ગઝલ ગઝલ રમવાનું યારો! માંડી વાળો.

આ કવિતા સોનેરી મૃગના જેવી છે
કબજે કરવાના નિર્ધારો માંડી વાળો.

સારા બનવું એટલે રોજ જગતથી લડવું
ના ઝીલાશે આ પડકારો માંડી વાળો.

મારો પડછાયો પણ ત્યાં જાતાં ગભરાયે–
તે ખૂણો છે બહુ અંધારો; માંડી વાળો.

નથી કાફિયા જેવા સીધા માણસો આ
પ્યારો હોય તે હોય જ ન્યારો? માંડી વાળો.

(૩૫/બી, સમ્રાટનગર, બામરોલી રોડ, ગોધરા – ૩૮૯ ૦૦૧)

## ગઝલ

● એસ.એસ. રાહી

કોણે કહ્યું કે આ બધો ઈશનો પ્રભાવ છે
મારે તો શ્વાસ સાથેનો જૂનો લગાવ છે.

ત્યારે જ હું શરૂ કરીશ કોઈ નવી રમત
જ્યારે ખુદા તું કહેશેઃ "આ છેલ્લો જ દાવ છે."

ભીનાશ, સાનુકૂળ પવન, અજવાસ છે પછી
ટાવર ઉપરના મોરને શેનો અભાવ છે.

"વણઝારા એના રૂપનું દર્શન કરે નહીં."
રણની કચેરીએ હજી મૃગજળની રાવ છે.

થાકી ગયો છું એના પગથિયાં ગણી ગણી
શું તારી આંખ એ જ અડાલજની વાવ છે.

(Eezee Society, Plot No. 13, Behind Rupee Bank,
Opp. Parmar Pavan, Kondhwa (Khurd),. Pune – 411 048,
Maharashtra. M.: 09373137952)

## ગીત

● નરેશ સોલંકી

ખાખરાનું પાન આજ રાજીનું રેડ તેની માથે ફરે છે એક કીડી
નભની દીવાલને અડવાને આજ તેની લીલપને બનાવે સીડી

રૂંવાડે, રૂંવાડે પગ એવા અડતા કે
ભીતરથી થાય કેવું રાજી
ડાળથી તુંટેલ ભલે પાંદડાની જાત છતાં
પાછી લીલાશ થાય તાજી

આખુંય જંગલ સાવ ઓગળીને પાણી એવી અંદરથી બાથ તેને ભીડી
ખાખરાનું પાન આજ રાજીનું રેડ તેની માથે ફરે છે એક કીડી

પલકારે પલકારે પગલાંની છાપ તેને
આખાય અંગ ઉપર મૂકી
જાણે કે રામજીએ આવીને ખુદ તેની
સુખદુઃખની વારતાઓ ચૂંટી

એવા તે કેવા તને દર્શન થયા છે એવું પાંદડાને પૂછે છે વિડી
ખાખરાનું પાન આજ રાજીનું રેડ તેની માથે ફરે છે એક કીડી.

(C/o. રાજેશ ભીખાભાઈ ચૌહાણ, ખાખડાબેલા નં. ૬,
તા. પડધર, જિ. રાજકોટ, પીનઃ ૩૬૦ ૧૧૦.
મો.: ૯૭૨૫૭૫૮૫૫૪)

## મારી સંશોધન યાત્રા

**જોરાવરસિંહ જાદવ**

**(ગુજરાત વિશ્વકોશ અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રના ઉપક્રમે તા. ૨૬-૧૦-૨૦૧૩ના રોજ યોજાયેલા વ્યાખ્યાનના અંશ પ્રસ્તુત છે.)**

(ગતાંકથી ચાલુ)

લેખક માટે એની લેખનશૈલી બહુ મહત્ત્વની હોય છે. સંશોધન પછી મેં લેખો લખવાનો પ્રારંભ કર્યો ત્યારે એક વાત મારા મનમાં સ્પષ્ટ હતી કે હું વાચકો માટે લખું છું. ગ્રામસંસ્કૃતિમાં જીવનારાઓ માટે લખું છું એટલે મારા લેખોની ભાષા, શૈલી અને સીધી, સાદી, લોકબોલીની છાંટવાળી, લોકભાષાના ઠા અને ઠસ્સાવાળી કહેવતોના લટકણિયાવાળી હોય તો બહોળો વાચક વર્ગ મળે. વાચકોને એનું બંધાણ થઈ જાય. વિદ્વાનો, લોકસાહિત્યની વ્યાખ્યા આપે એના કરતાં હું જુદી આમ આપું:

'બરોબર ઊતરતો ઉનાળો ને બેહતું ચોમાહું હોય, જેઠ અને અહાડ મઈનાની ગડાહાંઘ હોય ખેડૂતો આખ્યું માથે હાથનાં નેજવાં કરી આકાશભણી મીટું માંડતા હોય, ઈમાં ગાયની ખરી જેવી નાનકડી એવી એક વાદળી દેખાય. ઈ વધતી વધતી ડુંગર જેવડી થાય ને પછી એકબીજીયુંને ભેટતી હોય પણ કેવી રીતે?'

નાનપણમાં ઘાઘરી-પોલકાં પહેરી, ઢીંગલેપોતિયે રમનારી બે સહિયરો ઉંમરનો ઉંબરો ઓળંગી ગઈ હોય, પરણીને સાસરે વઈ ગઈ હોય, બાર બાર વરહનાં વહાણાં વઈ ગયાં હોય પછી એક દિ' પિયરના પાદરના વડલા હેઠ કાર્યમીક ભેગી થઈ જાય ને ગડગડતી દોટ મૂકી એકબીજીને બથમાં લઈ સાંયામાયા ભેટતી હોય ઈમ, બાર બાર મઈનાની વિજોગણ વાદળિયું એકબીજીને ભેટતી હોય, આકાશમાં વીજળી સમવરબક સમવરબક કરતી ધરતીનાં ઓવારણાં લેતી હોય. આકાશમાં મેઘાડંમર જોઈ મોરલા ડોકની સાંકળના ત્રણ ત્રણ કટકા કરી 'મેં આવ મેં આવ' કરતા મલ્હાર રાગ ગાતા હોય. બરાબર ઈ વખતે મેઘરાજા ઉનાળાની તપેલી ધરતી માથે એક સરવડું નાખે ને ભીંજાયેલી ધરતીમાંથી માટીની ફટકેલી ફોરમ છૂટે. ઈ સૂંઘતાં જ માનવીના બત્રીસે કોઠે આનંદના દીવડા પ્રગટી જાય ઈમ ગામડાગામના અભણ પણ ઊર્મિશીલ આદમીના અંતરમાંથી કુંવારી કલ્પનાના વીરડા વછૂટે ને એમાંથી પ્રગટેલાં ગીતો, વારતાઓ, કહેવતો, દૂહા લોકહૈયાંને ભીંજવી દે એનું નામ લોકસાહિત્ય. આમ સાંભળનાર કે વાંચનારને તરત જ સમજાઈ જાય કે લોકસાહિત્ય એટલે શું અને કેવી રીતે તેનું સર્જન થાય છે!

ખોડીદાસ પરમાર લબ્ધપ્રતિષ્ઠ ચિત્રકાર. એમની સાથે રહેવાથી લોકચિત્રણકલામાં મને રસ પડ્યો. ખોડીદાસભાઈ જેવા મિત્રો મળવાથી મેં મારા તમામ પુસ્તકો લોકકળાથી લાડેકોડે શણગારીને મૂક્યા છે. વાચકોને એક વાતની ખાત્રી હોય જ કે જોરાવરસિંહનું પુસ્તક હોય એટલે સોળેકળાએ શણગારેલું હોય. પુસ્તકોમાં નોખી ભાત પાડનારું હોય. ગુજરાતના જાણીતા તમામ ચિત્રકારો સાથે અંગત સંબંધોને કારણે મને ભરપટે ચિત્રો મળ્યાં છે. રવિભાઈ, સોમાભાઈ, બંસીભાઈ વર્મા 'ચકોર'થી લઈને ખોડીદાસભાઈના ચિત્રો મારા સંગ્રહમાં છે. તસવીરકાર મિત્રોની તસવીરો મને ભરપટે મળી છે. આ બધા મિત્રોના સહકાર અને સંબંધોથી મારા પુસ્તકો રળિયાત બન્યા છે. પુસ્તકોને સુંદર બનાવવાની સાથે લોકજીવન વિષયવસ્તુ પણ અબોટ અને અભ્યાસપૂર્ણ બની રહે તેનું પણ ધ્યાન રાખ્યું છે. મારી ૫૬ વર્ષની સંશોધન યાત્રામાં લોકવિદ્યાનો ભાગ્યે જ કોઈ વિષય વણસ્પર્શ્યો રહેવા પામ્યો છે. તો ડૉ. હસુભાઈ યાજ્ઞિકે લખ્યું છે : 'જોરાવરસિંહ જાદવ ગુજરાતના મૂર્ધન્ય લોકવિદ્યાવિદ્ છે. કોઈ એક જ વિદ્વાને લોકવિદ્યાનાં

લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, લોકજીવન, લોકમનોરંજન, લોકશિલ્પસ્થાપત્ય, લોકકલા કસબ, લોકનૃત્ય, લોકસંગીત, લોકનાટ્ય એમ લગભગ બધાં જ અંગો પર કામ કર્યું હોય એવું ભાગ્યે જ જોવા મળે છે. જોરાવરસિંહ આમાં અપવાદ છે. તેમણે સંદર્ભગ્રંથ - દસ્તાવેજના રૂપમાં જાળવી રાખે તેવા ગ્રંથો આપ્યા છે. તેમનું આ કાર્ય લોકવિદ્યાકિય વિશ્વકોશના નિર્માણની દિશાના પ્રારંભિક પગલાં જેવું છે. ભવિષ્યમાં કોઈ લોકવિદ્યાકિય વિશ્વકોશ તૈયાર કરશે ત્યારે આ સામગ્રી પ્રત્યક્ષ રૂપમાં જરૂર ઉપયોગમાં આવશે.' આથી વિશેષ સારું પ્રમાણપત્ર મારા માટે બીજું કયું હોઈ શકે!

આમ મારી સંશોધન યાત્રા સને ૨૦૧૦માં ૯૧ પુસ્તક પર આવીને ઊભી રહી. મારા મિત્રો, સ્વજનો, રાજપૂત અગ્રણીઓ, ચાહકો, વાચકોએ અભિવાદન સમિતિની રચના કરી. તા. ૧૦-૧-૨૦૧૦ના મારા ૭૧મા જન્મદિને ઠાકોરભાઈ દેસાઈ હોલમાં શ્રી ધીરુભાઈ ઠાકર અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહજી વાઘેલાની ઉપસ્થિતિમાં ડૉ. હસુભાઈ સંપાદિતઃ 'જોરાવરસિંહ જાદવઃ એક અધ્યયન' અને ડૉ. કિશોરસિંહ સોલંકી સંપાદિત 'લોકવિદ્યાવિદ્ શ્રી જોરાવરસિંહજી જાદવ' બે ગ્રંથોનું લોકાર્પણ અને હજારેક શુભેચ્છકોની હાજરી વચ્ચે મારું અભિવાદન કરી રૂા. ૫ લાખની થેલી અર્પણ કરી. (આ રકમ મેં ગુજરાત લોકકલા ફાઉન્ડેશન ટ્રસ્ટમાં આપી દીધી) મારા કામ કરતાં યે સવાયું માનપાન મને મળ્યું. એનાથી મને આ ક્ષેત્રે કામ કરવાનું નવું બળ મળ્યું.

લેખન, સંશોધન અને સર્જનકાર્ય મારે મન ઈશ્વરીય આનંદની અનુભૂતિ કરાવનારું છે. છતાં એમાં મધ્યમ માર્ગી બનવાનું, સર્જન કાર્ય આનંદ આપે ત્યાં સુધી જ લખવાનું. એનો અતિરેક થાય અને વૈતરાના તબક્કે પહોંચે ત્યાં અટકી જવાનું. વિરામ પાડીને પ્રકૃતિનું વાતાવરણ કે લોકજીવન માણવા ઉપડી જવાનું. વધુ કામ કરવા માટે ય તબિયત તો જાળવવી પડે ને ભાઈ.

**ગુજરાત લોકકલા ફાઉન્ડેશન**

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું અવસાન થયું ત્યારે ભક્ત કવિ દુલા કાગે એક મરશિયો – દૂહો કીધેલોઃ

*છંદા, દુહા ને સોરઠા, સોરઠ સરવાણીઃ*
*એટલા રોયા રાતાં આંહૂડે, જાતા ય મેઘાણી.*

મેઘાણીભાઈના અવસાનથી સૌરાષ્ટ્રના દુહા, છંદ, સોરઠા અને સોરઠરૂપી કવિતા સરવાણી રાતા આંહૂડે રોયા હો ભાઈ, આજે રેડિયો, ટીવી, ફિલ્મો અને પ્રચાર માધ્યમોની ભરમાર અને પશ્ચિમની સંસ્કૃતિના આક્રમણે ગામડાંની ધરતીની ધૂળમાં રમનારા હજારો લોકકલાકારો રાતા આંહૂડે રોઈ રહ્યા છે. એમના આંસુ લૂછવાના યત્કિંચિત પ્રયત્નોમાંથી ગુજરાત લોકકલા ફાઉન્ડેશન જેવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી સંસ્થાનો જન્મ થયો.

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના ગામડાઓમાં રહેનારા અને વિચરતી જાતિના મનોરંજન કરાવી પેટિયું રળનારા વાદી, મદારી, નટ-બજાણિયા, કઠપૂતળી, રામલીલા, લોકજાદૂગરો, બહુરૂપી, ભાંડ, ભવાયા, રાવણહથ્થાવાળા – આ એ કલાકારો છે જેમણે પેઢી-પરંપરાથી લોકકલાના મૂલ્યવાન વારસાને પેટના જણ્યાની જેમ જાળવીને સમાજમાં જીવતો રાખ્યો છે. એમણે નથી જોયા રાતદિવસ, નથી જોયો ટાઢ તડકો કે નથી જોયો વરસાદ. અર્ધો રોટલો ખાઈને, સૂકો રોટલો ખાઈને કોઈવાર ટંક છાંડી જવાય તો પાણીનો કળશ્યો પીને પેટ ભરી આ કલાને જીવાડી છે તે આજે જીવવા ઝંખે છે.

આ સંજોગોમાં ગુજરાતની તળપદ ગ્રામધરતીની આ બધી લોકકલાઓ જીવતી રહે, એનાં રૂડાં જતન થાય, વગડામાં ઊગી નીકળેલા આવળ્યના ફૂલ જેવા ગ્રામધરતીના કલાછોડવાને નગરસંસ્કૃતિના બાગમાં રોપી શકાય. એને ઊજળો આદર, ઓટલો ને રોટલો મળે. એના હાટ માંડવાને બદલે પરબો બેસાડાય, આપણી લોકસાંસ્કૃતિક કલા પરંપરાઓ જીવી જાય અને પશ્ચિમની સંસ્કૃતિના રંગે ઝડપથી રંગાતી જતી નવી પેઢીને ગુજરાતની આ કલાવિરાસત માટે ગૌરવ લેતી કરી શકાય એવા શુભાશયથી સને ૧૯૭૯માં ગુજરાત લોકકલા ફાઉન્ડેશન (ટ્રસ્ટ)ની એ સમયના ગૃહમંત્રી શ્રી પોપટલાલ વ્યાસના હસ્તે સ્થાપના કરવામાં આવી. ત્યારથી અમારી લોકકલા યાત્રાનો આરંભ થયો.

ગુજરાતના ગામડાની ધરતીની ધૂળમાં રમતાં ચીંથરેવિંટ્યા રતન જેવા લોકકલાકારોને શોધી તેમનું

સર્વેક્ષણ કરી એમને તાલીમ આપી ગૌરવપૂર્ણ રીતે નગરોનાં રંગમંચ પર મૂક્યા. સાણંદ પાસે આવેલા દેવતી ગામમાં ૧૫ વરસ પહેલાં પાંચ સાત જણ ઢોલ શરણાઈ વગાડતા કલાકરો હતા. અમે એમને ફાઉન્ડેશન સાથે જોડ્યા. આજે દેવતીમાં ૩૫૦ જેટલા કલાકારો તૈયાર થયા છે ને નવરાત્રીમાં દેશભરમાં વગાડવા જાય છે. આજે અમારી લોકકલા યાત્રામાં દેશભરના વિવિધ રાજ્યોના ૫૦૦૦ જેટલા લોકકલાકારો જોડાયેલા છે. આ બધા કલાકારોની સાથે સાથે અમે બહેરા મૂંગા, પ્રજ્ઞાચક્ષુ, અનાથ, વિકલાંગ કલાકારોના જાહેર કાર્યક્રમો કરી એમને એવોર્ડ્સથી સન્માનીને સમાજની વચ્ચે મૂકી આપ્યા છે.

ગુજરાત, રાજસ્થાનના ભવાઈ અને અન્ય કલાકારોને લઈને અમે દુબઈ, ઓમાન (મસ્કત) વે. ઈન્ડીઝના દેશો ત્રિનિદાદ એન્ડ ટોબાગો, સુરિનામ, શિકાગો (યુ.એસ.એ.) અને કેનેડામાં જઈ આવ્યા ને સફળતાપૂર્વક કાર્યક્રમો કરી આવ્યા. અભણ કલાકારો સુરંદાવાદક સિદ્દિકભાઈ જત, જોડિયા પાવાના કલાકાર મુસા જત, ભવાઈ કલાકારો બાબુભાઈ અને હરિભાઈ વ્યાસ ઇરાક-ઇરાનમાં જઈને ઝંદાનો વેશ કરી આવ્યા. કઠપૂતળીના કલાકાર રાણાજી અમેરિકા અને યુ.કે. જઈ આવ્યા. ભવાઈકલાકાર દલસુખ રાવળ અને રાજેન્દ્ર રાવળ અમેરિકા, જાપાન અને ફ્રાંસમાં જઈ આવ્યા. રાવણહથ્થાનો કલાકાર ગણેશ ભરથરી જાપાન અને ફ્રાંસ જઈ આવ્યો. પુષ્કરના મેળામાં રસ્તા પર નાચનારી મદારણ ગુલાબોને ૩૦ વર્ષ પહેલાં ગુજરાતમાં સ્ટેજ આપ્યું. એને પ્રસિદ્ધિ મળતાં વિશ્વવિખ્યાત કાલબેલિયા નૃત્યાંગના બની. આજે તો એ વિશ્વના પચાસ દેશો ફરી આવી. ફાઉન્ડેશને આવા અનેક પાણીદાર કલાકારોને આંતરરાષ્ટ્રીય રંગમંચ ઉપર મૂકી આપ્યા. જેમણે અમદાવાદ, મુંબઈ, દિલ્હી કે પૂના નહોતાં જોયાં એ પ્લેનમાં બેસીને પરદેશ જતા આવતા ને કાર્યક્રમો આપતા થયા છે. અમારા વાડજનાં પેચવર્કનાં કલાકાર શ્રીમતી તેજીબહેન તો બ્રિટનનાં મહારાણીના ખાસ નિમંત્રણથી, પ્રિન્સ ચાર્લ્સના લગ્નમાં કચ્છી વેશભૂષામાં જઈ આવ્યાં. પગ વગરનો ડાન્સર કમલેશ પટેલ ૨૨ વખત અમેરિકા જઈને કાર્યક્રમો કરી આવ્યા.

કલાકારોને સતત કાર્યક્રમો મળવાને કારણે મૃતપ્રાય થઈ ગયેલી ભવાઈની ભૂંગળો ફરી વાગતી થઈ. ગરીબ કલાકારોને આર્થિક જીવન ધોરણ સુધરતાં તેઓ સારું જીવન જીવતા થયા. બાળકોને ભણાવતા થયા. વિચરતી જાતિના અનેક કલાકારો પંદર પંદર દિવસ લગી નહાતાં નહોતાં કે કપડાં બદલતાં નહોતા એમને કાર્યક્રમોની આવકો હાથમાં આવી એટલે આજે પિયર્સ સાબુથી નહાતાં થયા છે. ડવનું સેમ્પુ ને પોન્ડ્સ પાવડર વાપરે છે. માથામાં વાટિકા તેલ નાખે છે અને ટ્રેન કે બસમાં આવવાને બદલે ટ્રાવેરા અને ક્વોલિસ એ.સી. ગાડીઓ ભાડે કરીને કાર્યક્રમો કરવા જતા આવતા થયા છે.કલાપ્રેમી મિત્રો ઘણીવાર મને કહે છે કે ‘જોરાવરસિંહભાઈ તમે ગામડાના અંધારિયા ખૂણામાં પડેલા કેટકેટલા લોકકલાકારોને જગતચોકમાં મૂકી આપ્યા છે?’ હું બહુ વિનમ્રપણે કહું છું કે મારા આ કલાકારો અને એમની કલાએ મને જગતચોકમાં મૂકી આપ્યો છે. ડૉ. રઘુવીર ચૌધરીએ મારા અભિવાદન ગ્રંથમાં આ વાત જરા જુદી રીતે કહી છે. ‘શ્રી જોરાવરસિંહ જાદવ ક્ષત્રિય છે. પૂર્વે ક્ષત્રિયો આંગણે આવેલા કલાકારની કદર કરતા. જાદવે જુદા પ્રકારનું ક્ષાત્રત્વ દાખવ્યું. આ કલાપ્રેમી પોતે કલાકારને આંગણે ગયા અને એમને શહેરના ચોકમાં લઈ આવ્યા. મેઘાણી વણિક હતા. ચારણો અને ગઢવીઓથી જીવંત લોકસાહિત્ય અને લોકસંગીતને ચિરંજીવ બનાવવા એમણે અથાક પરિશ્રમ કર્યો. જતન કરવાની આ પરંપરા જાદવે જાળવી એટલું જ નહીં પણ એનો વ્યાપ વધાર્યો.’

સને ૧૯૯૨ના વર્ષની આ વાત છે. દેશવિદેશમાં હીરાના વેપારની ૭૫ પેઢીઓ ધરાવનાર અતુલ શાહ દીક્ષા લઈને હિતરુચિવિજયજી મ.સા. બન્યા તે પૂર્વે એમના અમદાવાદ, મુંબઈ, સુરત, પાલનપુર અને વડગામમાં તેમના દીક્ષા-વરઘોડાનું કામ મને સોંપાયું. પ્રત્યેક વરઘોડમાં ગુજરાતના ૮૦૦-૮૦૦ લોકકલાકારો મૂક્યા. ધામધૂમથી દીક્ષા મહોત્સવ ઉજવાયા પછી મહારાજ સાહેબને મેં બે હાથ જોડીને કહ્યુંઃ ‘હું તો નોકરિયાત માણસ છું. આ કાર્યક્રમો કરવામાં હું થાકી ગયો.’ ત્યારે એમણે મને એક વાત કહીઃ ‘જોરાવરસિંહભાઈ! તમે મંદિર જતા હોય, ભગવાનની માળા, દીવો, પૂજા કરતા હોય તો એ નહીં કરો તો ચાલશે. પણ આ ગરીબ કલાકારોને રોટલો આપવાનું

કામ ભગવાનની પૂજાથી જરાય ઊતરતું નથી. હું તો સાધુ થઈને જાઉં છું પણ એટલું કહેતો જાઉં છું કે આ પુણ્યનું કામ છે. એને તમે છોડશો નહીં.' અને ભાઈ! કલાકારોનું કામ છોડવાને બદલે નોકરી છોડીને આ કામમાં લાગી ગયો. ઈશ્વરે જે કંઈ શક્તિ આપી છે તે સમાજ માટે વાપરવાનો સંકલ્પ કર્યો. એના ખૂબ સારા પરિણામો પણ પ્રાપ્ત થયાં.

ગુજરાત લોકકલા ફાઉન્ડેશન સાથે આજે દેશભરના ૫૦૦૦ ઉપરાંત લોકકલાકારો સંકળાયેલા છે. જેઓ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય પરિષદો, મોટા મેળાવડા, કર્ણાવતી રાજપથ, વાય.એમ.સી.એ. જેવી ક્લબો, પતંગ ઉત્સવો, નવરાત્રી કાર્યક્રમો, લગ્નસમારંભો, દૂરદર્શન, જી.ટી.વી., ઈ.ટી.વી., ટી.વી.૯, જેવી ચેનલો પર ગુજરાતી ફિલ્મો અને ટી.વી. સિરિયલોમાં ધૂમ મચાવતા થયા છે. અંધારી રાતમાં આશાનું એક નવું કિરણ પ્રગટાવી શકાયું છે. લોકકલાના કાર્યક્રમો માણનારો અને લોકકલાકારોનો એક ચાહકવર્ગ ઊભો કરી શકાયો છે. કર્ણાવતી ક્લબ તો આજે અમને કાર્યક્રમો કરવા તમામ સગવડો વિનામૂલ્યે આપે છે. જ્યાં અમે રાસ, ગરબા, લોકનૃત્ય અને વિકલાંગ કલાકારોની સ્પર્ધાઓ કરીને પ્રથમ આવનાર પ્રત્યેક ગ્રૂપને એક એક લાખ રૂપિયાનાં પુરસ્કારો આપીએ છીએ. ઈ.ટી.વી. પર રૂા. ૩-૩ લાખની ગરબા સ્પર્ધાઓ કરી. રાષ્ટ્રીય કક્ષાના લોકકલા મહોત્સવ યોજીએ છીએ જેમાં દેશભરના ૮૦૦થી ૧૦૦૦ જેટલા લોકકલાકારો ભાગ લે છે.

અમારા લોકકલાના કાર્યક્રમો માણનારો એક વર્ગ કલાપ્રેમી વર્ગ ઊભો કરી શકાયો છે. અમારા પ્રત્યેક કાર્યક્રમનું લાખ દોઢ લાખ રૂપિયાનું ખર્ચ કાર્યક્રમ દરમ્યાન જ અમારા શુભેચ્છક દર્શકો અમને કાર્યક્રમ દરમ્યાન આપીને જ જાય છે. મારે મન ગુજરાતના કલાજગતની આ એક વીરલ ઘટના છે. પ્રજાકીય ધોરણે લોકકલા ટ્રસ્ટ ચલાવવાનું મારું સ્વપ્નું શુભેચ્છકો દ્વારા સાકાર થયું છે, એનો મને ખૂબ જ આનંદ છે.'

ગુજરાત લોકકલા ફાઉન્ડેશને દેશપરદેશમાં માત્ર કાર્યક્રમો યોજીને લોકકલાકારોને રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કારો આપીને સંતોષ નથી માન્યો. વાદી, મદારી ને બહુરૂપીઓના દંગા કે ભવાઈ કલાકારોના ઘરો સુધી જઈને બેસી ન રહેતાં રાજમહેલો અને રાજવીઓ સુધી પહોંચ્યા છીએ. અમે યોજેલ ગુજરાતની ૧૨૦ જેટલી પાઘડીઓના પ્રદર્શન પ્રસંગે વડોદરાના પૂર્વરાજવી રણજીતસિંહજી ગાયકવાડ, જસદણ યુવરાજ સત્યજીતસિંહજી ખાચર અને વાંકાનેરના પૂર્વ રાજવી શ્રી દિગ્વિજયસિંહજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. લોકકલા ચિત્રો અને તસવીરોના પ્રદર્શનો યોજ્યા છે. ગુજરાત અને ભારતના લોકનૃત્યોની ડી.વી.ડી.ઓ અને લબ્ધપ્રતિષ્ઠ લોકચિત્રકારોના ચિત્રોના દિપોત્સવી કાર્ડ્સ અને ડાયરીઓ પણ પ્રગટ કરી છે.

ગુજરાતમાં લોકવિદ્યા, લોકસંસ્કૃતિ અને લોકકલાની ગંગોત્રી વહે છે. તે અનેક યુગોની સાધનાને અંતે આપણી સંસ્કૃતિએ આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ લોકસંપદા લુપ્ત ન થઈ જવી જોઈએ. ચૌરાનો વંશ જીવતો રહેવો જ જોઈએ. દુષ્કાળ પડશે તો અનાજની પરદેશથી આયાત કરી શકાશે. પણ જે દિ' ગુજરાતની ધરતી પર કલા, સંસ્કાર અને સંસ્કૃતિનો દુષ્કાળ પડશે તો પરદેશથી એને આયાત નહીં કરી શકાય. કલાકારોને આ ધરતી પર રોપવા પડશે. જતન કરીને જાળવવા પડશે. કલાકારો જીવશે તો કલા જીવશે કલા અને સંસ્કૃતિ જીવશે તો દેશ જીવશે.

ઈશ્વરે મને જે કંઈ શક્તિ આપી છે એનો સમાજ માટે ઉપયોગ કર્યો છે. મારી શક્તિ કરતાં અનેકગણાં માનપાન અને મિત્રો મને મળ્યા છે. જીવનમાં રૂપિયા આના પાઈ કરતાં મિત્રો અને સ્વજનોની ધન્ય થઈ જવાય એવી બહુ મોટી મૂડી મને મળી છે, એનો મારે હૈયે અપાર આનંદ છે. આટલી મોટી સંખ્યામાં મારી સંશોધનયાત્રાની વાતો સાંભળવા આપ સૌ આવ્યા, મને સાંભળ્યો અને સહન કરી લીધો એ માટે આપનો સૌનો, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ડૉ. કુમારપાળભાઈ, ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, ડૉ. અંબાદાનભાઈ રોહડિયાનો આભાર વ્યક્ત કરું છું.

(સંપૂર્ણ)

('સજ્જન સ્મૃતિ', ૨, પ્રોફેસર્સ કૉલોની, વિજય ચાર રસ્તા,
નવરંગપુરા, અમદાવાદ-૯. મો.: ૯૮૨૪૦૨૮૩૨૬)

*// Key-note //*

## History Museum: Relevance, Establishment & Management

**Ratan Parimoo**

**(Key-note address delivered at UGC CPE Onne Day National Workshop at NS Patel Arts College in Colleboration with SPU Museum at Anand)**

Is there anything common between Historical thinking or understanding of History and conceptualization regarding History Museum? As far as historical thinking or understanding and the concept of History are concerned, it is a fact that inquiries into the nature of historical understanding recur in every significant period of historical writing. How much is man's capacity to understand his world, that is our world? Can historical existence be rendered meaningfully? was the question asked by the 17th century French thinker, Descartes. Rather he affirmed that historical existence can never be rendered meaningful. Since then it has remained a perennial question.

At the outset we may also make a mention of the two kinds of phenomena: Micro-History and Macro-History. Micro History may be confined to a region, i.e. regional framework with lot of local details. The recent concept of Subaltern History may also come under this rubric. Macro History involves larger, broader philosophical questions and also what Arnold Toynbee calls Universal History. He was the great British historian of the mid 20th century, to be more accurate between 1920s and 1950s.

Toynbee defined history as a concern with the lives of civilizational societies in both their internal and their external aspects. "The internal aspect is the articulation of the life of any given society into a series of chapters succeeding one another in time and into a number of communities living side by side. The external aspect is the relation of particular societies with one another, which has likewise to be studied in the two media of time and space." For Toynbee, a study of History is an enquiry concerning the truth about the order of history. It has two implications, one in the context of spiritualism and another in the context of empiricism.

Toynbee's approach constitutes a breakthrough of the traditional limits of the historical discipline, not horizontally, so to speak, but vertically. Toynbee connected his studies in history with ultimate philosophical and theological questions. Toynbee's study of the human past involves with such questions as

i) – What is the destiny of mankind?

ii) – What are those laws which control the human societies?

iii) – What part does God play in human affairs?

Toynbee attempted a grandiose synthesis even when he considered himself an empiricist.

Through political manifestations one is able to discover the major outlines of the careers of civilizations. State of the souls of the millions of men are concerned with each civilization. Toynbee also asks the question: is political framework the same as central concept of a civilization?

Toynbee gave a new meaning to the much recognized concept of rise and fall of civilizations. The recurrent breakdown and dissolution of civilizations stand as self-contained tragedy, attesting the limitations of human powers and the blindness of human passions. In his later years Toynbee thought that the human suffering involved in the dissolution of a civilization was not a mere disaster, but a conducive situation for human society to re-discover god and divine powers.

In contrast with Toynbee's approach many historians favour the matter of fact approach which I shall mention herewith briefly.

- History is a branch of knowledge dealing with past events, a continuous, systematic narrative of past events relating to a particular people, country, period, person, subject, place, organization, and so forth.
- A usually chronological record of events as of the life or development of a people, institution, often including an explanation or a commentary on those.
- Historians study the past by examining and analyzing the written documents of what people have written about past events.
- The prolific Indian historian, R.C. Majumdar, has explained: History is a record of the achievements of man. History proper deals with facts and facts can only be known from records of some kind or the other. We cannot know the history of any people who have left no record of their existence.

Some historians like Arthur Warwick have elaborated further that history is the body of knowledge about the past produced by historians together with everything that is involved in the production, communication of and teaching about that knowledge. Most of us are aware that we feel the most poetic appeal of the past, have a passionate interest in finding out what really did happen in the past. Indeed practically all the world's major tourist traps relate to the appeal of the past. Warwick adds further that history deals with human valves, in a way the sciences do not, so there is more scope for differences in evaluation. Yet History, like the sciences is a co-operative enterprise. Regarding differences among historians, E.H. Carr has observed that as the historians look for and collect the facts, inevitably the facts themselves influence the historian's thinking. Therefore, the interpretations will differ from one historian to another historian.

Considering such a range of definitions of History how can we conceptualize or spell out our approach to History Museum. Can History Museum be formulated in the manner the subject of study of the History is defined? At the outset it seems to me a significant point, that is, in connection with the role of museum and the relation between the Museum and the society. I think History is an area which links the Museum and the society. History Museum can be said to be the Museum of the society, by the society and for the society.

I begin with the contention that most museums in India in many ways are connected with the history of the country. The history of establishing museums in India also began not only as part of the beginning of the researches in Indian history, but also to create a place to house and exhibit the antiquarian objects being collected or searched such as through archaeological excavations. The Royal Asiatic Societies in Calcutta (now Kolkata) and Bombay (now Mumbai) since late $18^{th}$ century, brought together stone and copper-plate inscriptions and coins. Indian Museum Kolkata and Prince of Wales Museum Mumbai began as repository of display of such materials.

The greatest example of a Museum which owes its existence primarily due to excavations alongside exploring India's dynastic histories, is the Govt. Museum at Mathura at one time called Curzon Museum. It is nearly a hundred and fifty years old. Apart from inscriptions and coins, it holds a large number of sculptures with inscriptions, recording names of consecration, donors, Kings and the dates which contributed towards clarifying dynastic chronologies including the gathering of a more accurate knowledge about the years of rule of some significant Kings. Mathura Museum sculptures have consistently been studied which have revealed a wider range of information particularly concerning the sequential dynasties, viz. Sunga, Kushana and Gupta, which followed

the Maurayan dynasty of the 4th and 3rd century B.C.

While we are justified to emphasize the aesthetic aspects of Indian sculptures and undoubtedly the status of Indian art earned a tremendous prestige internationally with every new discovery of Buddhist, Hindu and Jaina sculptures of these periods. Art historians proudly explained the significant stylistic elements of the Mathura school of Indian sculpture. A new area of study of Iconography developed which deals with religious imageries. However, the sculptural icons bear a close relation with growth and expansion of the three above mentioned religions. These sculptures hold within them wide implications concerning religious beliefs, rituals, mythologies and spiritual level of the human societies.

In a way Mathura Museum sculptures represent history of much of Northern India and certainly of Uttar Pradesh. However as a region, Uttar Pradesh is rich in sculptural wealth that several of its museums, such as at Lucknow and Allahabad also fulfill the role of History Museum of that state. I shall speak more about Allahabad museum after a few minutes.

West Bengal has the State Archaeological Museum in Kolkata which also serves as the Museum of History for Bengal especially from Ancient or Pre-Historic period to Medieval period. Bengal does not have great temple complexes such as Khajuraho group of temples in Madhya Pradesh, which itself represent history in concrete form. Bengal and Bihar share extensive stone sculptures during the Pala-Sena period. Therefore an Archaeological Museum (as History Museum) in Bengal has a special significance. I may further add here the importance of some of our great architectural monuments, such as Qutub Minar area in Delhi and Taj Mahal in Agra as adumbrating history in stone, specifically Islamic history during the medieval period.

Kolkata city founded during the British colonial period emerged as the prestigious city when it was chosen as the capital of the British Indian Empire. Kolkata in the early 20th century was also selected as the site for the gigantic Victoria Memorial which after Independence in 1947 has been declared as Museum of Colonial period history. Queen Victoria, who ruled between, 1837 and 1901, was the longest living British Queen. During her reign there was maximum expansion of the British Empire which spread throughout the globe. In the vast edifice of the Victoria Memorial Museum at Kolkata has been assembled a lot of visual and illustrated material produced during the 18th and 19th centuries, especially as seen through the eyes of the European artists, water colours, oil paintings, engravings, lithographs etc. Curiously, Victoria Memorial Museum as of now does not represent the Freedom Movement. A photo-documentation of the growth of Kolkata city along with the role played by social reformers on one hand and pioneers of various businesses and trading, has been mounted which is now a standard designed approach to narrating and show-casing the history of a city/region through several centuries.

Bhau Daji Museum in Mumbai is another case of how a memorial or Mausoleum for a royal personage, the Queen Victoria, representing a colonial monument, has been turned post-Independence, a Museum of History of the Colonial Period. The growth of a new metropolis through particularly 19th and 20th century when Mumbai, from a cluster of fishing islands expanded into a major port of India and International commercial centre. Besides housing the huge marble portraits of Queen Victoria and her husband Albert, this Museum was designated to be the display space for industrial manufactures which included objects of household use, including both metal and ceramic products. Interestingly Hindu icons were prepared in ceramic materials during the 19th century which are also among the exhibits.

I now turn to Museums depicting the Freedom or Independence Movement, that is an

aspect of India's history documenting episodes against the colonial rule. Allahabad Museum was started as a Municipal Museum more than fifty years ago to house the materials from the Nehru Family and also record the early years of the Freedom Movement. The materials include written documents, that is some sort of archive, Resolutions passes by the Congress party in annual meetings and from time to time, letters by the important collaborators/protagonists, chronicles, Newspaper reports etc. photographs of the personalities, crucial events and family members. How Motilal Nehru, Jawaharlal Nehru's father, had a great change of heart from an anglophile to a patriotic leader. In some ways the Allahabad Museum is a good example of what materials should a History Museum acquire and collect. Being initially a Municipal Museum covering Nehru family and some activities of the Freedom Movement also represents local history. Another aspect of its local history is the epoch-making modernistic literary movement in the Hindi language called the Chhayavada, spearheaded by poets and writers based in Allahabad, such as Mahadevi Varma and Nirala, who are the giants of Hindi literature. The Museum has collected the original handwritten manuscripts of their great books viz., poetry collections, short story collections and novels, besides personal letters which throw much light on their personal lives. This must be probably the only such gallery in our country.

Implications regarding history of Independence movement are obvious in the setting up of various museums associated with Mahatma Gandhi such as at Porbandar which is his birth place and Sabarmati Ashram at Ahmedabad, where he set up his centre of epochal and multifarious social and political activities since about 1915. The Nehru Museum at his official residence as Prime Minister in New Delhi supplements the story of Independence struggle with the transfer of power and consolidation of India as democratic Republic. Similar aim is also that of the Memorial Museum dedicated to Sardar Patel currently being organized at Ahmedabad. A building of historical importance viz. a palace built by Shah Jahan, the only edifice of Mughal period in Ahmedabad, adopted for a museum of historically significant personality, is also a step in the category of History Museum. Though apparently not sponsored by the Government, yet the documentation and archiving being undertaken by the Netaji Subash Chandra Bose Trust in Kolkata is also in the direction of History Museum with focus on Freedom movement.

Here I would like to observe from the Museum point of view that memorabilia of distinguished individuals who have played some important role in some field or in a social group, namely objects belonging to the person or used by him or associated with him, have become collectors' items thus essential for a History Museum.

We must not forget the horrible tragedy of 'Partition' which followed the 'Independence'. It was indeed interesting to read recently the proposal for a Museum of Partition, which will be essentially display of 'Partition memory.' Here archiving the memories of the sufferers and survivors are the primary materials. This includes the millions who disappeared, in particular women and children and also thousands of women who were raped. The narratives and stories would make a huge compilation rather oral history of the tragedy, trauma and suffering.

Epochal events of struggle for freedom, the partition holocaust and the birth of the republic, require wider and unconventional range of 'objects' for display in the galleries or exhibition spaces. Works of art, paintings, sculptures, that is pictorial visual images, novels, films, even music, recorded voices, which would have new and poignant meanings and significations. The visitor hears voices, the visitor seated in the gallery watches the movie projected on the screen. Since the birth of photography more than one hundred and fifty years ago, the role

of photographs and photography collections has grown in importance. Here I would like to mention the Alkazi Collection of the Photography at Delhi, which has photographs dating from mid 19th century onwards and especially has a vast repository of images from the British Raj. In the context of photography and movies, the digital revolution has made it possible to create what is called Eternal Gandhi Multimedia Museum, where the entire content is retrieved digitally.

There cannot be just one kind of History Museum. I am therefore describing one more museum. The Indira Gandhi Manava Sangrahalaya, the Museum of Man at Bhopal, a central government venture, although has brought together apparently a rich collection of handicrafts, especially pre-Industrial/ pre-machine, handmade objects of household usage, should be also regarded as a History Museum. The story of early phase of human civilization in general and the same in India in particular, is very fascinating, because it enables to grasp how the early human being worked with as well as adapted nature and gradually mastering it in order to make their lives more secure and happier. Man's works, Man's achievements, man's use of intelligence, men and women exerting their creative powers and reflected in the objects collected at the Museum of Man, which fall under the previews of its aims. It is widely accepted that the living conditions and pre-occupations of the early human societies would have been similar to what we observe among the present day tribal and rural communities. Although the subject of study of primitive, tribal and rural societies is considered under the area of anthropology, I would like to classify such museums as the Manava Sangrahalaya as representing in a broad way the concept of Universal History (with reference to the thinking of Arnold Toynbee). The museum involves with living culture by organizing craft workshops, and folk dances relevant to specific festivals, in which actual men and women of the communities participate.

I have drawn attention to how the subject of History is defined and how one may proceed in conceptualizing the venture of setting up a history museum depending on the particular conditions. It may be as an aid to history teaching, it may be local history or it may be already a specific kind of collection of certain materials.

I have given descriptions or short case studies of several museums of our country to show how many of the museums fall within the category of History Museums. Besides, largely the setting up of museums in India is a parallel development along with the growth of the discipline of Historical studies in Indian Universities. We must concede the fact that during the colonial period many initiatives were taken by the British beauraucrats in actual instituting of museums, alongside the thinking towards justification of Government's role in planning, setting up and financing of museums. Though to some extent, national pride has also contributed towards the importance attributed to the Museums. One of the very glaring conclusions of the narrative I have described regarding some of the History related Museums in India is the fact that Gujarat State has missed the opportunity to build an Archeological and Historical Museum for the region of Gujarat, having the wide range of collections worthy for the status of the State Museum. I am strongly supporting the view that Lalbhai Dalpatbhai Museum has the potential to be developed as the State Museum of Gujarat covering nearly 5000 years of the civilization of our region from Indus-Saraswati origins to the twentieth century.

I would like to end this presentation by making a strong plea, in particular, to both the state government and the central Government officials that please take the matter seriously of appointing professionally trained Museologists as directors, curators and conservation specialists for running the museums.

(Director, Lalbhai Dalpatbhai Museum,
Nr. Gujarat University, Navarangpura,
Ahmedabad - 380009.
Tel. No. + 91 79 26306883 Email : ldmuseum@ymail.com )

// विमर्श //

# शिक्षित युवा एवं प्रतियोगी परीक्षाएँ

## शिवप्रसाद शुक्ल

शिक्षा मनुष्य में आत्मबल पैदा करती है । तक्षशिला, नालंदा एवं वल्लभीपुर की शिक्षा संस्थाओं का अपना इतिहास रहा है । आज आक्सफोर्ड एवं कैम्ब्रिज विश्वविद्यालयों का पैटर्न हर एक को पसंद आता है । लेकिन योग्य अध्यापकों का अभाव सतत खटकता है । भारतीय सम्प्रभुता सम्पन्न गणराज्य की अजीबोगरीब दास्तान बयान करना चुनौतीपूर्ण है । मगध, मध्यदेश, द्रविड़ देश, गांधार एवं पांचाल महाजनपदों से चलकर दो देश एवं ५६० से ज्यादा देशी रजवाड़ों का १४ राज्यों में समेटा जाना एवं संविधान की आठवीं अनुसूची में १४ से २२ भाषाओं का समावेश भी बहुत कुछ कह जाता है । लिपि से भाषा, व्याकरण एवं साहित्य का अपना इतिहास है । इसलिए कौत्स, पाणिनि, कात्यायन, भरत से लेकर राजपंडित जगन्नाथ तक फैला भारतीय काव्यशास्त्र है । उस समय मौलिक चिन्तन संस्कृत में हुआ । महाभारत काल में प्रशासन की दृष्टि से १६ जनपदों की व्यवस्था थी । यानी धर्म  भारतवर्ष में तोड़ने का काम ज्यादा किया है । बौद्धों की पालि, जैनों की प्राकृत, अपभ्रंश, मुसलमानों की अरबी, फारसी एवं उर्दू भाषा की दास्तान सबके सामने रखना मेरा मकसद नहीं है । सातवीं शताब्दी में हिन्दी एवं १३वीं शताब्दी के आस-पास भारतीय भाषाओं का विकास बहुत कुछ कह जाता है । फिलहाल १८३५ ई. में अंग्रेजी माध्यम का दाखिल किया जाना और १८५७ ई. में बम्बई, कलकत्ता, मद्रास, १८८७ ई. में इलाहाबाद विश्वविद्यालय का पठन पाठन भी अंग्रेजी माध्यम से प्रारम्भ हुआ । २८ दिसम्बर १८८५ ई. में भारतीय राष्ट्रीय कांग्रेस की स्थापना भी सत्ता के हस्तांतरण को ही अभिव्यक्त करता है । मुस्लिम लीग के कारण अलीगढ मुस्लिम विश्वविद्यालय एवं हिन्दू महासभा के कारण बनारस हिन्दू युनिवर्सिटी (१९१६ ई.) की स्थापना के बाद महात्मा गांधी ने १९२० ई. मे गूजरात विद्यापीठ, अहमदाबाद की स्थापना की । जार्ज पंचम द्वारा राष्ट्रीय स्कूल हिन्दूओं एवं मुसलमानों के लिए अलग-अलग स्थापित कियें । फिलहाल महात्मा गांधी ने १९०९ ई. में 'हिन्द स्वराज' पुस्तक में एक तरह से घोषणापत्र कांग्रेस को दिया । फिलहाल गांधी का भारत, सरदार पटेल का भारत, राम मनोहर लोहिया का भारत या अंग्रेज मानसिकता के लोगों का भारत कह पाना मुश्किल है ।

फिलहाल N.C.E.R.T. के ११०० केन्द्रीय विद्यालय, ६३२ नवोदय विद्यालय, १० सैनिक स्कूल, एवं ५ मिलिटरी स्कूल एवं सी.बी.एस.ई. मान्यता प्राप्त लाखों स्कूलों की दास्तान के साथ ५० से ज्यादा केन्द्रीय विश्वविद्यालय, २८० राज्य विश्वविद्याल, ६० डीम्ड विश्वविद्यालय एवं ६० निजी विश्वविद्यालयों की दास्तान भी अजीबोगरीब है । आज की शिक्षा विद्यार्थियों को गुमराह कर रही है । गांधी, अम्बेडकर एवं सरदार पटेल चेयर कुछ विश्वविद्यालयों में कार्यरत हैं । हर विश्वविद्यालय का पाठ्यक्रम एवं शिक्षा परीक्षा का माध्यम अलग अलग है । इसलिए विद्यार्थियों में सम्प्रेषण कोशिका (Communication Skill) का विकास अच्छी तरह से नहीं हो पा रहा है । केन्द्र सरकार की नौकरियों एवं शिक्षा का माध्यम अंग्रेजी एवं हिन्दी भाषा है । जबकि राज्य लोकसेवाओं की नौकरियों की परीक्षा का माध्यम अंग्रेजी एवं प्रादेशिक भाषा है । वैश्विक शैक्षिक परिवर्तनों को ध्यान में रखकर N.C.E.R.T. एवं केन्द्रीय विश्वविद्यालय, संघ लोकसेवा आयोग, यू.जी.सी., C.S.I.R. अपने पाठ्यक्रमों में समय-समय पर परिवर्तन करते हैं । जबकि राज्य शिक्षा परिषद एवं राज्य विश्वविद्यालय ऐसा नहीं करते हैं । इसलिए संघ लोकसेवा आयोग की परीक्षा का पाठ्यक्रम अलग एवं राज्य लोकसेवा आयोग की परीक्षा का पाठ्यक्रम एवं परीक्षा माध्यम भी अलग अलग हैं ।

भारतीय संविधान की विभावना और लोगों के साथ होने वाले भेदभाव का भी एक महाभारत है । रामालुलु की उपवास के दौरान मृत्यु एवं मेहता समिति द्वारा भाषावार प्रदेशों का गठन कहीं न कहीं सरदार पटेल के राज्यों के विलीनीकरण के खिलाफ है । फिलहाल २८ राज्य, २८ लोकसेवा आयोग एवं २८ राज्य शिक्षा बोर्ड की भिन्नता भी जगजाहिर है । I.I.T., I.I.M. एवं केन्द्र सरकार की नौकरियों में राज्य शिक्षा बोर्ड या राज्य विश्वविद्यालयों में पढ़ने वाले विद्यार्थियों को कम अवसर मिलते हैं । फिलहाल I.A.S. की परीक्षा का प्रश्नपत्र हिन्दी एवं अंग्रेजी में छपता है जबकि भारतीय भाषाओं में जवाब लिखने की छूट २५ विद्यार्थी होने पर दी गयी हैं । (द्रष्टव्य रोजगार समाचार १६-२२ मार्च २०१३, पृष्ठ-२५) यहां सरदार पटेल के अखंड भारत, भाषावार प्रदेशों के गठन का अनुमोदन एवं गांधी के स्वदेशी आपस में टकराते हैं । पहले I.A.S. की परीक्षा में भारतीय भाषाओं का एक प्रश्नपत्र एवं अंग्रेजी का एक प्रश्नपत्र अनिवार्य था । अब अंग्रेजीकरण के चक्कर में समसामयिक परीक्षा बनाने के लिए प्रारम्भिक परीक्षा के दो प्रश्नपत्र वस्तुनिष्ठ ढंग से अभ्यर्थी की बहुमुखी प्रतिभा

की जांच पड़ताल करते हैं । जो विद्यार्थी प्रारम्भिक परीक्षा पास करेंगे उनके लिए अनिवार्य निबंध वाले प्रश्नपत्र में एक निबंध २०० अंक का तथा अंग्रेजी १०० अंक की रख दी गयी है । पहले भारतीय भाषा एवं अंग्रेजी के प्रश्नपत्र मात्र पासिंग हुआ करते थे । लेकिन अब निबंध (२०० निबंध + १०० अंक अंग्रेजी) के साथ चार प्रश्न पत्र सामान्य ज्ञान, अध्ययन एवं समसामयिक घटनाओं पर आधारित होंगे । यानी निबंध (३०० अंक), सामान्य ज्ञान के चार प्रश्नपत्र (२५० x ४ = १०००) एवं वैकल्पिक विषय के दो ( २ x २५० = ५०० अंक) प्रश्नपत्र होंगे तथा साक्षात्कार २७५ अंकों का होगा । यानी अब निबंध में शामिल अंग्रेजी के प्रश्न भी योग्यता सूची में महत्त्वपूर्ण भूमिका निभायेंगे । I.A.S. एवं U.P.S.C. की परीक्षाओं में ज्यादातर अंग्रेजी माध्यम के विद्यार्थी पास हो रहे हैं, उसके बाद हिन्दी माध्यम के तथा शेष भारतीय भाषाओं के विद्यार्थी इक्का दुक्का पास होते हैं ।

ग्लोबल इंडिया बनाम पोंगा पंडित भारत तथा 'हिन्द स्वराज' के रास्ते पर चल रहा है? बैंक, रेलवे, भारतीय थल, जल, वायु सेना, C.R.P.F., B.S.F., कर्मचारी चयन आयोग, C.S.I.R. एवं U.G.C., NET की परीक्षाओं का माध्यम अंग्रेजी एवं हिन्दी है । इस प्रकार की संघात्मक व्यवस्था संविधान के अनुच्छेद ३४३ से ३५१ तक के कारण है । फिलहाल शिक्षित नौजवानों के साथ इतनी बडी धोखाधडी कहीं न कहीं नक्सल, माओ एवं आतंकवादी गतिविधियों को आमंत्रित कर रही है । U.G.C. से मान्यता लेकर सभी राज्य सरकारें SLET (सेट) की परीक्षा लेती हैं परंतु छात्रवृत्ति (फेलोशिप) नहीं देती हैं । फिलहाल राज्य सरकारें तमाम उत्सव करेंगी परंतु योग्य गरीब विद्यार्थियों को छात्रवृत्ति नहीं देंगी । फिलहाल सम्मिलित रक्षा सेवाएं (C.D.S.) सम्मिलित इंजीनियरिंग सेवाएँ (C.E.S.), सम्मिलित स्वास्थ्य सेवाएँ (C.H.S.) साख्यिकी सेवाएँ, राष्ट्रीय रक्षा अकादमी (N.D.A.) की परीक्षाओं का माध्यम मात्र अंग्रेजी है । लोकतंत्र के नाम बड़ी मछली छोटी मछली को भाषा के स्तर पर भी खा रही हैं । 'हिन्द स्वराज' में प्रदत्त त्रिभाषा सिद्धांतों का पालन भली प्रकार राज्य सरकारे करें तो अभ्यर्थियों में गलतफहमी का प्रचार प्रसार न हो ।

विद्यार्थी किसी भी प्रदेश का क्यों न हो परंतु उसकी सम्प्रेषण स्किल को व्यापक स्तर पर बढ़ाया जाय । राज्य शिक्षा बोर्ड को भी N.C.E.R.T. की तरह शिक्षा के स्तर को बरकरार रखना होगा । इसी तरह केन्द्रीय विश्वविद्यालयों की तरह राज्य विश्वविद्यालय, डीम्ड विश्वविद्यालय एवं निजी विश्वविद्यालयों को भी वैश्विक शैक्षिक स्तर को बनाना होगा । राष्ट्रीय मूल्यांकन एंव प्रत्यायन परिषद (NAAC) यू.जी. सी. एवं राज्य सरकारों की डर से गलत A.P.I. बनाना विश्वविद्यालय, देश, भाषा एवं संस्कृति के हित में नहीं है । फिलहाल लोकतंत्र में हमें गलत बहुमति के आधार पर कराना सिखाया जाता है । इसलिए योग्य, ईमानदार शिक्षकों एवं प्राध्यापकों का चयन करना अनिवार्य है । होता एवं वाई के अलघ समिति की सिफारिशों को अमल में लाना चाहिए जिससे बारहवीं कक्षा में ही यह तय हो जाय कि जो विद्यार्थी I.I.T., N.D.A., I.A.S. में जाना चाहते है उन विद्यार्थियों को प्रतियोगी परीक्षा के आधार पर उस दिशा में और प्रशिक्षित किया जाय । इसलिए त्रिभाषा सूत्र के आधार पर प्राथमिक से लेकर उच्च शिक्षण देना अनिवार्य है । जिस तरह अंग्रेजी एवं हिन्दी में अद्यतन पत्र-पत्रिकाएं निकल रही हैं उसी तरह से सभी भारतीय भाषाओं में पत्र-पत्रिकाएं निकलनी चाहिए । इसलिए हमारे यहाँ I.A.S. एवं P.C.S. के अधिकारियों के बीच जमीन आसमान का अंतर है । इसलिए I.I.T., I.I.M. एवं Medical के ज्यादा से ज्यादा अभ्यर्थी I.A.S. की परीक्षा में हर वर्ष पास हो रहे हैं । हमारे देश में उच्च गुणयुक्त शिक्षा का अभाव सतत खटकता रहता है । इमारतों के दिखावे के आधार पर शिक्षा का प्रचार-प्रसार नहीं होता है बल्कि जीवंत एवं समकालीन शिक्षा योग्य, ईमानदार शिक्षक एवं प्राध्यापक ही दे सकते हैं । इसलिए विद्यार्थियों के भविष्य के साथ खिलवाड़ करना किसी भी देश एवं प्रदेश के लिए अच्छा नहीं है । इसलिए संघ लोकसेवा आयोग ने मार्च २०१३ के रोजगार समाचार में २५ अभ्यर्थी होने पर उस भाषा में उत्तर लिखने की छूट देगा, इस प्रकार का निर्देश हास्यास्पद लगता है तथा भारतीय भाषाओं के प्रति उपेक्षित दृष्टिकोण का द्योतक है । फिलहाल देश के नागरिकों एवं बुद्धिजीवियों के प्रत्युत्तर का इंतजार रहेगा । सांसदों को भी कई बार यह पता नहीं होता हैं कि संसद में कुछ और चर्चा होती है तथा व्यवहार में विज्ञापन कुछ और का ही हो रहा है । इसलिए मातृभाषा, सम्पर्क भाषा एवं विदेशी भाषा के व्यवस्थित ज्ञान न होने पर शोषण को ही बढ़ावा दिया जा रहा है ।

(डी-४, नीलकंठ बंगलोज, यमुना पार्क के पास,
वल्लभ विद्यानगर, आणंद, गुजरात ३८८ १२०.
सचलभाष: ०२६९२-२३३६२९, सचलभाष: ९४२७४५९५५२.
मो.: ९४०९२१४६१९ ईमेल: shukla.shiv67@gmail.com)

# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૭મું અધિવેશન

**ગિરીશ ચૌધરી**

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૭મું અધિવેશન મિલ્ક સિટી આણંદના આંગણે, સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન.એસ. પટેલ આર્ટ્સ કૉલેજના યજમાનપદે તા. ૨૪-૨૫-૨૬ ડિસેમ્બર ૨૦૧૩ દરમિયાન યોજાઈ ગયું. અધિવેશનના પ્રમુખ તરીકે જાણીતા કવિ-વિવેચક ડૉ. ધીરુ પરીખ બિરાજમાન હતા. અધિવેશનની ઉદ્‌ઘાટન બેઠકનો પ્રારંભ તા. ૨૪ ડિસેમ્બરના રોજ ૩.૦૦ કલાકે થયો હતો. મંચસ્થ મહાનુભાવો સર્વશ્રી ધીરુ પરીખ, વર્ષા અડાલજા, રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ, કુલીનચંદ્ર યાજ્ઞિક, હર્ષદ ત્રિવેદી, અનિલા દલાલ, પ્રફુલ્લ રાવલ, રાજેન્દ્ર પટેલ, ઉષા ઉપાધ્યાય, કીર્તિદા શાહ, જનક નાયક, રવીન્દ્ર પારેખ, યજમાન સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ભીખુભાઈ પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢ અને સંસ્થાના આચાર્ય ડૉ. મોહનભાઈ પટેલે દીપ પ્રગટાવી અધિવેશનનો પ્રારંભ કરાવ્યો હતો.

ગુજરાત તથા દેશભરમાંથી પધારેલા સાહિત્યકારો, સાહિત્યરસિકો અને વિદ્યાર્થીઓથી ખીચોખીચ ભરાયેલા સભામંડપમાં પરિષદના પ્રમુખપદનો કાર્યભાર વર્ષા અડાલજાએ ધીરુભાઈ પરીખને સોંપ્યો હતો. આરંભે એન.એસ. પટેલ આર્ટ્સ કૉલેજના આચાર્ય ડૉ. મહોનભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા. સ્વાગત સમિતિના પ્રમુખ અને સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ભીખુભાઈ પટેલે સર્વેનું સ્વાગત કરતાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, 'સાહિત્યકારો અને સાહિત્યરસિકો માટે આ ઉજવણીનો પ્રસંગ છે કોઈપણ સંસ્કૃતિનું વહન મંદિર અને સાહિત્ય દ્વારા થાય છે. મંદિરો તૂટી શકે છે, પણ સાહિત્ય તૂટતું નથી. પેઢી દર પેઢી સાહિત્યથી સંસ્કૃતિને જાણી શકાય છે.' તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૫૦મું અધિવેશન આ જ સ્થળે યોજાય તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી. સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનસત્રના આયોજનથી અધ્યાપકો અને ભાષા-સાહિત્યના વિદ્યાર્થીઓને એક વિશિષ્ટ અનુભવમાંથી પસાર થવાનું બનશે જે ઘણું જ આવકારદાયક છે.

નવા વરાયેલા પ્રમુખ શ્રી ધીરુભાઈ પરીખે 'સર્જક અને સ્વાતંત્ર્ય' વિષય પર પ્રમુખીય વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે, સાચો સર્જક કોઈ પણ કાળે કોઈની પણ શેહશરમમાં આવતો નથી. ક્યારેક તો એ પોતાની સર્જનાત્મક ચિત્તાવસ્થા ટાણે પોતાને પણ વશ ન હોય તેવું બની શકે. આ જ છે ખરા અર્થમાં સર્જકની સ્વાયત્તતા. સર્જન એ સર્જકની અંગત બાબત છે. એમાં કોઈની દખલગીરી ચાલે નહિ, સર્જક ચલાવી પણ ના લે. અત્યારે અને આવનાર કાળમાં પણ સર્જકની સ્વતંત્રતા સૌથી મોખરે રહેશે, રહેવી જોઈએ એવી મારી દૃઢ માન્યતા છે. તેમણે ગુજરાતી અને વિદેશી સાહિત્યના અવતરણો ટાંકીને પોતાના પ્રવચનનો હાર્દ રજૂ કર્યો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદનાં નિવૃત્ત થતાં પ્રમુખ વર્ષાબેન અડાલજાએ પોતાના વક્તવ્યમાં સર્જનનો આનંદ વ્યક્ત કરતાં કહ્યું હતું કે સાહિત્યસર્જન સમાજ માટે માર્ગદર્શક બને છે.

સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક વક્તવ્યમાં ચરોતર પ્રદેશના મહાપુરુષો અને સર્જકો સરદાર વલ્લભભાઈ પટેલ, ભાઈકાકા, એચ.એમ. પટેલ, બાબુભાઈ જશભાઈ પટેલ, ઈશ્વર પેટલીકર, જોસેફ મેકવાન, રાવજી પટેલ, જશવંત શેખડીવાળા, પ્રમોદકુમાર પટેલ, જયંત ગાડીત વગેરેના પ્રદાનને સ્મરીને આ પ્રદેશની પ્રજાની ખુમારીને બિરદાવી હતી. પરિષદના મંત્રી શ્રી રાજેન્દ્ર પટેલે પરિષદ દ્વારા યોજાતા વ્યાખ્યાનો, પરિસંવાદો, પ્રકાશન પ્રવૃત્તિ, ક.લા. સ્વાધ્યાય મંદિર અંતર્ગત થતી પ્રવૃત્તિઓ, પાક્ષિકી, બુધસભા, ગ્રંથ સાથે ગોઠડી, અનુવાદ, અભિમુખતા જેવા વિશિષ્ટ કાર્યક્રમો સહિત વર્ષ દરમિયાન થતી વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે 'પરિષદની પ્રવૃત્તિઓમાં દર ત્રણ દિવસે એક કાર્યક્રમ થાય છે, જેના થકી પરિષદ જનસમાજ સુધી પહોંચવાનો સંનિષ્ઠ પ્રયાસ કરે છે.' ઉદ્‌ઘાટન

બેઠકનું સંચાલન અને આભારદર્શન ડૉ. અજયસિંહ ચૌહાણે કર્યું હતું.

અધિવેશનની પ્રથમ બેઠક ૨૪ ડિસેમ્બરના રોજ રાત્રે ૮.૩૦ કલાકે આરંભાઈ હતી. આસ્વાદની આ બેઠકનો વિષય હતો 'છંદ રાજેન્દ્રઃ રાજેન્દ્ર શાહની કવિતાઓ.' વિભાગીય અધ્યક્ષ શ્રી ધીરુ પરીખની અનુપસ્થિતિમાં તેમનું લેખિત વ્યાખ્યાન શ્રી યોગેશ જોશીએ વાંચ્યું હતું. 'રાજેન્દ્ર શાહઃ લયનો ઉત્સવ' વિષયક લેખિત વક્તવ્યમાં શ્રી ધીરુ પરીખે રાજેન્દ્ર શાહની કવિતાનો સુપેરે પરિચય કરાવ્યો હતો અને કવિની લયસૂઝને બિરદાવી હતી.

સર્વશ્રી મણિલાલ પટેલ, ઉષા ઉપાધ્યાય, હર્ષદ ત્રિવેદી અને પ્રવીણ પંડ્યાએ રાજેન્દ્ર શાહનાં ખૂબ જાણીતાં કાવ્યો નિરુદ્દેશે, આયુષ્યના અવશેષે, શ્રાવણી મધ્યાહ્નને, કેવડિયાનો કાંટો, ઈંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર વગેરે કાવ્યોનું સુંદર પઠન કર્યું હતું. શ્રી નિરંજન રાજ્યગુરુએ બેઠકના ઉત્તરાર્ધમાં પોતાના સૂરિલા કંઠે પાંચેક ભજનો રજૂ કરી બેઠકમાં રંગત જમાવી હતી. આ બેઠકનું સંચાલન શ્રી રાજેન્દ્ર પટેલે કર્યું હતું.

તા. ૨૫મીની સવારે ૯.૩૦ કલાકે સત્રની બીજી બેઠકનો પ્રારંભ થયો હતો. આ બેઠકનો વિષય હતો 'કવિતાઃ સાહિત્યસ્વરૂપ – કેફિયત.' બેઠકના અધ્યક્ષ શ્રી માધવ રામાનુજ નાદુરસ્ત તબિયતને કારણે ઉપસ્થિત રહી શક્યા નહોતા. તેમનું લેખિત વ્યાખ્યાન – 'કંઈક વિશેષ' શ્રી સતીષ વ્યાસે વાંચ્યું હતું. ચરોતરના કવિ હરીશ મીનાશ્રુએ કવિતાની કેફિયત રજૂ કરતાં પોતાની કાવ્યસર્જનની પ્રક્રિયા વર્ણવી હતી. કવિતામાં ભાષાકર્મ વિશે વાત કરતાં તેમણે કહ્યું હતું કે 'ભાષાકર્મ કવિના આશ્રય અને આશયનું પરિણામ છે.' મનોહર ત્રિવેદીએ પોતાની કેફિયતમાં ગામ, પરિવાર અને ગ્રામજનો પાસેથી મેળવેલા આવેગો અને સંવેદનાઓ પોતાના સર્જનમાં કેવી રીતે વણાઈ જાય છે; ઉપકારક બને છે તેની વાત કરી હતી. જલન માતરીએ પોતાની કેફિયતમાં જણાવ્યું હતું કે 'શેર-શાયરી દિલની વાત છે અને દિલની જબાનથી લખાય છે.' આ બેઠકનું સંચાલન શ્રી નીતિન વડગામાએ કર્યું હતું.

સત્રની ત્રીજી બેઠકનો પ્રારંભ ૩.૦૦ વાગે થયો હતો. 'વિવેચન-સંશોધન'ની આ બેઠકના અધ્યક્ષ શ્રી અજિત ઠાકોર હતા. તેમણે 'ભારતીય પરંપરામાં શાસ્ત્રીય વિમર્શની પદ્ધતિઓઃ ટીકાના વિશેષ સંદર્ભમાં' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે 'ભારતીય પરંપરામાં શાસ્ત્રીય વિમર્શની સમગ્ર પ્રક્રિયા વિમર્શના જુદા જુદા તબક્કે જુદી જદી પદ્ધતિઓ પ્રયોજે છે.' વધુમાં તેમણે કહ્યું હતું કે ભારતીય પરંપરામાં દાર્શનિક, શાસ્ત્રીય વિવેચક અને સર્જકને કવિ ગણવામાં આવ્યા છે. આ બેઠકના વક્તાઓમાં શ્રી હર્ષવદન ત્રિવેદીએ 'આધુનિક પારિભાષિક શબ્દો-સંજ્ઞાઓની ઘડતર પ્રક્રિયા' વિશે વાત કરતાં કહ્યું હતું કે ફ્રેન્ચ ભાષા વાયા અંગ્રેજી થઈને ગુજરાતીમાં આવે ત્યારે સંક્રમણની સમસ્યા ઉદ્ભવે છે, તેનો ઉકેલ આપસૂઝથી જ લાવી શકાય છે. શ્રી હસિત મહેતાએ 'છેલ્લા દાયકાના પદવી કેન્દ્રી સંશોધનની દિશા અને ગતિ' વિશે વર્તમાન પદવીકેન્દ્રી સંશોધનની નિરાશાજક સ્થિતિ અંગે અજંપો વ્યક્ત કર્યો હતો. 'મધ્યકાલીન સાહિત્ય અને વર્તમાન સંદર્ભ' વિષય પર શ્રી રાજેશ પંડ્યાએ અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે 'મધ્યકાલીન સાહિત્ય વર્તમાનને ઓળખવામાં-સમજવામાં તેમજ સ્વઓળખ માટે મદદરૂપ બની રહેશે.' આ બેઠકનું સંચાલન કીર્તિદા શાહે કર્યું હતું.

સત્રની ચોથી બેઠકમાં યજમાન સંસ્થા તરફથી આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રે ૮.૩૦ કલાકે રજૂ થયો હતો. આ બેઠકમાં સતીષ વ્યાસ લિખિત 'અંગુલિમાલ' અને ચંદ્રવદન મહેતા લિખિત 'હોહોલિકા' નાટકો ભજવાયાં હતાં. શ્રી કવિત પંડ્યાના દિર્ગદર્શનમાં તૈયાર કરાવાયેલાં આ બંને નાટકોમાં કૉલેજના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ અભિનય કર્યો હતો. સરદાર પટેલ યુનિવર્સિટીના યુથ ફેસ્ટીવલમાં પ્રથમ ક્રમે આવેલું રાજસ્થાની લોકનૃત્ય અને એક શાસ્ત્રીય નૃત્ય રજૂ થયાં હતાં. આ બેઠકનું સંચાલન ડૉ. અજયસિંહ ચૌહાણે કર્યું હતું.

સત્રની પાંચમી બેઠકનો પ્રારંભ તા. ૨૬મીની સવારે ૯.૦૦ કલાકે થયો હતો. 'શિક્ષણના માધ્યમ તરીકે સાહિત્ય' વિષયક આ બેઠકના અધ્યક્ષ આર.બી. શાહ હતા. 'ભાષા સાહિત્યનો વિકાસ અને શિક્ષણ' વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રી આર.બી. શાહે જણાવ્યું હતું કે 'આપણી શિક્ષણપ્રથા વિદ્યાર્થીઓમાં વાચનની આદત કેળવી શકતી નથી. જેથી શિક્ષણનો બોજો સાહિત્યએ ઉપાડવો પડે છે. પરીક્ષાલક્ષી જ નહિ પરંતુ કારકિર્દીલક્ષી બની ગયેલા શિક્ષણને કેવી રીતે બદલવું તે ચિંતાનો પ્રશ્ન છે.' સાહિત્યના ઉત્કર્ષ માટે

શું જરૂરી છે તથા શિક્ષણની નિષ્ફળતાનાં કયા કારણો છે તેની વિગતે છણાવટ કરી હતી. શ્રી ધવલ મહેતાએ 'શિક્ષણ અને સાહિત્ય' વિષય પર વિગતપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે ટેકનિકલ અને મેનેજમેન્ટના પ્રોફેશનલ કોર્સમાં સાહિત્યનો અભ્યાસ વૈકલ્પિકરૂપે દાખલ કરવાની વાત કરી હતી. શ્રી રઘુવીર ચૌધરીએ 'સમૂહ માધ્યમ અને સાહિત્ય' વિષય પર વક્તવ્ય આપતાં સાહિત્યને અન્ય માધ્યમ સાથે સાંકળવાની વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે શિક્ષકનું મુખ્ય કામ શિક્ષણનું છે. વર્તમાન સમયમાં સંવાદ સાધવાના ઘણા નવા માધ્યમો અસ્તિત્વમાં આવ્યા છે; જેમાં ઘણા જોખમો પણ રહેલા છે. શિક્ષણથી સાહિત્ય સુધી કેવી રીતે પહોંચી શકાય એ મહત્ત્વનું છે. શ્રી સુદર્શન આયંગરે 'સમાજવિજ્ઞાનમાં સાહિત્ય' વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે 'સાહિત્ય સારા કેસસ્ટડી પૂરા પાડે છે. દેશની સામાજિક વ્યવસ્થા એ શાસન વ્યવસ્થાથી અધિક હોતી નથી. કવિ કલ્પનાથી ભવિષ્યમાં આવનાર સંકટને જોઈ શકે છે.' આ બેઠકનું સંચાલન શ્રી જનક નાયકે કર્યું હતું.

સત્રની છઠ્ઠી સમાપન બેઠકમાં ઠરાવો પસાર કરવામાં આવ્યા અને દિવંગત સાહિત્યકારોને ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી. અધિવેશન અંગે પોતાનાં પ્રતિભાવોમાં પૂર્વ પ્રમુખ વર્ષાબહેન અડાલજાએ ગુજરાતમાં સાહિત્યકારોની થતી ઉપેક્ષા માટે અસંતોષ વ્યક્ત કર્યો હતો. પરિષદના ઉપપ્રમુખ શ્રી રવીન્દ્રભાઈએ જણાવ્યું હતું કે 'પરિષદમાં નવા લેખકોની ગેરહાજરી ચિંતાનો વિષય છે. અધિવેશનમાં શક્ય હોય તેટલા નવા સભ્યોને લાવવાના પ્રયાસો કરવા જોઈએ. સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ભીખુભાઈ પટેલે પોતાના પ્રતિભાવમાં અધિવેશનને સફળ ગણાવી પ્રસન્નતા વ્યક્ત કરી હતી. સંસ્થાના આચાર્ય ડૉ. મોહનભાઈ પટેલે અધિવેશનને સફળ બનાવનાર સાહિત્ય પરિષદના હોદ્દેદારો તથા સ્ટાફ પરિવારનો આભાર માન્યો હતો.

આ અધિવેશન દરમિયાન પુસ્તક મેળાનું આયોજન થયું હતું. જેમાં ૪૦% વળતરથી પુસ્તકોનું વેચાણ થયું હતું. પુસ્તક મેળામાં લગભગ ૪ લાખ રૂપિયાનાં પુસ્તકોનું વેચાણ થયું હતું. અધિવેશનની બધી જ બેઠકોમાં મોટી સંખ્યામાં શ્રોતાઓની હાજરી રહી હતી.

(પદ્મ બંગલો, શાસ્ત્રીમાર્ગ, બાકરોલ રોડ, વલ્લભ વિદ્યાનગર
મો. ૯૪૨૬૬૬૧૨૨૧)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

## વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## સંદર્ભસૂચિ તથા પાદનોંધો માટેની પદ્ધતિ

બી.એન. ગાંધી

કોઈ પણ વિષયની સંબંધિત સંશોધન લેખ/અભ્યાસ લેખ કે લઘુશોધ નિબંધ/મહા નિબંધ તૈયાર કરનાર વ્યક્તિને અનેક પુસ્તકો તેમજ વિવિધ સાધનો—હસ્તપ્રતો, દસ્તાવેજો સામયિકો, પુરાતત્ત્વીય અવશેષો વગેરે-નો ચીવટપૂર્વક અભ્યાસ કરી, એમાંથી પોતાના વિષયને પ્રસ્તુત હોય એવી વિગતો/માહિતી તારવવી પડે છે. આ રીતે તારવેલ સામગ્રીનો તે પોતાના આલેખનમાં જ્યાં જરૂર હોય ત્યાં – યથાસ્થાને તેનો ઉપયોગ કરે છે. એના દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલ પુસ્તકો તેમજ વિવિધ સાધનોની વિસ્તૃત યાદી પોતાની રચનાના અંતે આપે છે. (ક્યારેક આલેખનમાં ઉપયોગમાં ન લીધા હોય એવા પુસ્તકો, જે એના વિષય માટે પ્રસ્તુત હોય, એમનો પણ સમાવેશ સંદર્ભ સૂચિમાં કરવામાં આવે છે.) આ વિસ્તૃત યાદી એટલે Bibliography–સંદર્ભગ્રંથ સૂચિ.

સંદર્ભ સૂચિમાં પુસ્તકો અને સાધનોની ગોઠવણી એક ચોક્કસ પદ્ધતિ મુજબ કરવી પડે છે. આ માટેની વિવિધ પદ્ધતિઓ છે. દા.ત. Modern Language Association (MLA) System, McGrew-Hill System, American Psychological Association (APA) System, Harvard System.

### કેટલીક સ્પષ્ટતાઓ:

૧. સંદર્ભસૂચિ કે પાદનોંધમાં લેખકના નામ સાથે Dr. (ડૉ.), Prof. (પ્રા.) કે 'શ્રી'નો ઉલ્લેખ કરવામાં આવતો નથી.

૨. સંદર્ભસૂચિમાં સમાવિષ્ટ પુસ્તકોને ક્રમાંક (૧,૨,૩...) આપવામાં આવતો નથી.

૩. અન્ય ભાષામાં લેખકની initials (નામના પ્રથમાક્ષર) જે પ્રમાણે હોય એ મુજબ અંગ્રેજીમાં કરી શકાય નહિ. દા.ત., દુ.કે. શાસ્ત્રીનું Du.Ke. ન કરી શકાય. એ D.K. થાય.

૪. પુસ્તક પર લેખકનું નામ જે દર્શાવેલ હોય એ મુજબ initial આપી શકાય. દા.ત., મકરંદ મહેતા – મહેતા, મ. થાય. મકરંદ જ. મહેતા, મ.જ. થાય.

૫. સંદર્ભસૂચિમાં સમાવિષ્ટ પુસ્તકોની યાદી લેખકોના નામની ગોઠવણી જેતે ભાષાની કકાવારી મુજબ કરવામાં આવે છે. દા.ત., અંગ્રેજીમાં A,B,C, ના ક્રમમાં, ગુજરાતીમાં અ.આ.ઈ... ક,ખ,ગ,ના ક્રમમાં. અંગ્રેજીમાં સંદર્ભસૂચિની ગોઠવણી કોમ્પ્યુટરની મદદથી સરળતા અને ઝડપથી થઈ શકે છે.

### લેખકના નામની initials :

ગુજરાત અને મહારાષ્ટ્ર સિવાય દેશના અન્ય વિસ્તારોમાં વ્યક્તિના નામ સાથે ભાગ્યે જ એના પિતાના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે, તેમજ ક્યારેક અટક પણ આપવામાં આવતી નથી. જ્યાં લેખકનું નામ, પિતાનું નામ અને અટક (initialsમાં કે પૂરા નામ) આપવામાં આવ્યા હોય ત્યાં initials નીચે દર્શાવ્યા મુજબ થશે.

દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી – દુ.કે. શાસ્ત્રી (D.K. Shastri)

દામોદર ધર્માનંદ કોસામ્બી – દા.ધ. કોસામ્બી (D.D. Kosambi)

જ્યાં પિતાના નામનો અને ક્યારેક અટક પણ આપેલ ન હોય ત્યાં લેખક જે રીતે પોતાનું નામ દર્શાવ્યું હોય એ મુજબ જ initials કરી શકાય, દા.ત.,

Jadu Nath Sarkar – J.N. Sarkar (જ.ના. સરકાર)

Ramesh Chandra Majumdar – R.C. Majumdar (ર.ચં. મઝુમદાર)

ઉમાશંકર જોષી – U. Joshi (ઉ. જોશી)

મણિબહેન પટેલ – મ. પટેલ (M. Patel)

નામમાં કેપિટલ અક્ષરનો ઉપયોગ કરવામાં આવેલો હોય ત્યાં જેટલા કેપિટલ અક્ષર આવતા હોય એનો નિર્દેશ પણ કરવો પડે છે. દા.ત.

Virendra Pal Singh Raghuvanshi – V.P.S. Raghuvanshi, Vishvanath Pratap Singh – V.P. Singh.

સંદર્ભસૂચિમાં પુસ્તકના લેખકનું નામ, પુસ્તકનું શીર્ષક, પ્રકાશકનું નામ, પ્રકાશકનું સ્થળ અને વર્ષની વિગતો આપવી પડે છે. દા.ત.,

### MLA પદ્ધતિ મુજબઃ (એક લેખક માટે)

Sarkar, J.N. A short History of Auranzeb. Calcutta: M.C. Sarkar. 1954.

APA પદ્ધતિ મુજબઃ- Sarkar, J.N., A Short History of Auranzeb: Calcutta: M.C. (1954) Sarkar.

### MLA (બે કે વધુ લેખકો):

Gopal, S., Romila Thapar, eds. Problems of Historical Writing in India. New Delhi: India International Centre, 1966.

### APA મુજબઃ

Gopal, S. & Thapar, R. (1966). Problems of Historical Writing in India, New Delhi: India International Centre.

## MLA

મુજબ પુસ્તક જો ૧૯૯૦ પહેલા પ્રકાશિત થયું હોય તો પ્રકાશકનું નામ બાદ કરી શકાય અને પ્રકાશન સ્થળ પછીઃ ના બદલે, (અલ્પવિરામ) મૂકવું પડે (પૃ. 187).

ઉપર દર્શાવેલ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે પ્રત્યેક પદ્ધતિમાં પુસ્તક વિશે એક જ પ્રકારની વિગતો આપવામાં આવે છે પણ એ વિગતોની ગોઠવણીમાં તથા વિરામચિહ્નોના ઉપયોગમાં ભિન્નતા હોય છે. ભારતીય ઇતિહાસકારોએ આ પદ્ધતિઓમાં આધુનિક વલણોને અનુરૂપ રહે એવા ફેરફારો (Modify) કર્યા છે. બહુધા ભારતીય ઇતિહાસકારો સંદર્ભસૂચિ માટે એને અનુસરે છે.

### એક લેખક માટેઃ

દેસાઈ, એ.આર., ભારતમાં રાષ્ટ્રવાદની સામાજિક ભૂમિકા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૧૯૭૭.

ચંદ્ર, બિપિન, ભારત મેં આર્થિક રાષ્ટ્રવાદ કા ઉદય ઔર વિકાસ, મેકમિલન, ૧૯૭૭.

### બે કે ત્રણ લેખકોઃ

કોરાટ, પી, જી., એસ, વી, જાની. અને જે.ડી. ભાલ., ભાવનગર રાજ્યનો ઇતિહાસ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૧૯૫૫.

### ત્રણથી વધુ લેખકોઃ

ગ્રે.વુડ, અને અન્ય હિસ્ટોરિયન હેન્ડ બુકઃ એ કી ટુ ધ સ્ટડી એન્ડ રાઈટીંગ ઓફ હિસ્ટરી, હાઉટન મિફલીન કંપની, બોસ્ટન, ૧૯૬૪. અંગ્રેજીમાં અન્યના સ્થાને et al. નો ઉપયોગ કરાય છે.

### સંપાદિત પુસ્તકઃ

પરીખ, ર.છો., હ.ગ. શાસ્ત્રી (સંપા.), ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ-૧, ઇતિહાસની પૂર્વભૂમિકા, ભો.જે. અધ્યયન–સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૧૯૭૨.

અંગ્રેજીમાં સંપાદક માટે ed. નો ઉપયોગ કરાય છે.

પ્રકાશન વર્ષના ઉલ્લેખ વગર

દેસાઈ, ઈ.,સૂ. (સંપા.), બૃહદકાવ્ય દોહન, ભાગ ૧, ૭મી આ. ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ, મુંબઈ, વ.ઉ.ન.

આ આવૃત્તિનો ઉલ્લેખ પુસ્તકના શીર્ષક બાદ (7th ed..) દર્શાવાય છે.

વ.ઉ.ન. માટે અંગ્રેજીમાં n.d. વપરાય છે.

### પુનઃમુદ્રિત પુસ્તકઃ

મોદી, ન., સંઘર્ષમાં ગુજરાત, ૧૯૭૮, પુ.મુ. સાધના, અમદાવાદ, ૨૦૦૦.

**સંપાદિત પુસ્તકમાંનો લેખઃ**

મ. મહેતા, ગાંધીજી અને ગુજરાતમાં તેમના કાર્યકરો, પી.જી. કોરાટ, અને મ. દેસાઈ(સંપા). ભારતના સ્વાતંત્ર સંગ્રામમાં પાયાના કાર્યકરોનું પ્રદાન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર, ૧૯૯૯.

એક જ લેખકના બે કે તેથી વધુ પુસ્તકોઃ

રો. પંડ્યા., સાસ્થાનિક ભારતમાં કિસાન આંદોલનો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ (૧૮૫૮-૧૯૪૭), યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૦૪.

------, ગુજરાતના ગ્રામીણ સમાજનું પરિવર્તન અને ગાંધીવાદી નેતૃત્વ, પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ, ૨૦૦૦.

**લેખક સ્વયં પ્રકાશનઃ**

પંડ્યા, જિ.એમ., ઐતિહાસિક લેખ સંગ્રહ, લેખક, વલ્લભ વિદ્યાનગર, ૨૦૦૬.

**અપ્રકાશિત ગ્રંથઃ**

કોરાટ, પી.જી. "શ્રી ગૌરીશંકર ઓઝા(ગગા ઓઝા)નું ભાવનગર રાજ્યના ઘડતરમાં પ્રદાન", પીએચ.ડી.નો અપ્રકાશિત મહાનિબંધ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૮૦.

**સેમિનારમાં રજૂ કરેલ પેપર – અપ્રકાશિતઃ**

ગાંધી, બી.એન., 'મણિબહેન પટેલના જીવન અને પ્રદાન માટેના માહિતીના સાધનો, મણિબહેન પટેલ પરના વલ્લભ વિદ્યાનગરમાં આયોજિત રાજ્યકક્ષાના સેમિનારમાં રજૂ થયેલ પેપર (અપ્રગટ), ડિસેમ્બર, ૨૦૦૬.

સંદર્ભસૂચિનું વિભાગીકરણ લેખક પોતાને યોગ્ય લાગે તથા અભ્યાસીઓની સુવિધાને અનુકૂળ બની રહે એ રીતે કરે છે. દા.ત., ૧ અપ્રકાશિત અધિકૃત સાધનો, ૨. પ્રકાશિત સાધનો, ૩. અંગ્રેજી ગુજરાતીમાં પ્રસિદ્ધ પુસ્તકો, ૪. સામયિકો અને સમાચારપત્રો વગેરે.

મૂળભૂત અપ્રકાશિત સાધનોઃ દા.ત.,

(અ) રાષ્ટ્રીય દફતર ભંડાર (NAI)માં ઉપલબ્ધ Files of the Home Department.

(બ) પ્રકાશિત સાધનો. Chopra. P.N., and P.Chopra(ed.), Collected Works of Sardar Vallabhbhai Patel, 15 Volumes, Konark Pub., New Delhi, 1990-1998.

૧૯૯૦-૧૯૯૮ ગ્રંથશ્રેણીના ભાગોનો ક્રમશઃ પ્રસિદ્ધ થયાનો સમયગાળો દર્શાવે છે.

**સામયિકો અને સમાચારપત્રોઃ**

(અ) Amrit Bazar Patrika, Times of India, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદશ

(બ) અર્થાત્, વિ-વિદ્યાનગર, સામીપ્ય

સમાચારપત્રના નામમાં ઉપપદ a, an કે theનો સમાવેશ થતો હોય તો એનો ઉલ્લેખ કરવામાં આવતો નથી.

કેટલાંક સંશોધન માટે માહિતી/વિગતો મેળવવાના હેતુથી વ્યક્તિઓના ઈન્ટરવ્યૂ માટે વ્યક્તિઓની મુલાકાત (Fieldwork) લેવી પડે છે. મુલાકાત લેવામાં આવેલી વ્યક્તિઓની યાદીમાં વ્યક્તિનું નામ, ગામનું નામ તથા મુલાકાતની તારીખ દર્શાવવામાં આવે છે. આ યાદીને સંદર્ભ સૂચિમાં અલગ મથાળા હેઠળ સમાવવામાં આવે છે.

ઈન્ટરનેટ પરથી માહિતી મેળવવામાં આવી હોય Retrieve તો તેનો નિર્દેશ સંદર્ભસૂચિમાં પૃથક મથાળા નીચે કરવામાં આવે છે.

World Health Organisation (WHO) Genevea

http:/www.who.ch/

The Hostory and Philosophy of Project Gutenberg.

(૧૪૧, પ્રભાકુંજ સોસાયટી, શ્રીમાળી વાડી પાસે,
ગોધરા – ૩૮૯ ૦૦૧. મો.: ૯૮૨૫૪૨૨૩૦૧)



## મણિબહેન અને સામાન્ય ચૂંટણીઓ

ડી.એચ. મોદી

### ૧. પ્રસ્તાવના

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે હિંદુ બ્રિટિશ શાસનની બેડીઓમાંથી મુક્ત થયું. સ્વતંત્ર ભારત માટે બંધારણ ઘડવાનું કાર્ય બંધારણ સભાએ ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ કર્યું અને તેને 'Hereby adopt, enact and give to ourselves this Constitution.'

આ બંધારણ મુજબ ભારતને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ પ્રજાતંત્ર (Republic) જાહેર કરવામાં આવ્યું.

આ બંધારણે કરેલ જોગવાઈ મુજબ ભારતના પ્રત્યેક પુખ્ત વયના (૨૧ વર્ષની વય, જે પાછળથી ૧૮ વર્ષની કરવામાં આવી છે.) નાગરિકને લિંગ, જાતિ, સંપ્રદાય કે ધર્મના ભેદભાવ વગર એક સમાન મતાધિકાર આપવામાં આવેલા છે. સંસદે ચૂંટણીઓ યોજવા માટે The Representation of the People Act, 1950 and 1952 તેમજ The Delimitation Commission Act, 1952 પસાર કર્યો.[૧] આમાં ચૂંટણીની પ્રક્રિયા માટેના આદેશો તથા નિયમો ઉમેરવામાં આવ્યા. ચૂંટણી યોજવા માટેની તૈયારીઓ પૂર્ણ થયેથી ૧૯૫૨માં સ્વતંત્ર ભારતની પ્રથમ લોકસભા માટેની સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવી.

### ૨. ૧૯૫૨ની સામાન્ય ચૂંટણી

પ્રજામાં સામાન્યતઃ એવી માન્યતા છે કે સરદાર પટેલના વારસો રાજકારણ અને ચૂંટણીઓથી દૂર રહ્યા હતા. પણ વાસ્તવિકતા તદ્દન જુદી છે. ૧૯૫૨ની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં સરદારની દીકરી મણિબહેનને મુંબઈ રાજ્યના ખેડા દક્ષિણની બેઠક માટે કોંગ્રેસે ટિકિટ આપી. આ ચૂંટણી માટે નેતાના પરિવારના સભ્યોને વંશપરંપરાગત રીતે ટિકિટ આપવાની શરૂઆત હતી, જે કાળક્રમે દૃઢપણે સ્થાપિત નીતિ બની ગઈ છે.[૨] યુપીએ-૨ સરકારના ભૂ.પૂ. રેલવે પ્રધાન દિનેશ ત્રિવેદીએ એમના પ્રસિદ્ધ એક લેખમાં કહ્યું છે, "a unique feature of the House is that Quite a large number of Members have entered. Parliament because of their family connections. As much as 70% of all women members in the Upper and Lower House have politically influential family members. All MPs under the Age of 3 0have assumed the mantle of a parent or a relative.[3]

ખેડા જિલ્લાના કોંગ્રેસ આગેવાન ત્રિભુવનદાસે ચૂંટણીમાં મણિબહેનને ખૂબ મદદ કરી હતી.[૪] અલબત્ત મણિબહેને કોઈ સભા ગજવી ન હતી કે મત માંગવા ગયાં ન હતાં છતાં તે સારી એવી સરસાઈથી જીતી ગયાં હતાં.[૫] સરદારની યાદ પ્રજાના મનમાં હજુ તાજી હતી. સામાન્ય પ્રજાનું મનોવલણ કોંગ્રેસ તરફી હતું. કોંગ્રેસનો અસરકારક વિરોધ કરે એવો કોઈ રાજકીય પક્ષ ન હતો. જે પક્ષો હતા એમની પાસે કોંગ્રેસના જેવું વિશાળ અને વ્યવસ્થિત સંગઠન પણ ન હતું. તે સમયે સામાન્યતઃ એવું માનવામાં આવતું કે જો કોંગ્રેસ થાંભલાને ચૂંટણીમાં રાખે તો પણ તે ચૂંટાઈ આવશે. આવી પરિસ્થિતિનો લાભ મણિબહેન સહિત કોંગ્રેસના લગભગ તમામ ઉમેદવારોને મળ્યો હતો. આ તથ્ય નીચે આપેલ વિગતોથી સ્પષ્ટ થાય છે:

મણિબહેન પટેલને ૧,૪૬,૨૨૩ (૬૨.૭%) મતો મળ્યા હતા જ્યારે એમની નજીકના પરાજિત અપક્ષ ઉમેદવાર લાલભાઈ દેસાઈભાઈ પટેલને ૮૬,૨૯૫(૩૭.૩%) મતો મળ્યા હતા. મણિબહેનની સરસાઈ ૫૬,૯૨૮ મતોની હતી.[૬] ગુજરાતના અન્ય વિસ્તારો/બેઠકોની માહિતી કોંગ્રેસની સબળ સ્થિતિ દર્શાવે છે.

| | બેઠક | કુલ મતદાન | કોંગ્રેસના મત | પરાજિતના મત | કોંગ્રેસના વિજેતા ઉમેદવાર | પરાજિત ઉમેદવાર |
|---|---|---|---|---|---|---|
| ૧. | ભરૂચ | ૬૩.૨ | ૪૭.૩ | ૨૯.૯ | સી.એમ. ભટ્ટ | ઉન્દુલાલ યાજ્ઞિક[૭] |
| ૨. | જામનગર | ૪૯.૧ | ૭૧.૭ | ૨૮.૩ | મનુભાઈ શાહ | મગનલાલ જોષી[૮] |
| ૩. | બનાસકાંઠા | ૩૭.૭ | ૬૫.૨ | ૨૫.૨ | અકબરભાઈ ચાવડા | ગોરધન પટેલ[૯] |
| ૪. | ખેડા ઉત્તર | ૫૮.૯ | ૫૯.૩ | ૩૩.૬ | ફૂલસિંહ ડાભી | દીનુભાઈ દેસાઈ[૧૦] |
| ૫. | ગોહિલવાડ સોરઠ | ૫૬.૭ | ૭૨.૩ | ૧૩.૩ | સી. ચકુભાઈ શાહ | હિરાચંદ ગાંધી[૧૧] |
| ૬. | ગોહિલવાડ | ૪૦.૦ | ૬૪.૬ | ૧૪.૩ | બળવંતરાય મહેતા | કે.જે. શ્રીધરાણી[૧૨] |
| ૭. | કચ્છ | ૪૯.૯ | ૪૯.૦ | ૨૪.૫ | ભવાનજી ખીમજી | ખુશાલ શાહ[૧૩] |

## ૩. ૧૯૫૭ની સામાન્ય ચૂંટણી

૧૯૫૭ના કોંગ્રેસ અધિવેશનમાં સરદારના પુત્ર ડાહ્યાભાઈને સરદાર પ્રત્યેનું વલણ યોગ્ય લાગ્યું ન હતું. આથી તેમણે કોંગ્રેસ પક્ષનું સભ્યપદ છોડ્યું. ૧૯૫૮માં તે મહાગુજરાત જનતા પરિષદના ટેકાથી અપક્ષ ઉમેદવાર તરીકે મુંબઈમાંથી રાજયસભા-સંસદના ઉપલા ગૃહની ચૂંટણી લડ્યા. આમાં વિજય થતાં તે રાજયસભાના સભ્ય બન્યા.[૧૪] સરદારની પુત્રી મણિબહેને કોંગ્રેસ છોડી ન હતી.

૧૯૫૭માં સંસદમાં નીચલા સદન 'લોકસભા'ની બીજી સામાન્ય ચૂંટણી માટે મણિબહેનને એમની અગાઉની ખેડા દક્ષિણની (હવે આણંદની બેઠકની) બેઠક પરથી કોંગ્રેસ પક્ષે ઊભાં રાખ્યાં. તેમને ૧,૬૦,૨૧૬ મતો (૫૬.૬%) મતો મળ્યા. જ્યારે એમના પ્રતિસ્પર્ધી અપક્ષ ઉમેદવાર દાદુભાઈ એમ. અમીનને ૧,૨૨,૭૮૭ મતો મળ્યા હતા. આ ચૂંટણીમાં એમના મતોની સંખ્યા અલબત્ત વધી હતી પણ ટકાવારીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો.[૧૫]

## ૪. ૧૯૬૨ની સામાન્ય ચૂંટણી

૧૯૬૦માં, ભારતમાં ભાષાવાર રાજયની થયેલ રચનાના તેમજ મહાગુજરાત આંદોલનના કારણે દ્વિભાષી મુંબઈ રાજ્યનું મહારાષ્ટ્ર અને ગુજરાતમાં દ્વિભાજન થયું. કોંગ્રેસની રીતિનીતિઓથી નાખુશ કેટલાક નેતાઓએ એક અલગ નવા રાજકીય પક્ષ – 'સ્વતંત્ર પક્ષ'ની સ્થાપના કરી હતી. અનેક નેતાઓ કોંગ્રેસના સભ્યપદનો ત્યાગ કરી આ નવા પક્ષમાં જોડાયા હતા. ભારતના રાજકારણમાં ઝડપથી પરિવર્તન પામી રહેલ માહોલમાં મણિબહેન બદલાયા કે અભડાયાં નહિ.[૧૬]

ગુજરાત રાજ્ય બન્યા પછી ટૂંક સમયમાં જ ૧૯૬૨માં લોકસભા માટેની સામાન્ય ચૂંટણી આવી પડી. આ ચૂંટણીમાં કોંગ્રેસને સ્વતંત્ર પક્ષના જોરદાર પ્રતિકારનો સામનો કરવો પડ્યો.

કોંગ્રેસ પક્ષે મણિબહેનને આણંદની બેઠક પરથી ફરી ઊભાં રાખ્યાં. તેમની સામે સ્વતંત્ર પક્ષે નરેન્દ્રસિંહ મહિડાને ઊભા રાખ્યા.

સરકારી વિભાગમાં ઈજનેર તરીકે નોકરી કરતા ખેડા જિલ્લાના વતની ભાઈલાલભાઈ ડી. પટેલ (ભાઈકાકા) સરાદર પટેલના કહેવાથી સરકારી નોકરી છોડી હતી. નોકરીમાં ફારેગ થયા પછી, તે સરદારની ઈચ્છા મુજબ ખેડા જિલ્લાના ઉત્થાન માટેના પ્રયાસોમાં સક્રિય બન્યા હતા. ભાઈકાકાને ઈજનેરી કોલેજ (બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય)ની સ્થાપના કરવા માટે સરદારના પ્રયત્નના કારણે ઘનશ્યામદાસ બિરલાએ રૂા. ૨૫ લાખનું દાન આપ્યું હતું. વલ્લભ વિદ્યાનગરના સ્થાપક ભાઈકાકાએ વ્યક્તિગત કારણથી નહીં પણ નીતિગત બાબતોમાં મતભેદોના કારણે તેમણે કોંગ્રેસ ઉમેદવાર મણિબહેન સામે, પોતાના પક્ષના ઉમેદવાર માટે જુસ્સાભેર પ્રચાર કર્યો હતો. મણિબહેનને ૧,૪૬,૭૮૭ મતો (૪૬.૬%) અને નરેન્દ્રસિંહ મહિડાને ૧,૬૯,૧૧૬(૫૩.૬%) મતો મળ્યા હતા.[૧૭] કોઠારીના જણાવ્યા મુજબ મણિબહેનનો આશરે ૧૩ હજાર મતોથી પરાજય થયો હતો.[૧૮]

વાસ્તવમાં તેમનો પરાજય ૧,૬૯,૧૧૬–૧,૪૬,૭૮૭ = ૨૨,૭૨૯ મતોથી થયો હતો.[૧૯]

સરદાર પટેલનાં પુત્રવધૂ(ડાહ્યાભાઈનાં પત્ની) ભાનુમતીબહેન ભાવનગરની બેઠક પરથી ચૂંટણીમાં સ્વતંત્ર પક્ષના ઉમેદવાર હતાં. આ બેઠક પરથી પ્રજા સમાજવાદી પક્ષના ઉમેદવાર જશવંત મહેતા અને ઈન્દિરા કોંગ્રેસના ઉમેદવાર જે.કે. મોદી હતા. જશવંત મહેતાને ૪૮.૮% મતો અને મોદીને ૪૩.૬% મતો મળ્યા હતા. ચૂંટણીમાં જશવંત મહેતા જીત્યા હતા.[૨૦] ડાહ્યાભાઈનાં પત્ની ભાનુમતીબહેનને ફક્ત ૧૪,૭૭૪ મતો મળ્યા હતા. અને તેમની ડિપોઝિટ જપ્ત થઈ.[૨૧] આચાર્ય ચંદ્રશેખર જણાવે છે કે ભાનુમતીનો પરાજય ખૂબ ઓછા મતોથી થયો હતો.[૨૨] આ હકીકત સત્યથી ખૂબ દૂર છે. એ સંભવ છે કે ડાહ્યાભાઈએ તેમને સરદારના જીવનવૃત્તાંતના આલેખનમાં ખૂબ સહાય કરી હોવાથી, એમનાં પત્નીના કારમા પરાજયનો આ રીતે નિર્દેશ કર્યો હોય.

### ૫. રાજ્યસભાની ચૂંટણી

લોકસભાની મુદત એની પ્રથમ બેઠકની તારીખથી પાંચ વર્ષની હોય છે પણ રાષ્ટ્રપતિ ગમે ત્યારે એનું વિસર્જન કરી શકે છે. રાજ્યસભાના સભ્યની મુદત છ વર્ષની હોય છે. તેના સભ્યોમાંથી ૧/૩ જેટલા સભ્યો દર બે વર્ષે નિવૃત્ત થાય છે.[૨૩] રાજ્યસભાની જગ્યાઓ માટે થતી ચૂંટણીમાં રાજ્ય ધારાસભ્યોને મત આપવાનો અધિકાર છે. ધારાસભા/વિધાનસભાના સભ્યો પ્રમાણસર પ્રતિનિધિત્વ અનુસાર ક્રમિક મત પદ્ધતિથી રાજ્યસભાના સભ્યોની ચૂંટણી કરે છે.[૨૪] જે તે રાજ્યની ખાલી પડેલી બેઠક માટેની ચૂંટણીમાં એ જ રાજ્યની વિધાનસભાના સભ્યો મત આપી શકે છે.

મણિબહેન ગુજરાતમાંથી ૧૯૬૪માં રાજ્યસભાનાં સભ્ય તરીકે ચૂંટાયાં હતાં. બંધારણની જોગવાઈ મુજબ તે રાજ્યસભાના સભ્ય છ વર્ષ – ૧૯૬૪થી ૧૯૭૦ સુધી સભ્ય રહ્યાં હતાં.

### ૬. કોંગ્રેસમાં ભંગાણ

ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણી માટે કોંગ્રેસે પોતાના ઉમેદવાર તરીકે સંજીવ રેડ્ડીની પસંદગી કરી હતી પણ પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ રેડ્ડીના બદલે વી.વી. ગિરિને સમર્થન આપ્યું. ઈન્દિરા ગાંધીને લાગ્યું કે પક્ષના સમર્થન વગર પોતે ઇચ્છે છે તેવા પરિવર્તનો કરવાનું શક્ય બનશે નહીં. આથી તે પક્ષ પર પોતાનું વર્ચસ્વ સ્થાપિત કરવા માટે દૃઢ નિશ્ચયી બન્યાં.

રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સંજીવ રેડ્ડીના પરાજયથી હતાશ બનેલ કોંગ્રેસ પ્રમુખ નિંજગીલ અપ્પાએ ઈન્દિરા ગાંધી પર પક્ષમાં લોકશાહી સમાપ્ત કરવાનું દોષારોપણ કર્યું તેમજ એમના નિકટના બે સાથી – ફખરુદ્દીન અલી અહમદ અને સી. સુબ્રમણિયમને એ.આઈ.સી.સી.માંથી બરતરફ કર્યા. નેતાઓ વચ્ચેનો કલહ, સમાધાન ન જ થઈ શકે એવી કક્ષાએ પહોંચ્યો હતો. પરિણામે પક્ષમાં ભંગાણ અનિવાર્ય બન્યું.

૧ નવેમ્બર ૧૯૬૯ના રોજ કોંગ્રેસ પક્ષની કારોબારી મળી. એ જ દિવસે ઈન્દિરા ગાંધીના નિવાસસ્થાને, એમના સમર્થકોની કારોબારી પણ મળી હતી. કોંગ્રેસની કારોબારીએ પક્ષ સામે વિદ્રોહ કરવા બદલ ઈન્દિરા ગાંધીને પક્ષના પ્રાથમિક સભ્યપદ પરથી દૂર કર્યાં. કોંગ્રેસ હવે બે ભાગમાં ઈન્દિરા કોંગ્રેસ (INC) અને સંસ્થા કોંગ્રેસ (Cong O)માં વિભક્ત થઈ ગઈ.

કોંગ્રેસ પક્ષમાં ભંગાણ પડવાથી ઈન્દિરા ગાંધીની સરકાર લઘુમતીમાં મુકાઈ ગઈ. તેમની સરકાર ડાબેરી પક્ષોના સમર્થનથી ટકી રહી. પણ ઈન્દિરા ગાંધીને લાગ્યું કે ફક્ત ડાબેરી પક્ષના સમર્થન પર નિર્ભર સરકાર લાંબા સમય સુધી સ્થિર રહી શકશે નહીં. આથી તેમણે રાષ્ટ્રપતિને ૨૭ ડિસેમ્બરના રોજ લોકસભાનું વિસર્જન કરવા જણાવ્યું. લોકસભાના વિસર્જન પછી થોડાક સમય બાદ ફેબ્રુઆરી ૧૯૭૧માં સામાન્ય ચૂંટણી યોજવામાં આવી. આ ચૂંટણીમાં ઈન્દિરા ગાંધી કોંગ્રેસ પક્ષને ૨/૩ બહુમતી પ્રાપ્ત થઈ હતી.[૨૫]

### ૭. ૧૯૭૩ની પેટા ચૂંટણી

લોકસભામાં સાબરકાંઠાની બેઠક ખાલી પડતાં, એ માટેની ચૂંટણી ડિસેમ્બર ૧૯૭૩માં કરવામાં આવી. આ ચૂંટણીમાં સંસ્થા કોંગ્રેસ પક્ષના ઉમેદવાર મણિબહેન પહેલ હતાં. એમના હરીફ ઈન્દિરા ગાંધી કોંગ્રેસના એસ.સી. પટેલ હતા. મણિબહેનને ૧,૦૫,૬૨૩ (૪૬.૨%) મતો મળ્યા જ્યારે એસ.સી. પટેલને ૧૯,૮૦૮ (૪૦.૫%) મતો મળ્યા હતા. મણિબહેનનો ૧૩,૮૧૫ મતોની સરસાઈથી વિજય થયો હતો.[૨૬]

## ૮. કટોકટીની જાહેરાત

એકાએક પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ રાષ્ટ્રપતિને સમગ્ર દેશમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવા જણાવ્યું. આ મુજબ ૨૬ જૂન ૧૯૭૬ના રોજ કટોકટીની સ્થિતિની જાહેરાત કરવામાં આવી. આ સાથે જ દેશમાં અનેક પ્રકારના પ્રતિબંધોનો અમલ શરૂ થયો. દા.ત, સભા-સરઘસોની મનાઈ, પ્રેસ પર સેન્સરશીપ, વિપક્ષી પક્ષોના પ્રમુખ નેતાઓ અને કટોકટીનો વિરોધ કરનારાઓની ધરપકડ કરવામાં આવી. સરકારના આવા દમનકારી પગલાંઓનો દેશભરમાં ઉગ્ર વિરોધ થતો રહ્યો. અંતે ઈન્દિરા ગાંધીને કટોકટીની સ્થિતિને સમાપ્ત કરવાની જાહેરાત કરવી પડી.[૨૭]

## ૯. કટોકટીની સ્થિતિનો અંત અને ૧૯૭૭ની ચૂંટણી

તા. ૧૮ જાન્યુઆરીના રોજ ઈન્દિરા ગાંધીએ ઓલ ઈન્ડિયા રેડિયો પરથી નિયત પ્રસારણમાં કટોકટીની સ્થિતિ સમાપ્ત કરવાની જાહેરાત કરી. તેમણે કહ્યું, ‘‘અમે દૃઢતાપૂર્વક માનીએ છીએ કે સંસદ અને સરકારે પ્રજા સમક્ષ જવું જોઈએ અને રાષ્ટ્રના કાર્યક્રમો તથા નીતિઓ માટે તેઓની સંમતિ મેળવવી જોઈએ.’’

લોકોની શક્તિમાં અતૂટ વિશ્વાસ હોવાના કારણે મેં રાષ્ટ્રપતિને હાલની લોકસભાનું વિસર્જન કરવાની તથા લોકસભાની ચૂંટણી માટેનો આદેશ આપવા ભલામણ કરી છે.[૨૮]

૨૦ જાન્યુઆરી ૧૯૭૭ના રોજ સરકારે કટોકટીના તમામ નિયમો હળવા કરવાની, રાજકીય પક્ષોની કાયદેસરની પ્રવૃત્તિ તેમજ પ્રેસ પરની સેન્સરશીપ પરથી પ્રતિબંધ સમાપ્ત કરવાની જાહેરાત કરી કે જેથી લોકસભાની ચૂંટણી સ્વતંત્ર અને ઉચિત વાતાવરણમાં યોજી શકાય.[૨૯] ૧૦ ફેબ્રુઆરીથી ચૂંટણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી અને માર્ચ ૧૯૭૭માં લોકસભાની તમામ ૫૪૨ બેઠકો માટેની ચૂંટણી યોજવામાં આવી.[૩૦]

૧૯૭૭ની સામાન્ય ચૂંટણીમાં ઈન્દિરા કોંગ્રેસનો સશક્ત મુકાબલો કરવા સંસ્થા કોંગ્રેસ અને અન્ય પક્ષોએ સંગઠન અને સમજૂતી કરી, ભારતીય લોકદળ (BLD)ના નામે ઉમેદવારો ઊભા રાખ્યા હતા. ભારતીય લોકદળે ઉત્તર ગુજરાતની મહેસાણાની બેઠક પરથી મણિબહેનને ઊભાં રાખ્યાં હતાં. નટવરલાલ એ. પટેલ ઈન્દિરા કોંગ્રેસના ઉમેદવાર હતા. મણિબહેન ૨,૪૦,૬૭૬(૬૩%) મતો અને એમનાં હરીફ નટવરલાલને ૧,૧૮,૬૬૪(૩૧%) મતો મળ્યા હતા. મણિબહેનનો ૧,૨૬,૧૧૨ મતોથી ભવ્ય વિજય થયો હતો.[૩૧] મણિબહેનને સરકાર વિરોધી પ્રચંડ જુવાળ (Wave)નો લાભ મળ્યો હતો. લોકદળના ઉમેદવારોએ એમના હરીફો પર સારી એવી સરસાઈથી વિજય મેળવ્યા હતા. આ બાબત નીચે આપેલા તાલિકા (ટેબલ)થી સ્પષ્ટ થાય છેઃ

| અનુ. | બેઠક | BLDને પ્રાપ્ત મતોની ટકાવારી | હરીફ ઉમેદવારના મતોની ટકાવારી |
|---|---|---|---|
| ૧. | પાટણ | ૬૧.૪ | ૩૬.૭[૩૨] |
| ૨. | પોરબંદર | ૪૬.૫ | ૪૧.૮[૩૩] |
| ૩. | સુરત | ૫૨.૫ | ૪૭.૦[૩૪] |
| ૪. | બનાસકાંઠા | ૬૧.૯ | ૩૮.૧ |
| ૫. | સાબરકાંઠા | ૫૩.૯ | ૪૧.૪[૩૫] |
| ૬. | ધંધુકા | ૪૯.૩ | ૩૯.૦ |
| ૭. | ગાંધીનગર | ૫૭.૪ | ૪૧.૯ |
| ૮ | કપડવંજ | ૫૮.૨ | ૩૭.૨ |
| ૯. | કચ્છ | ૫૦.૦૦ | ૪૫.૩ |
| ૧૦. | વલસાડ | ૫૧.૧ | ૪૫.૪ |
| ૧૧. | જૂનાગઢ | ૫૧.૮ | ૪૮.૨ |
| ૧૨. | ભાવનગર | ૫૦.૭ | ૪૬.૪[૩૬] |

૧૯૭૭ની ચૂંટણીના સંદર્ભમાં ન્યૂયોર્ક ટાઈમ્સે લખ્યું કે તે તમામ લોકશાહીઓ માટે પ્રેરણા આપનાર છે. – an inspiration to all democracies.[૩૭]

ધ ક્રિશ્ચિયન સાયન્સ મોનિટરના મતે ‘‘ ભારતે રાષ્ટ્રના સ્વતંત્રતાના પ્રેમ માટેનું એક અસાધારણ ઉદાહરણ આપ્યું છે અને આ સર્વત્ર સ્વતંત્રતાના પરિબળોને પ્રેરણા આપશે.’’[૩૮]

ધ ડેક્કન હેરલ્ડ કહે છે કે ભારતના લોકોએ મત પેટીના માધ્યમથી એક શાંત ક્રાંતિ કરી છે. “the Indian poeple ushered in a peaceful revolution through the ballot box”[૩૯]

આ ચૂંટણીએ પ્રથમ વખત હંમેશ માટે એ સાબિત કર્યું કે અત્યંત શક્તિશાળીને પણ ચૂંટણીમાં હરાવી શકાય છે અને સ્વતંત્ર ભારતમાં સત્તાની ફેરબદલી શાંતિપૂર્ણ રીતે થઈ શકે છે તેમજ પ્રધાનમંત્રીને બંધારણીય ઉપાયોથી લોકશાહી રીતે દૂર કરી શકાય છે.[૪૦] શ્રીમતી ઈન્દિરા ગાંધીએ કહ્યું કે કોંગ્રેસનો પરાજય થયો છે પણ લોકશાહીની જીત થઈ છે. "Congress has lost but democracry has won"[૪૧]

## ૧૦ મણિબહેનની ચૂંટણીઓનું વિશ્લેષણ

### લોકસભા

| ચૂંટણી વર્ષ | મણિબહેનને પ્રાપ્ત મતો % સાથે | પરાજિત હરિફને પ્રાપ્ત મતો % સાથે | સરસાઈ (વિજેતાની) | પરાજિત ઉમેદવાર | બેઠક |
|---|---|---|---|---|---|
| ૧૯૫૨ | ૧,૪૬,૨૨૩<br>૬૨.૭% | ૮૬,૨૯૫<br>૩૭.૩% | ૫૯,૯૨૮ | લાલભાઈ ડી. પટેલ<br>(અપક્ષ) | ખેડા દક્ષિણ |
| ૧૯૫૭ | ૧,૬૦,૨૧૬<br>૫૬.૬% | ૧,૨૨,૭૮૭<br>૪૩.૪% | ૩૭,૪૨૯ | દાદુભાઈ એમ. અમીન<br>(અપક્ષ) | આણંદ |
| ૧૯૬૨ | ૧,૪૬,૭૮૭<br>૪૬.૪%<br>(પરાજિત) | ૧,૬૯,૨૧૫<br>૫૩.૬%<br>(વિજેતા) | ૨૨,૭૨૯ | નરેન્દ્રસિંહ મહિડા<br>(વિજેતા) (સ્વતંત્ર પક્ષ) | આણંદ |
| ૧૯૭૩<br>પેટાચૂંટણી | ૧,૦૫,૬૨૩<br>૪૬.૨% | ૯૧,૮૦૮<br>૪૦.૫% | ૧૩,૮૧૫ | એસ.સી. પટેલ<br>(ઈન્દિરા ગાંધી કોંગ્રેસ) | સાબરકાંઠા |
| ૧૯૭૭ | ૨,૪૦,૭૭૬<br>૬૩% BLD | ૧,૧૮,૬૬૪<br>૩૧% | ૧,૨૬,૧૧૨ | નટવરલાલ એ. પટેલ<br>(ઈન્દિરા ગાંધી કોંગ્રેસ) | મહેસાણા |

### રાજ્યસભા

૧૯૬૪માં મણિબહેન ગુજરાત રાજ્યમાંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટાયાં. (૧૯૬૪થી ૧૯૭૦ સુધીના સમય માટે)

મણિબહેન ત્રણ સામાન્ય ચૂંટણીઓ ખેડા દક્ષિણ (આણંદ) ૧૯૫૨, આણંદ ૧૯૫૭ અને ૧૯૬૨માંથી લડ્યાં હતાં. પ્રથમ ચૂંટણીમાં ૬૨.૭% મતો તેમને મળ્યા હતા. ૧૯૫૭માં તે ઘટીને ૫૬.૬% અને ૧૯૬૨માં ૪૬.૪% થયા હતા. ૧૯૫૭માં એમના મતોમાં ૬.૧%નો ઘટાડો થયો હતો. ૧૯૬૨ની ચૂંટણીમાં ૧૯૫૭માં મળેલા મતોમાં ૧૦.૨%નો અને ૧૯૫૨ની તુલનામાં ૧૬.૩%નો ઘટાડો થયો હતો. ૧૯૫૨ની ચૂંટણીમાં મણિબહેનને ૧,૪૬,૨૨૩ મતો મળ્યા હતા. ૧૯૬૨ની ચૂંટણીમાં એમને ૧,૪૬,૭૮૭ મતો મળ્યા હતા. ૧૯૫૨માં મતની ટકાવારી ૬૨૭ અને ૧૯૬૨માં તે ૪૬.૪ની હતી. આમ મતોમાં માત્ર નજીવો જ વધારો થયો હતો (માત્ર ૫૬૪ મતોનો) આથી સંભવતઃ ૧૯૭૭ની સામાન્ય ચૂંટણીમાં આણંદની બેઠક પરથી ઊભા રાખવામાં આવ્યાં ન હતાં.

મણિબહેનના હરીફ ઉમેદવારને ૧૯૫૨માં ૩૭.૩%, ૧૯૫૭માં ૪૩.૪% અને ૧૯૬૨ ૫૩.૬% મતો મળ્યા હતા. આમ કોંગ્રેસના ઉમેદવારના હરીફના મતોમાં સતત વધારો થતો રહ્યો. આથી કદાચ મણિબહેનને મહેસાણાની સલામત બેઠક ૧૯૭૭માં આપી હશે.

૧૯૫૨માં તેમણે ૬૨.૭% મતો મળ્યા હતા જ્યારે ૧૯૭૭માં ૬૩.૦% મતો મળ્યા હતા. ૬૨.૭% મતો મળ્યા ત્યારે તેમણે ૧,૪૬,૨૨૩ મતો મળ્યા હતા. ૧૯૭૭માં ૬૩% મતો મળ્યા ત્યારે કુલ મતો ૨,૪૦,૭૭૬ મળ્યા હતા. ૧૯૫૨માં એમની સરસાઈ ૫૬,૯૨૮ની હતી જ્યારે ૧૯૭૭માં તે ૧,૧૬,૧૧૨ની હતી.

૧૯૫૨ અને ૧૯૭૭માં ૬૦% કરતાં વધુ મતો મેળવી મણિબહેન વિજયી થયાં હતાં. આ માટે જ તે વખતની વિશિષ્ટ પરિસ્થિતિઓ જવાબદાર હતી,

નહિ કે મણિબહેનનો વ્યક્તિગત પ્રભાવ. ૧૯૫૨માં કોંગ્રેસ સામે કોઈ નોંધપાત્ર પડકાર નહતો. કટોકટી લાદવાના કારણે ઈન્દિરા કોંગ્રેસને પ્રજાનો પ્રચંડ પડકારનો ૧૯૭૭માં સામનો કરવો પડ્યો. ઈન્દિરા કોંગ્રેસ (INC)ના ઉમેદવારોને વિભિન્ન પક્ષોએ સંગઠિત થઈ ભારતીય લોકદળ (BLD)ના નામે ઊભા રાખેલા ઉમેદવારોનો સામનો કરવો પડ્યો. ભારતીય લોકદળને મોટા પ્રમાણમાં સામાન્ય પ્રજાનું સમર્થન પ્રાપ્ત હતું. ભારતીય લોકદળની આ સ્થિતિનો લાભ મણિબહેનને મળ્યો હતો.

## ૧૧. સમાપન

સરદાર પટેલના અવસાન (૧૯૫૦) પછીના ચાર દશકાઓના સમય દરમિયાન મણિબહેન સમાજના વિવિધ ક્ષેત્રોમાં પ્રવૃત્ત રહ્યાં હતાં. ૧૯૭૭ની સામાન્ય ચૂંટણી બાદ તે કોઈપણ ચૂંટણી લડ્યાં ન હતાં. ૧૯૭૭ની લોકસભાનું વિસર્જન થયા બાદ તે રાજકીય ક્ષેત્રમાંથી નિવૃત્ત થયાં હતાં. પણ તે સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં પ્રવૃત્ત રહ્યાં હતાં, અને તે અનેક સેવાકીય સંસ્થાઓમાં સક્રિય રહ્યાં હતાં. મણિબહેને રાજકીય ક્ષેત્રમાંથી નિવૃત્તિ લેવાની સાથે ભારતના રાજકીય ક્ષેત્રમાંથી સરદારના વંશનો અંત આવ્યો.

## પાદનોંધઃ

૧. Rao, A.S., Lok Sabha Elections and MPs: 1952-1996, Vol. 1, Rakesh Publications, Hyderabad, 1996, Preface, p.5.

૨. ભારતના અનેક પરિવારોમાં લોકસભા/રાજ્યસભાના અને વિધાનસભાના સભ્યો બનવાની વંશપરંપરાગત પ્રણાલી સ્થાપિત થઈ છે. દા.ત., યુ.પી.માં મુલાયમસિંહ યાદવ અને ચરણસિંહ ચૌધરી પરિવાર, હરિયાણામાં ચૌટાલા પરિવાર, પંજાબમાં પ્રકાશસિંહ બાદલ પરિવાર, તામિલનાડુમાં કરુણાનિધિ પરિવાર, મહારાષ્ટ્રમાં શરદ પવાર, જમ્મુ-કાશ્મીરમાં શેખ અબ્દુલ્લા, રાજસ્થાનમાં જશવંતસિંહ અને પાયલોટ પરિવાર, એમ.પી.માં સિંધિયા પરિવાર, ઝારખંડમાં શોરેન પરિવાર, ઓરિસ્સામાં પટનાયક પરિવાર, ગુજરાતમાં ચીમનભાઈ પટેલ, માધવસિંહ સોલંકી, અમરસિંહ ચૌધરી તેમજ અશોક ભટ્ટ પરિવાર. સંક્ષેપમાં સમગ્ર ભારતમાં વંશવાદની બોલબાલા અત્રતત્ર સર્વત્ર છે. નહેરુ-ગાંધી પરિવારોનો તો ઇજારો જ સ્થાપિત થઈ ગયો છે.

૩. D. Trivedi, "The New Zamindars: The Rise of Young dynasts has led to Parliament's loss of relevance," TOI, Friday, July 26,2013, p.12.
"It seems that we have lost touch with the country's ethos and the values for which our freedom fighters matyred themselves."

૪. વી. કુરિયન, મારુ સ્વપ્ન, આર.આર. શેઠની કંપની, અમદાવાદ, ૨૦૦૯, પૃ. ૩૫.

૫. મૃણાલિની દેસાઈ, મણિબહેન પટેલ, સરદાર વલ્લભભાઈ પટેલ મેમોરિયલ ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૯૫, પૃ. ૩૮.

૬. Rao, op. cit., p. 454.

૭. Ibid., p. 430

૮. Ibid., p. 449

૯. Ibid., p. 422

૧૦. Ibid., p. 455

૧૧. Ibid., p. 442

૧૨. Ibid., p. 443

૧૩. Ibid., p. 461

૧૪. ઉર્વીશ કોઠારી, સરદારના વારસદારોના ચૂંટણી-અનુભવો, ગુજરાત સમાચાર, રવિપૂર્તિ, તા. ૨૬-૪-૨૦૦૯, પૃ. ૧૧

૧૫. Rao, op.cit., p. 423 and 454

૧૬. વિ.મ. કોઠારી, પૂર્વોક્ત (સંપત, મહાસભાના ઠરાવો, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૫૮, પૃ. ૧૧

૧૭. Rao, op.cit., p. 455

૧૮. કોઠારી, પૂર્વોક્ત, પૃ. ૧૧

૧૯. Rao, op.cit., p.455

૨૦. Ibid., p. 429

૨૧. કોઠારી, પૂર્વોક્ત, પૃ. ૧૧

૨૨. આચાર્ય ચંદ્રશેખર, રાષ્ટ્ર નિર્માતા સરદાર પટેલ, સોસાયટી ફોર પાર્લામેન્ટરી સ્ટડીઝ, નવી દિલ્હી, ૧૯૬૩, પૃ. ૨૧૯

૨૩. એસ.પી. કશ્યપ, આપણું બંધારણ, નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્હી, ૨૦૧૧, પૃ. ૧૩૩

૨૪. એજન.

૨૫. P. JayKar, Indira Gandhi: A Biography, Penguin Books, Delhi, 1995 (1992),. p. 211-219..

૨૬. Rao, Op.cit., p. 476

૨૭. Subhash C. Kashyap, History of the Parliament in India, Vol 4, Shipra Publications, Delhi, 1996, p. 317

૨૮. Ibid.

૨૯. Ibid.

૩૦. Ibid.

૩૧. Rao, op.cit., p. 456

૩૨ Ibid., p. 473

૩૩. Ibid., p. 474

૩૪. Ibid., p. 475

૩૫. Ibid., p. 476

૩૬. Ibid., p. 429

૩૭. S.C. Kashyap, The History of the Parliament in India, Vol. 4, Shipra Pub. Delhi, 1996, p. 321

૩૮. Ibid., p. 321

૩૯. Ibid.

૪૦. Ibid.

૪૧. Ibid., p. 322

(શેઠ પી.ટી. આર્ટસ્ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા, જિ. પંચમહાલ)

## અંગ્રેજી કાવ્યોનો ગુજરાતી અવતાર

**જ્યોતીન્ પટેલ**

(૧)

Thank God for dirty dishes;
They have a tole to tell.
While other folks go hungry,
We're eating pretty well.
With home,
And health, and happniess,
We shouldn't want to fuss;
For by this stack of evidence,
God's very good to us.

– Anonymous

**સંતોષ**

નજરે પડે એંઠવાડ જ્યારે પાડ પ્રભુનો માનજે,
અણમોલ અનેરી વાત એ કથતો:
ઊઠી ભૂખ્યા ભૂખ્યા જ સૂતા લોક ઘણાયે –
ત્યારે…
ભરતો રહું પેટ ગળા લગી હું –
મળ્યું છત્ર કેવું ઢાંકવા જાત કાજે –
સોય કેટકેટલી સ્વસ્થ રે'વાને કાજે –
સંજોગ પૂરા રૂડા આનંદ કેરા –
કિરપા ઝાઝી ભલા ભગવાન તારી –
તોયે…
નખરાં શીદ કરવાં ટાણે ટચકે…
દમ… દમ… હરદમ…
'ને વાતે વાતે?

(૨)

Do all the good you can,
In all the ways you can,
In all the places you can,
At all times you can,
To all the people you can,
As long as ever you can

– Anonymous

**કર્યે જા શ્રેય તું**

કર શ્રેય જે કરી શકે તું
કર શ્રેય જ્યાં કરી શકે તું
ખરચ શક્તિ તારી શ્રેય કાજે
કર શ્રેય તું સદાય કાળે
માનવમાત્રનું કર તું જ શ્રેય
કર શ્રેય જબ તક કરી શકે તું!!!

(૩)

Doubt sees the obstacles,
Faith sees they way.
Doubt sees the darkest night,
Faith sees the day.
Doubt dreads to take a step,
Faith soars an high.
Doubt questions 'who believes',
Faith answers 'I'.

– Anonymous

**શંકા-શ્રદ્ધા**

શંકિત નજર આડશો જ ભાળે,
શ્રદ્ધા-નજરે તો મારગ સીધો.
શંકિત નજરે ડિબાંગ નિશા,
અરુણુંતેજ શ્રદ્ધાની નજરે.
ડગલું એક ભરતાં જ થરથરતી શંકા,
સાધવા ઊંચાઈ થનગતી શ્રદ્ધા.
પ્રશ્નતી શંકા, "માનવાનું મને કોણ?"
શ્રદ્ધા જવાબે, "હું જ માનવાનો મને."

('અવિચલ', શાસ્ત્રી માર્ગ, ઑફ બાકરોલ રોડ,
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮ ૧૨૦)

## માર્સ ઓર્બીટર મિશન (MOM)

જલશ્રી એચ. દેસાઈ

આજથી હજારો વર્ષો પહેલાં, જ્યારે સાયન્સ અને ટેકનોલોજી શબ્દોને કોઈ જાણતું નહોતું ત્યારથી જ માણસને પૃથ્વીની બહારની દુનિયા વિશે જાણવાની જિજ્ઞાસા થતી આવી છે. પુરાણોમાં પણ માનવે આદિ કાળમાં કરેલા ખગોળશાસ્તરીય સંશોધનોના પુરાવા છે. આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજીના વિકાસ સાથે આ જિજ્ઞાસાએ વેગ પકડ્યો છે. ભારત હંમેશાંથી આ ક્ષેત્રમાં એક આગળ પડતો ભાગ ભજવતું રહ્યું છે. પણ અત્યાર સુધી ખગોળશાસ્ત્ર કે સિમ્પલ શબ્દોમાં કહીએ તો આકાશ વિજ્ઞાન એ માત્ર વિદ્વાનોનો વિષય રહ્યો છે અને એટલે જ સામાન્ય માણસ માટે આજે પણ આ વિષય સમાચારોમાં ઉપગ્રહ સંચાર વિશે સાંભળવાથી વિશેષ નથી. Indian Space Research Organization (ISRO) એટલે કે ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થાન; આ નામ આજથી બે વર્ષ પહેલાં કદાચ એક સામાન્ય માણસને માટે જાણીતું નહોતું, પણ આજના સમયમાં ખાસ કરીને છેલ્લા બે-ત્રણ મહિનાથી કદાચ દરેકના મુખે રમતું થયું છે જેનું એકમાત્ર કારણ છે ભારતનું માર્સ ઓર્બીટર મિશન કે જેને આપણે મંગળયાન તરીકે પણ ઓળખીએ છીએ. ૫ નવેમ્બર, ૨૦૧૩ના રોજ લોન્ચ થયેલું મંગળયાન આજે જ્યારે કોઈ રુકાવટ વગર તેના અલ્ટીમેટ ડેસ્ટીનેશન મંગળ ગ્રહ તરફ આગળ વધી રહ્યું છે ત્યારે માત્ર ભારત જ નહિ, સમગ્ર વિશ્વ, સપ્ટેમ્બર ૨૦૧૪માં તેના હેમખેમ મંગળ પર પહોંચવાની આતુરતાથી રાહ જોઈ રહ્યું છે.

આ પ્રસંગે મંગળ ગ્રહ અને આપણા મંગળયાનને લગતી થોડી માહિતીથી વાકેફ કરવાનો એક નાનકડો પ્રયત્ન અહીં કર્યો છે.

### મંગળ અને પૃથ્વીઃ

મંગળ અને પૃથ્વી વચ્ચે ઘણી સામ્યતાઓ છે, જેને કારણે વિજ્ઞાનીઓને ભૂતકાળમાં મંગળ પર જીવન હોવાની શક્યતાઓ દેખાઈ હતી. આજે જ્યારે



**પૃથ્વીથી મંગળ ગ્રહની અદ્‌ભુત યાત્રા**

એ સાબિત થઈ ચૂક્યું છે કે મંગળ પર જીવન નથી, ત્યારે સૌપ્રથમ મંગળ ગ્રહ અને આપણી પૃથ્વી વચ્ચેનાં તફાવતો અને સમાનતાઓને જાણીએઃ

- મંગળ સૂર્યથી આશરે ૨૩૦ મિલિયન કિલોમીટર દૂર છે અને પૃથ્વી સૂર્યથી આશરે ૧૫૦ મિલિયન કિલોમીટર દૂર છે.
- મંગળ પરનું સરેરાશ તાપમાન લગભગ –૬૩° સે. રહે છે. પણ મહત્તમ અને લઘુત્તમ તાપમાન +૨૦° સે. –૧૫૦° સે. સુધી બદલાતું રહે છે.
- મંગળ પરનું ગુરુત્વાકર્ષણ પૃથ્વીની સરખામણીમાં ત્રીજા ભાગનું છે.
- મંગળનો વ્યાસ પૃથ્વી કરતાં અડધો છે, પણ જમીનનો એરિયા લગભગ પૃથ્વી જેટલો જ



**મંગળ ગ્રહ**

છે, કારણ કે પૃથ્વીનો ૨/૩ ભાગ સમુદ્રથી ઢંકાયેલો છે.

- મંગળના વાતાવરણનો લગભગ ૯૫% ભાગ કાર્બન ડાયોક્સાઈડ છે જ્યારે કે પૃથ્વી પર તે માત્ર ૦.૦૩૮% છે.
- વાતાવરણનું દબાણ પૃથ્વી કરતાં ૧૩૫મા ભાગનું છે.
- મંગળ પરનો એક દિવસ લગભગ પૃથ્વી પરના એક દિવસ જેટલો જ છે પણ મંગળનું એક વર્ષ પૃથ્વી કરતાં લગભગ બમણું છે.
- મંગળના બે કુદરતી ઉપગ્રહો છે – ફોબોસ અને ડિમોસ.

કહેવાય છે કે હજારો વર્ષો પહેલાં મંગળ પર પણ પૃથ્વી જેવું જીવોપયોગી વાતાવરણ હતું. જે ઘણા મિલિયન વર્ષો સુધી ચાલેલી રસાયણિક પ્રક્રિયાઓમાં બાહ્ય અવકાશમાં વિલુપ્ત થતું ચાલ્યું. વિશ્વભરના વિજ્ઞાનીઓ આ વિલુપ્તિનું કારણ સમજવાના પ્રયત્નોમાં રોકાયેલા છે.

**મંગળયાનઃ**

ઈસરોના બહુચર્ચિત મંગળયાન વિશે વાત કરીએ તો પાંચ વૈજ્ઞાનિક ઉપકરણો ધરાવતું આ સ્પેસક્રાફ્ટ આશરે ૧૩૦૦ કિલોગ્રામ વજન ધરાવે છે. મંગળ પર પહોંચવાનું આ લક્ષ્ય પ્રાપ્ત કરતાં પહેલાં આપણા વૈજ્ઞાનિકોને બીજા કેટલાય અવરોધો પાર કરવાના હતા. જેના પરિણામે અનેક નવી ટેકનોલોજીઓ સર્વપ્રથમવાર મંગળયાનમાં વાપરવામાં આવી છે. દાખલા તરીકે સ્પેસક્રાફ્ટને મંગળ પર પહોંચાડવા માટે ખૂબ જ ચોક્સાઈપૂર્ણ મેન્યુવરીંગ સિસ્ટમ વિકસિત કરવામાં આવી. સ્પેસક્રાફ્ટને મંગળ પર પહોંચ્યા પછી નિયંત્રિત કરવા માટેની સૂચનાઓને પહોંચતા લગભગ ૪૦ મિનિટ સુધીનો સમય લાગી શકે છે. જેના કારણે દરેક પરિસ્થિતિમાં તેને પૃથ્વી પરથી નિયંત્રિત કરવાનું શક્ય ન બને અને તેથી જ સ્પેસક્રાફ્ટમાં તેની ઓટોનોમી અને ઈન્ટેલીજન્સ વિકસિત કરવામાં આવ્યા કે જેથી તે પોતાની મેળે પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લઈ શકે. સ્પેસક્રાફ્ટના કેમેરા ખાસ કરીને મિથેન સેન્સર અને થર્મલ ઇન્ફ્રારેડ કેમેરા પ્રથમ વાર




**સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રીહરિકોટા**

ઈસરોમાં વિકસિત કરવામાં આવ્યા છે. ૧૮ મહિનાના મર્યાદિત સમયમાં વિકસિત કરવામાં આવેલ આ તમામ ટેકનોલોજી સાથે ઈશરોના વૈજ્ઞાનિકોનું ભારતને મંગળ ગ્રહ પર પહોંચી શકનાર વિશ્વના ગણ્યાગાંઠ્યા દેશોમાં સ્થાન અપાવવાનું સ્વપ્ન સંકળાયેલું છે.

**મંગળ તરફની યાત્રાઃ**

ભારતના વિશ્વાસપાત્ર લોન્ચ વેહિકલ PSLV દ્વારા મંગળયાનને પૃથ્વીની નજીકની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યું. ભ્રમણકક્ષામાં મૂકતાં પહેલાં આ માટેનો સર્વશ્રેષ્ઠ સમય જાણવો ખૂબ જરૂરી છે. જેના બે કારણો છે, પહેલું કારણ એ છે કે દર ત્રણ વર્ષે પૃથ્વી અને મંગળ એવી પરિસ્થિતિમાં આવે છે કે જે સમયે પૃથ્વી અને મંગળ વચ્ચેનું અંતર સૌથી ઓછું હોય છે. આ સમય નક્કી કર્યા બાદ સ્પેસક્રાફ્ટની કક્ષા અને વેગ એ રીતે નક્કી કરવામાં આવે છે કે એક ચોક્કસ સમયે સ્પેસક્રાફ્ટ મંગળની એટલું નજીક પહોંચે છે કે મંગળના ગુરુત્વાકર્ષણ અથવા તો વૈજ્ઞાનિક ભાષામાં જેને સ્ફિઅર ઑફ ઈન્ફલુઅંસ કરીએ તેમાં પકડાઈ જાય જેથી કરીને એની કક્ષા મંગળની આસપાસ ફરે. થોડા વધુ વિસ્તારથી જોઈએ તો નીચેની આકૃતિમાં બતાવ્યા મુજબ સ્પેસક્રાફ્ટને મંગળ તરફની કક્ષામાં મોકલવા માટે પહેલાં તેને નિર્ધારિત વગે આપવો પડે છે. આ માટે પૃથ્વીની આસપાસ ૬ કક્ષામાં ભ્રમણ કરાવવામાં આવે છે અને દરેક કક્ષામાં તેનો વેગ વધારવામાં આવે છે. મંગળ તરફની કક્ષામાં મોકલવા માટે જરૂરી વેગ મળ્યા પછી તેને મંગળ તરફની કક્ષામાં મૂકવામાં આવે છે. જેને માર્સ ટ્રાન્સિટ ઓર્બીટ કહે છે. અત્યાર સુધી જે યાન પૃથ્વીની આસપાસ પરિભ્રમણ કરતું હતું તે હવે




**મંગળયાનની મંગળ પર પહોંચવા માટેની કક્ષા**

મંગળ તરફના રસ્તા પર આગળ વધે છે (આ સમયે મંગળયાન આ અવસ્થામાં છે). મંગળની નજીક અમુક ચોક્કસ અંતરે પહોંચ્યા પછી સ્પેસક્રાફ્ટનો વેગ ઓછો કરવામાં આવે છે કે જેથી તે મંગળના સ્ફિઅર ઓફ ઈન્ફ્લુઅંસમાં પકડાઈને તેની આસપાસ ભ્રમણ કરવાનું શરૂ કરે છે. આ પ્રક્રિયાને માર્સ ઓર્બીટ ઈન્સર્શન કહે છે.

### મંગળ પર પહોંચ્યા પછી?

૨૧ નવેમ્બર ૨૦૧૪ના રોજ આપણા સૌની આતુરતાનો અંત લાવવાની સાથે આપણું મંગળયાન મંગળ ગ્રહની કક્ષામાં પહોંચશે અને ત્યારબાદ શરૂ થશે તેની મંગળની આસપાસની સફર. જે આપણા માટે મંગળ ગ્રહની માહિતીનાં ઘણાં નવાં દ્વારો ખોલશે. ઉપર જણાવ્યા મુજબ મંગળયાન પાસે મંગળને નજીકથી જાણવા માટે પાંચ ઉપકરણો છે, જે નીચે મુજબ છે:

**૧. માર્સ કલર કેમેરા (MCC)**


મંગળ ગ્રહના નજીકથી ફોટો પાડશે અને જીવનની કોઈ નિશાની છે કે કેમ તેનું એનાલિસિસ કરશે. આ સાથે બાકીના ઉપકરણો માટે પણ સ્થાનિક માહિતી પૂરી પાડશે.

**૨. મિથેન સેન્સર ફોર માર્સ (MSM)**

મંગળ પર મિથેન ગેસના અસ્તિત્વની શોધ કરશે. જેનાથી જીવનના અસ્તિત્વની વધુ જાણકારી મેળવી શકાશે.

**૩. થર્મલ ઈન્ફ્રારેડ ઈમેજિંગ સ્પેક્ટ્રોમીટર (TIS)**

મંગળ ગ્રહની સપાટી પર તેમજ પેટાળમાં રહેલા ખનિજો વિશે માહિતી એકઠી કરશે.




**મંગળયાન અને તેના ઉપકરણો**

**૪. લેમેન અલ્ફા ફોટોમીટર (LAP)**

મંગળ ગ્રહ પર જીવોપયોગી વાતાવરણની વિલુપ્તિ માટેની રાસાયણિક પ્રક્રિયાઓના કારણો જાણવાનો પ્રયાસ કરશે.

**૫. માર્સ એગ્સોસ્ફેરિક્ ન્યુટ્રલ કોમ્પોસીશન એનાલાઈસર (MENCA)**

મંગળ ગ્રહના બાહ્ય વાતાવરણનો અભ્યાસ કરશે.

ભારતના અવકાશ વિજ્ઞાનીઓના સ્વપ્નાસમા અને ૪૫૦ કરોડના ખર્ચે બનેલા આ માર્સ ઓર્બીટર મિશન માટે દરેક ભારતીયને એ પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે કે આપણા આ વિકાસશીલ દેશમાં કે જ્યાં ગરીબી અને બેકારી જેવા હજી બીજા કેટલાએ સળગતા પ્રશ્નો છે ત્યારે એક અવકાશ યાત્રા પાછળ આટલા પૈસા ખર્ચવા શું યોગ્ય છે? તો તેના જવાબમાં અમારા એક વરિષ્ઠ વિજ્ઞાનીએ કહેલા શબ્દો અહીં ટાંકવાનું મન થાય છે કે, જે દેશના લોકો દિવાળીના રોકેટ (ફટાકડા) પાછળ ૬૦૦ કરોડ ખર્ચી શકે છે તેમના માટે ભારતની સ્પેસ ટેકનોલોજીના વિકાસ માટે અત્યંત મહત્ત્વ ધરાવતું અને ભારતને વિશ્વભરમાં સ્પેસ ટેકનોલોજીમાં પ્રથમ હરોળમાં મૂકી માન અપાવનાર ૪૫૦ કરોડનું આ મિશન શું મોંઘું છે?

(સાયન્ટિસ્ટ/એન્જિનિયર - એસઈ, બિલ્ડિંગ ૩૮, રૂમ ૬૬,
સેન્સર કંટ્રોલ એન્ડ ડિજિટલ પ્રોસેસિંગ ઈલેક્ટ્રોનિક્સ ડિવિઝન,
સેન્સર્સ ઈલેક્ટ્રોનિક્સ ગૃપ, સેન્સર્સ ડેવલપમેન્ટ અરિયા,
સ્પેસ એપ્લિકેશન સેન્ટર, ઈસરો, સેટેલાઈટ રોડ, અમદાવાદ.
ફોનઃ ૦૭૯-૨૬૯૧૩૮૬૮)

# શિશુસંભાળ અને તેનું વિજ્ઞાન

**સાગર ભીંડે, એ.આર.વી. મૂર્તિ**

નાના બાળકો એ ફક્ત પુખ્ત વયના મનુષ્યોની નાની પ્રતિકૃતિ માત્ર નથી, પરંતુ તેમાં શરીર રચના (Anatomy) અને શરીર ક્રિયાની (Physiology) દૃષ્ટિએ પુખ્તવયના વ્યક્તિઓ કરતાં હાથી ઘોડાનો તફાવત જોવા મળે છે.

હાલના સમયમાં ન્યુક્લીઅર ફેમિલી (હમ દો હમારે દો)નું પ્રચલન વધુ હોવાથી બાળકના જન્મ પછી માતાપિતા માટે નવજાત બાળકની સારસંભાળ કઈ રીતે રાખવી એ કોઈ અનુભવી વડીલના અભાવે ખૂબ જ મુશ્કેલ કાર્ય બની રહે છે.

તેથી જ આજના સમયની માંગ મુજબ, અહીં આ લેખમાં બાળકોની સારસંભાળ માટેની માહિતીને વિજ્ઞાનના અને ઉપલબ્ધ રિસર્ચના પરિણામોને આધારે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

એક વર્ષ સુધીના બાળકોને વૈજ્ઞાનિક ભાષામાં ઈન્ફન્ટ (Infant) કહેવાય છે. જો આ ઉંમર દરમ્યાન પૂરતી કાળજી રાખવામાં આવે તો મહદંશે બાળકોનું ભવિષ્ય, સ્વાસ્થ્ય અંગે નિશ્ચિત બની રહે છે. આ સમય દરમ્યાન બાળકોની અલગ અલગ પ્રાકૃતિક ક્રિયાઓ અને તેની સારસંભાળ નીચે મુજબ કરવી જોઈએ.

**નિદ્રાઃ** નવજાત બાળક જન્મ્યા પછી ૬ મહિના સુધી દરરોજની ૧૬થી ૨૦ કલાકની ઊંઘ લે છે. જે સામાન્ય અને ખૂબ જ જરૂરી પણ છે. ૬થી ૧૨ મહિનાના બાળકોની ઊંઘ ૧૪ કલાક અને ૧થી ૩ વર્ષના બાળકોની ઊંઘ ૧૦થી ૧૩ કલાકની હોય છે.

ચયાપચયમાં થતી ચય (Anabolism)ની ક્રિયા ખાસ કરીને આ નિદ્રાના સમયમાં જ થતી હોવાથી બાળકના વૃદ્ધિ વિકાસ માટે ઊંઘ પૂરતી હોવી ખૂબ જ જરૂરી છે.

**આહારઃ** આચાર્ય કાશ્યપે તો બાળકો માટે આહારં મહાભેષજમ્ (આહાર જ સૌથી મોટી ઔષધી છે.) કહીને આહારની મહત્ત્વતા સમજાવી છે. વળી એ પણ એટલું જ સાચું છે કે જો બાળકને ઔષદ આપતા હોઈએ તો પણ તેને આહાર વગરનો રાખી શકાતું જ નથી. બાળકના જન્મથી લઈને ૬ મહિના સુધી ફક્ત માતાનું દૂધ જ આપવું. માતા દૂધમાંથી બાળકને જરૂરી પ્રોટિન, સુગર, માઈક્રોન્યુટ્રીઅન્ટ્સ, ઈમ્યુનૉગ્લોબ્યુલીન (રોગપ્રતિકારક શક્તિ), મેલેરિયા વિરોધી ફેક્ટર, વિટામિન સી, આયર્ન વગેરે પુરતા પ્રમાણમાં મળી શકે તેમ ન હોય તો ગાયના કે બકરીના દૂધમાં માત્રાવત શર્કરા નાખી તેને ઉકાળી ફરી ઠંડું કરીને તેનો ઉપયોગ કરવો જોઈએ.

અહીં ખાસ નોંધવું રહ્યું કે બાળકને ક્યારેય પણ બોટલથી દૂધ ના આપવું જોઈએ. ૬ મહિનાની ઉંમર પછી ધાવણની સાથે સાથે ઉપરનો આહાર (supplimentory food) પણ ધીમે ધીમે ચાલુ કરવો જોઈએ. ૬થી ૯ મહિના સુધી આખા દિવસમાં ૨થી ૩ વખત, ૯થી ૧૨ મહિનામાં ૩થી ૫ વખત ઉપરનો આહાર આપવો જોઈએ. આ આહારમાં ફળોના રસ (મોસંબી, સફરજન, ચીકુ, પપૈયું, કેળા) શાકભાજી, દાળ, ચોખા અને ઘઉંનો પણ ઉપયોગ કરી શકાય છે. પૂરતો અને પોષણયુક્ત આહાર આપીને આપણે દેશને કુપોષણજન્ય વ્યાધિઓથી મુક્ત કરી શકીએ છીએ.

**મળપ્રવૃત્તિઃ** એક વર્ષ સુધીના બાળક માટે ચાર દિવસે એક વાર મળપ્રવૃત્તિ થવી અથવા તો ૧ દિવસમાં ચાર વખત મળપ્રવૃત્તિ થવી. બંને સામાન્ય હોઈ શકે છે. પણ શર્ત એટલી છે કે બાળકની અન્ય દૈનિક ક્રિયાઓ જેવી કે ક્રિયાશીલતા, નિદ્રા, આહાર, મૂત્રત્યાગ, વજન અને વિકાસમાં વધારો વગેરે સામાન્ય સ્થિતિમાં હોવા જોઈએ. પરંતુ જો બાળકને સંડાસ કરવામાં ખૂબ જ જોર કરવું પડે કે પછી બાળક સંડાસ કરતી વખતે રડતું હોઈ તો તેની ચિકિત્સા અચૂક કરાવવી જોઈએ. કારણ કે આવી સ્થિતિમાં નાના બાળકોને પણ ચીરા, ગુદાનો ભાગ બહાર આવવો Polyp વગેરે રોગો થવાની શક્યતા રહે છે. ઘરગથ્થુ ઔષધોમાં માખણનો ઉપયોગ, ફળોના રસનો ઉપયોગ, દૂધ અને ઘીનો ઉપયોગ. ત્રિફળા, દિવેલ, હિમેજ જેવા નિર્દોષ ઔષધોનો ઉપયોગ યોગ્ય સલાહ બાદ કરી શકાય છે.

બાળકને જો પાણી જેવા ઝાડા (અતિસાર) થાય તો શરીરનું પાણી ઓછું થઈ જાય તે પહેલાં યોગ્ય વૈદ્યની સલાહ લેવી જોઈએ. ઘરે પણ ORS બનાવીને તેનો ઉપયોગ સતત ચાલુ રાખવો જોઈએ. ORS ઘરે બનાવવા માટે ૧ લીટર ઉકાળેલા પાણીમાં ૬ ચમચી ખાંડ, અને ૧/૨ ચમચી મીઠું નાખવું જોઈએ. આ પાણીનું મિશ્રણ બાળક જેટલી વાર સંડાસ જાય તેટલી વાર પીવડાવવું જોઈએ.

**બેબી મસાજઃ** ૧ મહિનાથી ઉપરના બાળકોને બલ્ય અને બૃહણ એવા ઔષધોથી સિદ્ધ તેલ જેવા કે બલાતેલ, બલાશ્વગંધાદી તેલ, ક્ષીરબલા તેલ, લાક્ષાદીતેલ દ્વારા માલીશ કરવું જોઈએ. નિયમિત રીતે માતા દ્વારા બાળકને માલીશ કરવાથી બંને વચ્ચે આત્મીયતા વધે છે. બાળકની ચામડી સુવાળી, સુગઢ, સ્નિગ્ધ અને તેજસ્વી રહે છે. બાળકનું શરીર સુદઢ અને મજબૂત બને છે. માંસપોશી અને સ્નાયુઓની પુષ્ટિ થાય છે.

આમ ઉપરોક્ત અને અન્ય અનેક બાબતોનું ધ્યાન રાખીને શિશુસંભાળ કરવાથી શિશુનું સ્વાસ્થ્ય નિશ્ચિત રીતે જળવાઈ રહે છે.

(જી.જે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર. ફોનઃ ૦૨૬૯૨-૨૩૫૦૫૧)

*// રમન્તે તત્ર દેવતા //*

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાં શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

## વારસાથી વંચિત

## વારસોઃ

તસ્માત્સ્ત્રિયોં નિરિન્દ્રિયા અદાયાદીઃ ।

આ મંત્રનો અર્થ છેઃ સ્ત્રીઓ શક્તિહીન હોય છે તેથી તેમને વારસો મળતો નથી![1]

બ્રાહ્મણયુગમાં સ્ત્રીઓને સંપત્તિનો અધિકાર નહોતો એવું આ મંત્રમાં સ્પષ્ટ થાય છે. સ્ત્રીઓને ઉત્તરાધિકારથી વંચિત રાખવા પાછળ કેટલાંક કારણો જવાબદાર હતાં. એ વિશે ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહે નોંધ્યું છે કે, 'વૈદિક સમાજના પિતૃસત્તાકપણા, સંઘર્ષમય જીવન અને વીર યોદ્ધાઓની આવશ્યકતાને પગલે સંપત્તિની વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. પારિવારિક સંપત્તિ જળવાઈ રહે એ હેતુથી કન્યાને સર્વ પ્રકારના સાંપત્તિક અધિકારથી વંચિત કરવામાં આવી. વળી કન્યા પિંડદાતા ન હોવાના કારણે પણ તેને પૈતૃક સંપત્તિની ઉત્તરાધિકારી માની નથી. એટલે પિંડદાનમાં અસમર્થતા એ કન્યા વારસદાર ન હોવાનું મહત્ત્વનું કારણ છે.'[2] જોકે આરણ્યકો અને ઉપનિષદોમાં માતાપિતાની સંપત્તિમાંથી પુત્ર અને પુત્રી બન્નેએ હિસ્સો પ્રાપ્ત કર્યાના ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ મૈત્રાયણી સંહિતા અનુસાર કન્યા સંપત્તિની અધિકારી નથી![3]

કન્યાને સંપત્તિ ન મળતી, પણ પત્નીને વારસો મળતો. બૃહદારણ્યક ઉપનિષદમાં યાજ્ઞવલ્ક્ય ઋષિ વાનપ્રસ્થાશ્રમમાં જવાના હતા ત્યારે બન્ને મૈત્રેયી અને કાત્યાયની વચ્ચે સરખે ભાગે સંપત્તિની વહેંચણી કરવાનો નિર્ણય કર્યો. તેમણે પત્નીઓને કહ્યુંઃ 'હવે હું વનમાં જઈને વસવાનો છું. હવે આ ઘર અને બીજું જે કંઈ છે તે તમારું છે. હું ઘર, લક્ષ્મી, ગાયો અને બીજી જે કંઈ સંપત્તિ છે એ સરખે હિસ્સે તમારા બે વચ્ચે વહેંચી દેવા માગું છું.'[4] તેના પરથી પુરવાર થાય છે કે પત્ની પતિના વારસાની ઉત્તરાધિકારી હતી. ડૉ. અમ્બિકા પરીકના મતે પત્ની પારિણાહ્ય અર્થાત્ ઘરની વસ્તુઓની સ્વામિની હતી. એટલે એ કાળમાં પત્નીનો કેટલેક અંશે સાંપત્તિક અધિકાર માન્ય રખાયો હશે. જોકે પાછળથી આ જ કાળમાં જાહેર કરાયું કે સ્ત્રીઓ શક્તિહીન હોવાને કારણે તેમનો સંપત્તિ પર કોઈ અધિકાર નથી.[5] શતપથ બ્રાહ્મણમાં તો પતિના મૃત્યુ પછી પણ વિધવાને વારસામાં અધિકાર અપાયો નથી.[6] ડૉ. ઉર્મિલા પ્રકાશ મિશ્રના મતે યજ્ઞીય કર્મકાંડમાં સ્ત્રીનો બહિષ્કાર થવા લાગ્યો એટલે તેમનો સંપત્તિનો અધિકાર છીનવાયો.[7]

કારણ કંઈ પણ હોય, પરિણામ એક જ હતુંઃ સ્ત્રીને વારસાના અધિકારથી વંચિત કરી દેવાઈ!

**પાદટીપઃ**

૧. પ્રાચીન ભારત કા સામાજિક ઇતિહાસ, પં. શિવકુમાર ગુપ્ત, પૃ. ૭૮

૨. બ્રાહ્મણ ગ્રન્થોં મેં પ્રતિબિંબિત સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. ધીરેન્દ્રકુમાર સિંહ, પૃ. ૧૧૮

૩. એજન

૪. मैत्रयीति होवाच याज्ञवल्कय उद्यास्यन्वा अरेऽहमस्मात्स्थानादस्मि हन्त तेऽनया कात्यायन्यान्तं करवाणीति । બૃહદારણ્યક ઉનિષદ ૨.૪.૬

- યાજ્ઞાવલ્ક્યે પોતાનાં ધર્મપત્ની મૈત્રેયીને કહ્યું, મૈત્રેયી, હું હવે ગૃહસ્થાશ્રમમાંથી વાનપ્રસ્થાશ્રમમાં જવા ઇચ્છું છું. એટલે મારી ઇચ્છા છે કે બીજી ધર્મપત્ની કાત્યાયની અને તમારી વચ્ચે સંપત્તિની વહેંચણી કરી દઉં.

૫. પ્રાચીન ભારત મેં નારી, ડૉ. અમ્બિકા પરીક, પૃ. ૪૪

૬. ઉત્તર વૈદિક સમાજ એવં સંસ્કૃતિ, ડૉ. વિજય બહાદુર રાવ, પૃ ૧૫૬

૭. પ્રાચીન ભારત મેં નારી, ડૉ. ઉર્મિલા પ્રકાશ મિશ્ર, પૃ. ૨૭

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,
જિ. આણંદ. મો.: ૯૮૯૮૦ ૭૦૨૦૫)

## ૪૧મું ભાઈકાકા સ્મૃતિ વ્યાખ્યાન

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર અને સરદાર પટેલ યુનિવર્સિટીના આદ્યસ્થાપક પૂ.ભાઈકાકાના જીવનમાંથી પ્રારબ્ધવાદી થવાને બદલે પુરુષાર્થવાદી થવાની ડગલે ને પગલે પ્રેરણા મળે છે એવું જણાવીને ગુજરાત સરકારના મુખ્ય સચિવ રહેલા શ્રી પ્રવીણભાઈ ક.લહેરીએ ઉમેર્યું હતું કે કર્મ અને સેવા એ જ એમની મહત્ત્વકાંક્ષા હતી.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં ગુરુવારે વલ્લભ વિદ્યાનગરસ્થિત બીવીએમ ઑડિટોરિયમમાં અને બહાર ઉમટેલી વિશાળ જનમેદની સમક્ષ ૪૧મું ભાઈકાકા સ્મૃતિ વ્યાખ્યાન આપતાં શ્રી સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી-સચિવ શ્રી લહેરીએ ઈજનેર એવા ભાઈકાકાએ વાવેલા બીજમાંથી આજે ચારુતર વિદ્યામંડળમાં તેમના સમર્થ અનુગામી એવા ડૉ.સી. એલ.પટેલના પ્રયત્નોથી આ શિક્ષણ સંકુલ વિશાળ વટવૃક્ષ બનીને દેશ-વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત બન્યું છે. ભાઈકાકાના વિવિધક્ષેત્રના યોગદાનનું સુપેરે ઉદાહરણ સહિત બયાન કરતાં શ્રી પ્રવીણભાઈએ જણાવ્યું હતું કે નર્મદા યોજના અને ધરોઈ યોજના તેમ જ મહી યોજના એ પૂ.ભાઈકાકાના યોગદાનનાં જીવંત ઉદાહરણો છે. સરદાર પટેલ સાથે ગાઢ નાતો ધરાવતા ભાઈકાકાએ 'બુધ્ધિ એ મૂડી છે, અનુભવ મૂડી છે તેમ જ શ્રમ એ પણ મૂડી છે' એ ભૂમિકા પર વલ્લભ વિદ્યાનગરનો પાયો નાંખ્યો.

મંચસ્થ મહાનુભાવોમાં સમારંભના અધ્યક્ષ ડૉ.સી. એલ.પટેલ, મુખ્ય અતિથિ શ્રી પ્રવીણભાઈ લહેરી, ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિ.ના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ પટેલ તેમ જ સીવીએમના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલ હતા. સમારંભમાં સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી બી.પી.પટેલ, ડૉ.એસ.જી.પટેલ અને પ્રિ.આર.સી.દેસાઈ તેમ જ દાતાશ્રીઓ, ગવર્નિંગ કાઉન્સિલ અને બૉડીના સભ્યશ્રીઓ, વિવિધ શિક્ષણ સંસ્થાઓના આચાર્યો, અગ્રણી નગરજનો, અધ્યાપકો-શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં. માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલે આભારદર્શન કર્યું હતું અને સેરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ સંચાલન કર્યું હતું. સીવીએમસંચાલિત રમા-મનુભાઈ દેસાઈ કૉલેજ ઓફ મ્યુઝિક ઍન્ડ ડાન્સના કલાવૃંદે પ્રારંભમાં પ્રાર્થના 'જીવન અંજલિ થાજો' રજૂ કરી હતી.

એકાગ્રતા, શ્રદ્ધા અને ધીરજ એ ભાઈકાકાના ગુણો હોવાની નોંધ લેતાં લહેરીએ ઉમેર્યું હતું કે ભાઈકાકા બહુઆયામી વ્યક્તિત્વના માલિક હતા. તેમણે ૧૯૬૨માં રાજકારણમાં પ્રવેશ કર્યો અને રાજાજીની છત્રછાયા હેઠળ સ્વતંત્રપક્ષના માધ્યમથી ગુજરાતના મુખ્યમંત્રી થવામાં થોડાકમાં જ ચૂકી ગયા. જીવાહરલાલના લાઈસન્સ-પરમિટ શાસનથી ભ્રષ્ટાચાર વ્યાપે છે એવી ભૂમિકા પર સ્વતંત્રપક્ષ આગળ વધી રહ્યો હતો અને જાહેર જીવનમાં અણીશુદ્ધ વહીવટના આગ્રહી ભાઈકાકાએ ઈજનેર તરીકે જે નિર્માણ કર્યું તેમાં એચ.એમ.પટેલ અને સી.એલ. પટેલ જેવા અનુગામીઓના સુંદર યોગદાનથી સતત વિકાસ વધતો ગયો અને આજે વલ્લભ વિદ્યાનગર શિક્ષણનું તીર્થ બન્યું છે.

લહેરીએ ભાઈકાકા થકી જે પાંચ મુદ્દાઓ પર ભાર મૂકાયો હતો તેની પણ છણાવટ કરતા કહ્યું હતું : (૧) વહીવટ જેટલો ટકોરાબંધ હોય તેટલો જ સમાજનો વિકાસ શકય બને (૨) આગેવાનો પ્રામાણિક અને કર્તવ્યપાલક હોવા જોઈએ (૩) વિશ્વસનીયતા જન્માવે એવું કામ શાસકે કરવું જોઈએ (૪) ગુણવત્તાને ધોરણે જ વ્યક્તિઓની પસંદગી કરવી જોઈએ અને (૫) સરકારના વડા કે સંસ્થાના વડાની જહેમત તથા ચારિત્ર્ય જેટલું અણીશુદ્ધ તેટલી જ સરકાર કે સંસ્થા મહેકી ઊઠે છે.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે ભાઈકાકાની સાથે ભીખાભાઈ સાહેબના યોગદાનને પણ સ્મરીને પોતાના પૂર્વસૂરિઓના જીવનમાંથી કેટલાંક દૃષ્ટાંતો આપીને તેમણે આરંભેલા શિક્ષણયજ્ઞની જ્યોતને પ્રજ્વલિત રાખવામાં પોતાના માનદ સાથીઓ, દાતાઓ, શિક્ષણ સંસ્થાઓના વડાઓ અને અધ્યાપકો-શિક્ષકોનો સહકાર શિક્ષણનગરીને દીપાવી રહ્યો હોવાનું જણાવ્યું હતું. ભાઈકાકા જ્યારે ૧૮૦૦ રૂપિયાના પગારની સરકારી

નોકરી છોડીને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં જોડાયા અને તેમને ૧૮૦૦ રૂપિયાનો ચેક અપાયો ત્યારે 'અહીં ઈજનેરને ૧,૦૦૦ રૂપિયાનો પગાર અપાતો હોવાથી મને પણ ૧,૦૦૦ રૂપિયાનો ચેક આપો' એવો આગ્રહ રાખ્યો હતો તેમ જ ભીખાભાઈ સાહેબે શિક્ષકોના પગાર કરવા માટે કરમસદનું મકાન ગીરવે મૂક્યું હોવાની વાત કરી હતી. તેમણે સૌ કોઈને અપીલ કરી હતી કે આદ્યસ્થાપકોની જેમ આપણે સૌ પણ આ શિક્ષણતીર્થના વિકાસ માટે યથોચિત યોગદાન કરતા રહીએ.

પ્રારંભમાં ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલે આવકાર પ્રવચનમાં વલ્લભ વિદ્યાનગરની ભૂમિના કણેકણ અને રજેરજમાં ભાઈકાકા જીવંત હોવાની વાત કરી હતી અને ભાઈકાકા જેવું જ મિશન લઈને અત્યારના મોભી ડૉ સી.એલ.પટેલ આ શિક્ષણયજ્ઞને આગળ વધારી રહ્યા હોવાનું જણાવ્યું હતું.

## સીવીએમનાં ડૉ. ટીના દોશીની નારીકથા

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ના નેજા હેઠળ 'ભારતીય મહિલા વિશ્વકોશ' પર કામ કરતી વખતે ડૉ.ટીના દોશીને નારીકથાનો વિચાર આવ્યો અને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલના આશીર્વાદથી આગામી ૬,૭ અને ૮ માર્ચ ૨૦૧૪ દરમિયાન વલ્લભ વિદ્યાનગર ખાતે વેદથી મહાભારત સુધી સ્ત્રીઓના નોખાં અને બળુકાં વ્યક્તિત્વોની કથા જનસામાન્ય સુધી પહોંચાડવાના એમના વિચારને આકાર મળી રહ્યો છે. સૌ પ્રથમવાર નારીકથાનું આયોજન થશે. સીવીએમના 'ભારતીય મહિલા વિશ્વકોશ'ના વિશદ કામને ડૉ.ટીના દોશીએ એકલપંડે હાથ ધરીને પાંચ ખંડમાંથી પ્રથમ ૧૧૦૦ પાનાંનો, વેદથી મહાભારતના સમયગાળામાં સ્ત્રીઓની સ્થિતિનું નિરૂપણ કરતો, ગ્રંથ પ્રકાશિત થવા ગયો ત્યારે આ ઐતિહાસિક કામના અંશોને સૌપ્રથમ નારીકથા સ્વરૂપે રજૂ કરવાનું એટલું જ ઈતિહાસસર્જક કામ કરવાની મોકળાશ ચારુતર વિદ્યામંડળે વરિષ્ઠ લેખિકા, સંશોધક અને પત્રકાર એવા ડૉ.ટીના દોશીને બક્ષી છે.

૮ માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. સૌ પ્રથમ નારીકથા યોજવા માટે એટલે જ આગામી ૬,૭ અને ૮ માર્ચની પસંદગી કરાઈ છે. ત્રિદિવસીય નારીકથા રોજેરોજ દોઢ કલાક માટે સાંજના ૪:૦૦ થી ૫:૩૦ કલાક દરમિયાન યોજવામાં આવશે. નારીકથાના આરંભના પ્રથમ દિવસે (૬ માર્ચે) અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ રહેશે અને સમારોપ સમારંભ ૮ માર્ચે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલના અધ્યક્ષસ્થાને સંપન્ન થશે, એવું સીવીએમસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સેરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ જણાવ્યું હતું.

છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન 'ભારતીય મહિલા વિશ્વકોશ'પર કામ કરતાં ડૉ.ટીના દોશીને પ્રાચીન કાળની સ્ત્રીઓનાં વ્યક્તિત્વો વિષયક 'નારીકથા' કરવાનો વિચાર આવ્યો. એ કહે છેઃ''આ સ્ત્રીઓ બિચારી બાપડી નહોતી. તેઓ શિક્ષિત અને સશક્ત હતી. મારી નારીકથા અત્યારે પ્રચલિત નારીવાદથી પ્રેરાયેલી નથી. એ પુરુષવિરોધી નથી. એ નારીની વેદનાની અને વ્યથાની કથા નથી, નારીની વીરતા અને વિદ્વત્તાની કથા છે. આંસુ અને આક્રોશની કથા નથી, આત્મવિશ્વાસ અને આત્મસન્માનની કથા છે. નારીની પીડા અને પરેશાનીની કથા નથી, નારીની પ્રતિભા અને પરાક્રમની કથા છે. એ નારીના ગૌરવ ને સ્વમાનની કથા છે.''

વેદની રોમશા એ વિશ્વની એવી પ્રથમ સ્ત્રી હતી જેણે સ્ત્રી સ્વતંત્રતા માટે અવાજ ઉઠાવ્યો હતો. તે નારી સ્વાતંત્ર્યની ધ્વજધારિણી હતી. સ્ત્રી સ્વાતંત્ર્યની વિભાવના અમેરિકા અને યુરોપ પાસેથી ઉધાર લેવાઈ નથી, આપણે ત્યાં એ વેદકાળમાં પ્રતિબિંબિત હતી. એ જ રીતે વિશ્પલા અને મુદ્‌ગલાની વેદકાલીન વીરાંગનાઓ હતી. વિશ્વવારા વિશ્વની પ્રથમ સ્ત્રીપૂજારી હતી.

'મારી નારીકથાની નારીઓ બિચારી બાપડી નથી, એ તો બાહોશ ને બહાદુર નારીઓ છે. અન્યાય અને અત્યાચારનાં રોદણાં રડતી નારીની કથા મારે કરવી નથી, મારી કથા તો સંકટોનો સામનો કરતી સાહસિક નારીઓની કથા છે.' એવું વેદથી મહાભારતકાળ સુધીની સ્ત્રીઓની સ્થિતિનાં અભ્યાસી ડૉ.ટીના દોશી કહે છે.

પોતાની ત્રિદિવસીય નારીકથાને 'નારીના સમર્પણ, સ્વાભિમાન અને સંકલ્પની કથા' લેખાવતાં ડૉ.ટીના નોંધે છે : 'પ્રાચીનકાળમાં સ્ત્રીઓ વિવિધ કળાઓમાં પારંગત

હતી. રુકિમણી અને સુલોચના અક્ષરજ્ઞાન ધરાવતી હતી. એટલે જ રુકિમણીએ કૃષ્ણને પ્રેમપત્ર લખ્યો હતો. સુલોચનાએ માધવના પ્રેમપત્રનો જવાબ આપ્યો હતો. માધવનો એ પ્રેમપત્ર વિશ્વનો પ્રથમ પ્રેમપત્ર હતો. ચિત્રલેખા ચિત્રકાર હતી. મદાલસા રાજનીતિશાસ્ત્રનું જ્ઞાન ધરાવતી હતી. તેણે પુત્ર અલર્કને રાજધર્મ અને રાજા કેવો હોવો જોઈએ તેનું જ્ઞાન આપ્યું હતું.'

'મારી નારીકથામાં સંવેદના છે, શિક્ષણ છે, સશક્તિકરણ છે, સ્ત્રીઓનું સ્વાભિમાન છે, સાહસ છે, સન્માન છે, સ્વમાન છે. સ્ત્રીની વિવિધ લાગણીઓનું ઈન્દ્રધનુષ છે. સપ્તરંગી સંવેદનાનું એ મેઘધનુષ છે.''

કુંતી,દ્રૌપદી,કૌશલ્યા, સીતા અને અન્ય જાણીતી સ્ત્રીઓના નોખાં વ્યક્તિત્વોને ડૉ.ટીના દોશી ત્રિદિવસીય નારીકથાના માધ્યમથી ઉજાગર કરશે. સીતા માત્ર સહનશીલતાની મૂર્તિ નહોતી, એ તો સામુદ્રિકશાસ્ત્રમાં પારંગત હતી. દ્રૌપદીની ઓળખ એના ચીરહરણ પૂરતી સીમિત નથી, પણ એ ગણિતશાસ્ત્રમાં નિષ્ણાત હતી. એ પાંડવોની ગૃહમંત્રી, નાણાંમંત્રી અને મહેસૂલ મંત્રી હતી. એવું જ બીજી સ્ત્રીઓનું પણ છે. મંદોદરી અસુરકુળની ઈતિહાસવિદ હતી. કૌશલ્યા ઔષધિશાસ્ત્રમાં પારંગત હતી. શૂર્પણખા રાક્ષસકુળની રાજનીતિજ્ઞ હતી.

ડૉ.ટીના દોશી કહે છેઃ ''સ્ત્રી પોતે પોતાના પ્રાચીન ઈતિહાસને જાણે અને એમાંથી પ્રેરણા લે તે મારી નારીકથાનો ઉદ્દેશ્ય છે. આપણી સ્ત્રીઓમાં એક એવી ફેશન થઈ પડી છે કે હંમેશા પોતાને થયેલા અન્યાયના દુઃખડાં રડ્યા કરવાં, અને પહેલેથી જ પોતે અન્યાય અને અત્યાચારનો ભોગ બનતી આવી છે તેનાં ગાણાં ગાવાં. મારે એ કહેવું છે કે સ્ત્રીઓ ક્યારેય અબળા કે બિચારી નહોતી, એનો ઈતિહાસ સાક્ષી છે. સ્ત્રીઓનો આ સાચો ઈતિહાસ મારે નારીકથામાં કહેવો છે.''

## સમન્વયની ૭૦મી રાજ્યગોષ્ઠિ

શિક્ષણ સંવર્ધન અભિયાન - સમન્વય ગુજરાતરાજયની ૭૦મી રાજયગોષ્ઠિ એચ.એમ.પટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ ઈંગ્લિશ, વિદ્યાનગર ખાતે તા. ૨૭-૨૮-૨૯ ડિસેમ્બરના રોજ યોજાઇ ગઇ.

પ્રથમ દિવસે જાણીતા લેખક અને કવિ ડૉ. મણિલાલ હ.પટેલ તથા મનોહરભાઇ ત્રિવેદીએ રાત્રિ બેઠકમાં ઉપસ્થિત રહીને મનુભાઇ પંચોળી ''દર્શક'' સાથેના અનુભવો અને પોતાનાં સ્વરચિત કાવ્યો રજૂ કર્યાં હતાં.

ગોષ્ઠિના બીજા દિવસે પ્રારંભમાં જાણીતા પત્રકાર અને કટાર લેખક ઉર્વીશ કોઠારીએ ''શિક્ષકનું ઉત્તરદાયિત્વ'' વિશે મનનીય પ્રવચન આપ્યું હતું

સ્વ. ભીખાભાઇ સાહેબની સ્મૃતિમાં ''શ્રેષ્ઠ શિક્ષક'' નો એવોર્ડ વિતરણ સમારોહ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલના અધ્યક્ષપણા હેઠળ યોજાયો જેમાં ડૉ.પરેશ પટેલ-બોદાલ, ડૉ. કુલદીપ ઠક્કર-બનાસકાંઠા અને અલકાબેન પટેલ-સુરતને સમન્વય પારિતોષિક, મા સરસ્વતીની પ્રતિમા, સરદાર પટેલનું આલ્બમ અને રોકડ ભેટ અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદમંત્રી પ્રિ.એસ.એમ.પટેલ, સી.વી.એમ.ની શાળાઓનાં સલાહકાર વિનોદિનીબેન પટેલ, સી.વી.એમ.ના માનદ સહમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, સેરલિપના નિયામક ડૉ.હરિ દેસાઇ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

નિવૃત્ત અધિક માહિતી નિયામક ડૉ.દલપત પઢિયારે શિક્ષકની ભૂમિકા વિશે વકતવ્ય આપ્યું હતું. જાણીતી કોલમ ''કેળવણીના કિનારે'' ના લેખક ડૉ.અશોક પટેલે ''શિક્ષણમાં ટેકનોલોજી'' વિશે ખૂબ જ વિસ્તૃત માહિતી ઉદાહરણ સહિત પૂરી પાડી. આવનાર સમયમાં શિક્ષક અને શાળાઓ કેવી હશે તેનો ચિતાર રજૂ કર્યો હતો.

યજમાન એચ.એમ.પટેલ ઇન્સ્ટિટયૂટ ઓફ ઈંગ્લિશના નિયામક ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજાએ ગુજરાતી માધ્યમની શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષણ વિષય પર ગોષ્ઠિના સભ્યો સાથે વાર્તાલાપ કર્યો હતો.સમન્વયના તમામ મિત્રોએ લોકવિજ્ઞાનકેન્દ્ર, સેરલિપ, સરદાર હાઉસ અને સરદાર પટેલ મેમોરિયલ કરમસદની મુલાકાત લીધી હતી.

સમાપન સમારોહમાં ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ. એસ.જી.પટેલે ઉપસ્થિત રહીને સમન્વયના કાર્યક્રમોને શુભેચ્છા પાઠવી હતી. જાણીતા કેળવણીકાર વિપીન પંડયાએ ઉપસ્થિત રહીને સૌને સંબોધિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. જાડેજા સાહેબ, ડૉ. પરેશભાઇ, નીલેશભાઇ, રીતલબેન તથા કિશનભાઇએ ખૂબ જ મહેનત ઉઠાવી હતી.

## ઈશ્વર પેટલીકર વ્યાખ્યાનમાળા




**ચારુતર વિદ્યામંડળપ્રેરિત ઈશ્વર પેટલીકર વ્યાખ્યાનમાળામાં ૨૮મું વ્યાખ્યાન ડૉ. અંબાદાન રોહડિયાએ આપ્યું હતું. અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલ તથા ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલ તથા સંસ્થાના કાર્યકારી આચાર્ય ડૉ. જી.એન. ગઢવી ઉપસ્થિત હતા.**

ચારુતર વિદ્યામંડળ પ્રેરિત ઈશ્વર પેટલીકર વ્યાખ્યાનમાળા અંતર્ગત તા. ૨-૧-૨૦૧૪ના રોજ 'પેટલીકરની નવલકથામાં લોકજીવનના રંગો' વિષય પર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના પ્રોફેસર અને ચારણી સાહિત્યના મર્મજ્ઞ ડૉ. અંબાદાન રોહડિયાનું વ્યાખ્યાન, ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. એસ.એમ. પટેલના અધ્યક્ષસ્થાને તથા ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલની ઉપસ્થિતિમાં યોજાયું. આ પ્રસંગે ચારુતર વિદ્યમંડળના માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ, દાતાશ્રી વાસંતીબેન પટેલ, સેરલિપના નિયામક ડૉ. હરિ દેસાઈ, એચ.એમ. પટેલ ઈંગ્લિશ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રેનિંગ એન્ડ રિસર્ચના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, જાણીતા સર્જક મણિલાલ હ. પટેલ, ભગીરથ બ્રહ્મભટ્ટ અને પારુલટીના દોશી તથા નિરંજન પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આરંભે સંસ્થાના કાર્યકારી આચાર્ય ડૉ. ઘનશ્યામસિંહ ગઢવીએ મહેમાનોનો પરિચય આપી સૌને આવકાર્યા હતા અને વ્યાખ્યાનમાળાની ભૂમિકા પ્રસ્તુત કરી હતી. 'પેટલીકરની નવલકથામાં લોકજીવનના રંગો' વિષય પર વક્તવ્ય આપતાં ડૉ. અંબાદાન રોહડિયાએ કહ્યું હતું કે ઈશ્વર પેટલીકર માનવજીવન અને માનવતાના ઉપાસક હતા. તેમના સાહિત્યમાં માનવતાનો ધબકાર અનુભવાય છે. લોકજીવનના મેઘધનુષીરંગો તેમના કથાસાહિત્યમાં તાદૃશ્ય રીતે ઝિલાયા છે. તેમણે સાહિત્યના માધ્યમ દ્વારા લોક અને શ્લોકને જોડવાનું કામ કર્યું છે, તેથી તેમના સાહિત્યમાંથી ફોરમ માણી શકાય છે. ઉત્તમ સર્જક તરીકે ઈશ્વર પેટલીકર કેવી રીતે ઊભરી આવ્યા તેનો નિર્દેશ કરી તેમની ખૂબ જ જાણીતી કૃતિ 'જનમટીપ' નવલકથાને કેન્દ્રમાં રાખી એમાં નિરૂપાયેલ લોકજીવનના રંગોની વિગતે છણાવટ કરી હતી.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં પ્રિ. એસ.એમ. પટેલે જણાવ્યું હતું કે સાહિત્ય માનવજીવનને પ્રભાવિત કરે છે. સાહિત્યનો શું પ્રભાવ હોય છે તે પેટલીકરના સાહિત્યમાંથી પસાર થતાં પામી શકાય છે. વધુમાં તેમણે વિદ્યાર્થીઓને સંબોધતાં કહ્યું હતું કે જીવન કંઈક કરી બતાવવા માટે ઈશ્વરે આપ્યું છે માટે લાશ જેવું જીવન ન જીવતાં સમાજોપયોગી કાર્ય કરી જીવનને ચેતનવંતુ બનાવવું જોઈએ. તેમણે વક્તાના વક્તવ્યમાંથી અને પેટલીકરના સાહિત્યમાંથી પ્રેરણા લઈ સર્જનાત્મક દૃષ્ટિબિંદુ કેળવવા અનુરોધ કર્યો હતો અને આનંદદાયક વક્તવ્ય અંગે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

આ વ્યાખ્યાનમાળામાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો જોડાયા હતા. આરંભે કુ. જાનકી, પૂર્વીકા અને અનુ સોનીએ સુંદર પ્રાર્થના રજૂ કરી હતી. કાર્યક્રમના આયોજનમાં ગુજરાતી વિભાગનાં અધ્યાપિકા ડૉ. અનીતાબેન સાળુંકેનો સહયોગ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. સિલાસ પટેલિયાએ કર્યું હતું અને આભારદર્શન ડૉ. ગિરીશ ચૌધરીએ કર્યું હતું.




**સીવીએમસંચાલિત એનવીપાસ આયોજિત રાષ્ટ્રીય પરિસંવાદમાં સુવેનિયરનું લોકાર્પણ કરાયું હતું. મંચસ્થ મહાનુભાવોમાં ચારુસેટ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. બી.જી. પટેલ, સીવીએમના માનદ મંત્રી પ્રિ. શનુભાઈ પટેલ અને માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ, આચાર્ય ડૉ. બાસુદેવ બક્ષી, પરિસંવાદનાં સંયોજક ડૉ. રીટાકુમાર અને સહસંયોજક ડૉ. ઉર્વીશ છાયા દૃશ્યમાન છે.**

# અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલનો ઋણસ્વીકાર





પૂ.ભાઈકાકા



પૂ.ભીખાભાઈ સાહેબ



ડૉ.એચ.એમ.પટેલ



ડૉ.સી.એલ.પટેલ

ચરોતરના મહાન સપૂત અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યાઈસભર પ્રેરણાથી પૂ.ભાઈકાકા અને પૂ.ભીખાભાઈ સાહેબે ૧૯૪૫–'૪૬માં ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરની સ્થાપના કરીને સમાજના વિશાળ હિતમાં નવતર શિક્ષણયજ્ઞ આરંભ્યો. નિષ્ઠાવાન સનદી અધિકારી રહેલા ડૉ.એચ.એમ.પટેલ સાહેબે એનું સુપેરે સંવર્ધન કર્યું. ૧૯૯૪થી આદ્યસ્થાપકોએ ચીંધેલા માર્ગે આ શિક્ષણયજ્ઞની જ્યોતને પ્રજ્વલિત રાખતાં શિક્ષણમહર્ષિ ડૉ.સી.એલ.પટેલે ઘરઆંગણે એકવીસમી સદીની માંગને અનુરૂપ અદ્યતન શિક્ષણસંસ્થાઓની સ્થાપનાની સાથે જ ન્યૂ વલ્લભ વિદ્યાનગરના વિશ્વકર્માનું પુણ્યકાર્ય કરતાં આધુનિક શિક્ષણના શિલ્પી તરીકે વિનમ્રભાવે યોગદાન કર્યું.

સમગ્ર દેશમાં સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યો અંગે સંશોધન માટેની સૌપ્રથમ સંસ્થા **'સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રિસર્ચ ઓન લાઈફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ (સેરલિપ)** રૂા. ૭ કરોડના ખર્ચે સ્થાપવાનું બીડું ડૉ.સી.એલ.પટેલના નેતૃત્વમાં ચારુતર વિદ્યામંડળે ઝડપ્યું. આ સંસ્થામાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં સરદાર સાહેબ વિશે સંશોધનકાર્ય કરવા ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના વિદ્વાનોને આ કામમાં જોડવાનું આયોજન કરવામાં આવ્યું છે. હવે સરદાર પટેલ ભણીના ઋણસ્વીકારના આ પડકારને પહોંચી વળવાની નૈતિક જવાબદારી સમગ્ર ચરોતર પ્રદેશ સહિતના દેશ–વિદેશવાસી ભારતીયોની છે. સરદાર પટેલ અંગેના સંશોધન કાર્યને વેગ આપવા માટે જે સરદારપ્રેમીઓ આર્થિક સહયોગ આપવા ઈચ્છુક હોય તેમને ચારુતર વિદ્યામંડળનો સંપર્ક કરવા જણાવાયુંછે. સંસ્થા ૮૦–જીનું પ્રમાણપત્ર ધરાવે છે. સહયોગ પ્રદાન કરવા ઈચ્છુકોને "CHARUTAR VIDYA MANDAL"ના નામનો A/c Payee's ચેક/ડ્રાફ્ટ પાઠવવા અનુરોધ છે. અમેરિકાનિવાસી સહયોગઈચ્છુકો માટે સંપર્ક : Education and Health USA International Inc. Windsor Ridge DR, IRVING TX 75038. Bank Name: Chase Bank, JPMorgan Chase bank, N.A.P O Box 260180, Baton Rouge, LA 70826-0180, Account No.: 720072370, Routing No.:111000614, Contact Name: Kirit Patel, Tel No. 817-423-3301 (Home), 817-994-5610, 817-793-2106 (Cell)


## ચારુતર વિદ્યામંડળ

પો.બોક્સ નં.૨૨, વલ્લભ વિદ્યાનગર– ૩૮૮૧૨૦ જિ.આણંદ
ફોન. (૦૨૬૯૨) ૨૩૦૪૦૦ ફેક્સ : (૦૨૬૯૨) ૨૩૬૪૯૩
વેબ : www.ecvm.net ઈમેઈલ : cvmandal@hotmail.com

## : સૂચના :

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક / આજીવન રૂબરૂમાં – મની ઑર્ડરથી – બેન્ક ડ્રાફ્ટ – ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ ‘ચારુતર વિદ્યામંડળ’ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

**ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા (૯૩૭૫૦૩૧૪૦૨), ડૉ. હરિ દેસાઈ (૯૮૯૮૫૪૩૮૮૧),**
**સેરલિપ, ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ.**
**ફોનઃ (૦૨૬૯૨) ૨૩૩૧૯૧, ૨૩૫૭૭૭, ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com**

**લવાજમઃ** વાર્ષિકઃ ₹ ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦/-
આજીવનઃ ₹ ૧૫૦૦/-
વિદેશમાં ૨૫ $ અથવા ૧૫ £; આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £
છૂટક નકલની કિંમતઃ ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦/-




ચારુતર વિદ્યામંડળસંચાલિત વૅમેડ કૉલેજ ઑફ ઍજ્યુકેશનના લંડનસ્થિત દાતા પરિવારના ડૉ. ભીખુભાઈ પટેલના મુખ્ય અતિથિપદે અને સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલના અધ્યક્ષસ્થાને વૅમેડમાં યોજાયેલા સમારંભમાં મંચસ્થ મહાનુભાવોમાં સીવીએમના માનદમંત્રી પ્રિ. શનુભાઈ પટેલ, માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલ અને આચાર્ય ડૉ. સુલભા નટરાજ હતાં.



ગુજરાતભરના શિક્ષકોની એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈંગ્લિશઆયોજિત ગોષ્ઠીમાં ચારુતર વિદ્યામંડળપ્રેરિત ભીખાભાઈ સાહેબ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ અર્પીને ડૉ. પરેશ પટેલ અને અન્ય બે શિક્ષકોનું સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલને હસ્તે સન્માન કરાયું હતું. સમન્વયગોષ્ઠીને સંબોધતા એચ.એમ. પટેલ ઈન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા. મંચસ્થ મહાનુભાવોમાં સમન્વયના સંયોજક પ્રિ. નર્મદ ત્રિવેદી, સીવીએમના માનદ મંત્રી પ્રિ. શનુભાઈ પટેલ તથા પૂ. ભીખાભાઈ સાહેબનાં પૌત્રી શ્રીમતી વિનોદિનીબહેન ભૂપેન્દ્રભાઈ પટેલનો સમાવેશ હતો.

V-Vidyanagar 16 (2) February 2014 Postal Regd.No.AND/318/2012-14
Published on Saturday, 25-1-2014 No.of Pages 48 including cover RNI Regd.No.Guj/2009-11/5433
ISSN 0976 - 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

# VASANTOTSAV



Editors: Dr. Rajendrasinh Jadeja, Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001.
Printed, Published and owned by: Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidyamandal and Published at Vallabh Vidyanagar 388 120., Gujarat